
નિમેષ (સ્કેચ · હુકાનીસ: રેકાઈ)





કુમાર

૫૪૨

આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ
તંત્રી · બ. રાવત
વર્ષ ૪૬ અંક ૨ · ફેબ્રુઆરી ૧૯૬૯








કાયાની કરામત-૧૯

કંઠનળી અને અવાજ

બોલતી વખતે પેટની દીવાલ તંગ બની ઉદરપટલ જરા ઊંચો થઈ છાતી પર દબાણ કરે છે (જમણી બાજુ ઉપરની આકૃતિ) તેથી એમાંની હવા શ્વાસનળીમાં ધકેલાઈ કંઠનળીમાં થઈને મોં વાટે બહાર નીકળે છે. આ વખતે કંઠનળીમાંના સ્વરતંતુઓમાં ધ્રુજારી પેદા થવાથી એ નીકળતી હવામાં આંદોલનો પેદા થાય છે અને તે આપણે અવાજ રૂપે સાંભળીએ છીએ. હવાના આ પ્રવાહનો તાળવું, જીભ, દાંત કે હોઠની સ્થિતિ અનુસાર ગતિભંગ થવાથી શબ્દોચ્ચાર થાય છે. **કંઠનળી** (Larynx) એ અવાજનો અવયવ છે શ્વાસનળીની ઉપર આવેલી કંઠનળી ચાર કૂર્ચાઓ—કોમલાસ્થિ-જોડાઈને બનેલી ત્રિકોણાકાર પેટી જેવી છે. કૂર્ચા (જુઓ આકૃતિ)માંનો કંઠકૂર્ચો આપણને હૈડિયા રૂપે દેખાય છે. આ કૂર્ચાઓ સાથે અતિ સ્થિતિસ્થાપક **સ્વરતંતુઓ** (Vocal cords) જોડાએલા છે. ઉપરથી જોતાં એ નીચેની આકૃતિઓ મુજબ દેખાય છે. એમની વચ્ચેની ખાલી જગ્યા તે **સ્વરદ્વાર** (Glottis). સ્વરતંતુઓ ૧૭૦ પ્રકારની સ્થિતિમાં તંગ—ઢીલા થઈ શકે છે. એક સેકંડમાં ૮૦ વારથી માંડી તંગ સ્થિતિમાં એ ૧૦૦૦ વખત ધ્રૂજી શકે છે.

જુદાજુદા પ્રકારના સ્વર કાઢતી વેળા કે વિવિધ શ્વાસોચ્છ્વાસ વખતે આપણી કંઠનળી તથા સ્વરદ્વાર કેવાં દેખાય છે તે નીચેની આકૃતિઓમાં દર્શાવ્યું છે. જેમ કે ઊંચો સ્વર કાઢતી વખતે આપણા ગળામાંનું સ્વરદ્વાર તદ્દન સાંકડું (પહેલી આકૃતિ) થઈને ઊભા ચીરા જેવું બની જાય છે. વચ્ચેની આકૃતિમાં નિરાંતે શ્વાસોચ્છ્વાસ લેતી વેળાની સ્વરદ્વારની સ્થિતિ, તથા છેલ્લે ઝડપી અને ઊંડા શ્વાસોચ્છ્વાસ વેળાની એની સ્થિતિ દર્શાવી છે. પુરુષના સ્વરતંતુઓ ૭/૧૦ ઈંચ અને સ્ત્રીના ૧/૨ જેટલા લાંબા હોય છે.






तयोरुपान्तस्थितसिद्धसैनिकं गरुत्मदाशीविषभीमदर्शनैः।
बभूव युद्धं तुमुलं जयैषिणोरधोमुखैरूर्ध्वमुखैश्च पत्रिभिः॥
રઘુવંશમ્ : સર્ગ ૩, શ્લોક ૫૭

વિશ્વજિત યજ્ઞ-પ્રસંગે
રઘુ ઇન્દ્રયુદ્ધ
કલાકાર : વાસુદેવ સ્માર્ત
કાલિદાસ-જયંતી પ્રદર્શનમાં રજૂ થએલું ચિત્ર



જલસૌન્દર્ય
તળાવતીરે
કલાકાર · પી. એ. ધોંડ
(ઑલ ઇંડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)



કુકુભ રાગિણી (૧૭મી સદીનું એક સુંદર રાગચિત્ર)

કુકુભ-બિલાવલ તરીકે પણ ઓળખાતી આ રાગિણી વૈષ્ણવ મંદિરોમાં પ્રાતઃકાળે ઈશ્વર-સ્તુતિમાં ગવાય છે. બહુધા એમાં પ્રતીક્ષાનો ભાવ મુખ્યત્વે જોવા મળે છે. કલાકારે એ ભાવ પકડી લઈને પ્રભાતના પહોરમાં જ પોતાના પ્રિયતમની છબિ ચીતરવા બેસી ગએલી પ્રતીક્ષાતુર નાયિકાને આલેખી છે. (બ્લૉકો : 'સમર્પણ'ના સૌજન્યથી)

ડુંગરા / ઉશનસ્

• ગાન •

કે ડુંગરા હજી યે એના એ જ, અસલના આદિવાસી રે લોલ,
કે ડુંગરા બદલાયા ના સ્હેજ, કે વંનના એકલ-નિવાસી રે લોલ.
કે ડુંગરાએ, ક્હે છે કે, શહેર નથી દીઠું, કે ગાડીએ બેઠા નથી રે લોલ,
કે ડુંગરાને ભલું તે મહુડાનું પીઠું, કે વાડીએ પેઠા નથી રે લોલ.
કે ડુંગરા—ક્હે છે કે—કોકવાર રાતે કે સીમ લગી ઢૂંકતા રે લોલ,
કે ડુંગરા જોયા છે કોઈ દી' પ્રભાતે, કે પગલાં મૂકી જતા રે લોલ.
કે ડુંગરા ઊઠે છે રાતના પ્હોરે, કે ઘૂડની પાંખો ફૂટે રે લોલ,
કે ડુંગરા અઘોરી આખો દી' ઘોરે, ને રાતના મોડા ઊઠે રે લોલ.
કે ડુંગરા કોક દી' સાવજને વેશે, દીઠા મેં નદી પી જતા રે લોલ,
કે ડુંગરા દવમાં દાઝતા કેશે કે દીપડા દીપતા રે લોલ.
કે ડુંગરા કઠિયારા યે કાંધે, કે વગડે ટચકા કરે રે લોલ,
કે ડુંગરા સાંજના ભારોડો બાંધે ને કેડીઉં ઊતરે રે લોલ.
કે ડુંગરા કોક વાર ધ્રૂજે છે ઘેલા, ધણેણતા ધરતી બધી રે લોલ,
કે ડુંગરા કોક વાર ભરતા મેળા, કે માથેથી તળિયા સુધી રે લોલ.
કે ડુંગરા આજે ય એકલું પ્હેરે લંગોટડીનું ચીંથરું રે લોલ,
કે ડુંગરા મળતા સાંકડી નેળે કે કામઠું ખંભે ધર્યું રે લોલ.
કે ડુંગરા ભડકે છે શહેરથી નાસી, કે સીમથી પાછા વળે રે લોલ,
કે ડુંગરા અસલના આદિવાસી કે મંતની વાટે મળે રે લોલ.

આરસના મોર / રમેશ પારેખ

• ગાન •

ચોમાસું ચીતરે માળો ઘનઘોર
વંન હઈએ તો એવું કલ્લોલીએ...
અમે આરસના મોર કેમ બોલીએ?

પાંદડાંમાં સૂસવતો લીલોછમ થડકારો
ખખડાવે ભીડ્યાં કમાડને,
જાળીએ બેસીને અમે ઓગળતો ભાળીએ,
મીણ જેમ આઘેરા પ્હાડને;
વલવલતા ઓરડાની ડાળ અમે ઓરડો પાડ્યો:
કમાડ કેમ ખોલીએ?—અમે૦

ઢોળ્યા ઢોળાય નહિ ટોડલા
ને ધૂઘવતું ખોબે બંધાઈ રહે પાણી,
નભમાંથી ધોધમાર વરસે
ને વાત રહે નેવાંથી કેટલી અજાણી?
તરણાની જેમ અમે હળવાં ફૂલ હઈએ તો—
વીંઝાતા વાયરામાં ડોલીએ—અમે૦

પરોઢ / માધવ રામાનુજ

• કટાવ •

વલોણે અંધારાના
વલોવાઈ મધરાત ઉતારે
પરોઢિયાનો પિંડ.

સીમાડો પ્રભાતિયાં લલકારે;
ચંટી ઊંઘ દળે.
એ પળ વચ્ચે દાબ્યા બોઘરણે
મરક મરક દાડમડી કેરાં ફૂલ.

ધૂધની પ્રથમ શેડના રણકે
જાગે સવારના પારણિયે
સૂતો સૂરજ.

ઈંઢોણીના મોર
સૂંઘતા વેણી કેરાં ફૂલ.
થનગને પાની સાથે પંથ.

ભમરિયો પાવઠડે ડોકાઈ
જોઈ રે' વહી આવતું રૂપ.

અટકે મારગડે સિંચણિયું,
પાણી આકુળવ્યાકુળ.

આંખ બની અસવાર નજરનો
કેસરિયાને દેશ જતી
કેડી ઉપર રેવાલ.

ડાબલે હૈયાના ધબકાર સાંભળી
શરમ શરમમાં
અમિયલ તડકો
કુંવારાં વાદળ ઓથે સંતાય.

વગડો / વીરુ પુરોહિત

• ગાન •

ખેતરની લીલાશ લઇને ઝાકળ જ્યાં ઠલવાતી,
વહી જતી ત્યાં દૃષ્ટિ નભની પર્ણોમાં અટવાતી.

પવન ઢોળતા લઈ વીંઝણો લીલા ઊગ્યા થોર,
વડવાઇને ટેકે ઊંઘે વગડાની બપ્પોર,
સપનાંનો અજવાસ લઇને વાદળીઓ પછડાતી—વહી૦

લઈ પોટલીમાં ગાયોની ખરીઓના અવાજ,
કાંટાળી વાડેથી પેસી ડુંગર પરની સાંજ,
ઢેફે ઢેફે 'ને કણકણમાં જ્યાં ને ત્યાં છવરાતી—વહી૦

દીવડા · ગઝલ · ગાફિલ

પ્રગટાવે કોણ દૂર સિતારાના દીવડા?
દિલને જલાવે ગેબી કિનારાના દીવડા.

જલતાં જલ્યો છે જીવ, એ ઠરતાં તો મોત છે;
કોઈ બતાવી દો એ તિખારાના દીવડા.

જુલ્મી પવનને ક્હેવું શું? ફૂંકાય જોરથી;
એને રહે ન યાદ, અમે ગારાના દીવડા.

રોશન કરે તો શું કરે ને કેટલું કરે?
આંખો છે દીવડા, પણ એ કારાના દીવડા.

ગાફિલ, તમારે બારે મહિના દીપોત્સવી;
જ્યાં જ્યાં જુઓ ત્યાં એના ઈશારાના દીવડા.

(હાઈકુ · સવૈયા)

ઝાકળ પર્ણે
પર્ણે ઝળકે; સૂર્ય
વઢ્યો શું ટોળે?

રક્ષાબહેન પ્ર. દવે

સહસ્ર નામ

ઈશ્વરને માણસે ભારે અન્યાય કર્યો છે. પોતાનું ચાલે ત્યાં સુધી માણસ પોતાની મેળે જ કામ ચલાવે છે. ઈશ્વરની મદદ માગતો નથી, યાદ પણ કરતો નથી. પણ વાત પોતાના હાથની બહાર જાય ત્યારે એ દોટ મૂકે છે, શરણે જાય છે, આજીજી કરે છે. તાત્કાલિક ભક્તિ. ખપ પૂરતો સંબંધ. બજારુ ધર્મ. માણસે ઈશ્વરને પોતાની સગવડનું સાધન બનાવ્યો છે, ધર્મને એક જાતનું 'ફરિયાદ ખાતું' સમજીને અપનાવ્યો છે. પોતાની શક્તિથી જે ન મેળવી શકે તે માટે ભગવાનને હાક મારે, દુઃખ અસહ્ય થાય ત્યારે ઈશ્વરેચ્છાનો મંત્ર ભણીને આશ્વાસન મેળવે; એટલે કે પોતે લાચાર હોય ત્યારે જ એ ધર્મનો ઉપયોગ કરે. માણસની નિર્બળતા જ માણસને ધર્મ તરફ વાળતી હોય એમ લાગે છે અને એ તો ધર્મનું ભારેમાં ભારે અપમાન કહેવાય.

જો ધર્મનો આધાર માણસની નિર્બળતા પર હોય તો માણસની શક્તિ વધે તેમ ધર્મની જરૂર ઓછી રહેશે. આદિ માનવ માટે ઘણા ભય હતા. કુદરત આગળ તે નિરુપાય હતો માટે એ તેને પૂજતો. વીજળી પડે તો એમાં દેવોનું વજ્ર જુએ. આજે પરિસ્થિતિ બદલાઈ છે. આધુનિક માનવી કુદરતને પલોટતાં શીખ્યો છે. વીજળી પડવાનો સંભવ હોય ત્યાં વીજળી-દંડ ઊભો કરે છે. હવે એ કુદરતની પૂજા કરતો નથી. બળિયાનો રોગચાળો ફાટી નીકળે ત્યારે એ દેવીની બાધા રાખતો નથી, શીતળા ટંકાવે છે. લાંબી સફરે ઊપડવાનો હોય તો મુહૂર્ત જોતો નથી, વીમો ઉતરાવે છે. આમ, માણસની જેમ શક્તિ વધી છે તેમ ધર્મનું ક્ષેત્ર ઓછું થયું છે. કુદરતનાં રહસ્યો માણસ ઠીકઠીક જાણતો થયો છે. કુદરતનાં બળ પર કાબૂ મેળવવામાં ઠીકઠીક સફળ થયો છે. બધું હાથમાં આવ્યું હોઈ હવે બીજાની પાસે જવાની જરૂર રહી નથી. હા, થોડા કનડતા પ્રશ્નો હજી રહે છે: મૃત્યુ છે, ને આફતો છે, ને ન સમજાય પણ ફરીફરી અનુભવાય એવી હૃદયની શૂન્યતા છે. પણ એનો યે નિકાલ કાળે કરીને થશે એવી આશા બાંધી શકાય. અને ત્યારે આખો ખેલ માણસના હાથમાં આવશે. પ્રાચીન કાળમાં માણસો ભગવાનના માનમાં ભવ્ય મંદિરો બાંધતા, આજે નાનાં સાદાં દેરાં બાંધે છે. વાત સૂચક છે. ભૂતકાળમાં માણસના જીવનમાં ધર્મનું સ્થાન મહત્વનું હતું. આજે થોડું છે. અને કાલે...?

ધર્મને કેવળ નિર્બળતાનો ઉપાય સમજવાથી આ અનિષ્ટ પરિણામ આવ્યું છે. પણ એ સાચો ધર્મ નથી. સાચો ધર્મ ભિખારીની ભીખ નથી, ધનવાનનું ધન છે. દુઃખ ભુલાવવાનો કેફ નથી, દુઃખ પચાવવાની હિંમત છે. બાયલાનું આશ્વાસન નથી, શૂરવીરનું શૂર છે. સાચો ધર્મ એ ગરજમાં માગેલી પારકી મદદ નથી, દિલમાં અનુભવેલી નિત્ય-શક્તિ છે. ઈશ્વર એ પાઠમાં સમજણ ન પડે ત્યારે જેની પાસે જઈને ખુલાસો મગાય એવો શિક્ષક નથી, પણ જેને લીધે હું જે જે સમજું છું તે સમજું છું, ને જોઉં છું, ને જીવું છું એ અંતરતમ ચેતના છે. એ મારી નિર્બળતાની લાકડી નથી, મારી શક્તિનું સ્ફુરણ છે. મારું ન ચાલે ત્યારે જેની સહાય લેવી પડે એ નથી, પણ મારું જે કૈં ચાલે છે તે જેને લઈને ચાલે છે તે છે. પ્રાસંગિક મદદગાર નહિ, કાયમનો પ્રાણ છે. સગવડનું સાધન નહિ, જીવનનું હાર્દ છે. મહેમાન નહિ, અંતર્યામી છે.

નાનપણમાં છોકરાને કહીએ છીએ ખરા કે ભગવાન ઉપર બેઠો છે; ખોટું કરીએ તો સજા કરે, સારું કરીએ તો ઈનામ આપે; અરજી કરીએ તો વરદાન આપે. એ રીતે છોકરાના મનમાં ધર્મના પહેલા સંસ્કારો પડે. અને એ યોગ્ય પણ છે. પરંતુ છોકરો મોટો થાય, માણસ થાય, સ્વતંત્ર વિચાર કરતો થાય ત્યારે ધર્મનું આ માળખું એને હાસ્યાસ્પદ લાગે છે ને એ તે છોડી દે છે. સ્વાભાવિક છે. જેમ આદિ માનવનું પ્રાકૃત વલણ આજનો સંસ્કારી માનવી છોડે છે તેમ નાના છોકરાની કલ્પનાઓ પુખ્ત વયનો આદમી છોડે છે. પ્રશ્ન એ છે કે આ આધુનિક માણસને ને આ મોટા થએલા છોકરાને ધર્મનો અર્થ ને ઈશ્વરના ગુણ કેવી રીતે સમજાવીએ કે જેથી એ તે અપનાવીને એમાં જ એ પોતાના જીવનની સાર્થકતા જોઈ શકે.

જગવિખ્યાત માનસશાસ્ત્રી ઑલ્પોર્ટ લખે છે: 'જે માણસ ધર્મમાં પોતાના સ્વાર્થનું સાધન જુએ, પોતાની જરૂરિયાતો પૂરી પાડનાર યંત્ર જુએ, પોતાના સાચા પ્રશ્નો ઢાંકવા માટેનું આવરણ જુએ, પોતાનું દુઃખ ઉતારવા ઔષધ જુએ–તે ધર્મને (અને પોતાની જાતને) અન્યાય કરે છે. એનો એ 'ધર્મ' વહેલો મોડો છૂટી જશે. પણ ધર્મમાં જે સાધન નહિ પણ સાધ્ય જુએ, નિરપેક્ષ લક્ષ્ય જુએ, સાધનાનો વિષય જુએ, તે પોતાના સમગ્ર જીવનમાં એકતા લાવે, વિશ્વનું સ્પષ્ટ દર્શન મેળવે, ને દુનિયાની સૌથી પ્રબળ પ્રેરણા ને શક્તિ અનુભવે.'

સાધન નહિ પણ સાધ્ય.
લોભ નહિ પણ બલિદાન.
સ્વાર્થ નહિ પણ શરણાગતિ.
સલામતી નહિ પણ સાહસ.

ધર્મ એ સગવડનો વિષય નથી, પડકારનો વિષય છે. એ માણસને સુખની પથારીમાં નહિ, શરશય્યા પર સુવાડે છે. એને આરામ નહિ, કષ્ટ આપે છે. મફત વરદાનો આપતો નથી, ઊલટી સાધના કરાવે છે: એ બહારથી નિયમ લાદીને નહિ, પણ અંદરથી પ્રેરણા આપીને.

ભગવાન પણ કોઈ પારકી વ્યક્તિ નથી; એ માનવીનું સત્ત્વ, ચૈતન્યનો સ્રોત, પ્રાણનો પ્રાણ છે. એનાં દર્શન પામવા 'ઉપર' ને 'બહાર' જોવાનું નહિ, 'અંદર' ને 'ઊંડે' જોવાનું છે. એનો પ્રસાદ લેવા હાથ લાંબો કરવાનો નહિ, હૃદય ખોલવાનું છે. એનો આશીર્વાદ મેળવવા સાદ પાડવાનો નહિ, મૌન રાખવાનું છે. એનું સાંનિધ્ય અનુભવવા દૂર જવાનું નહિ, ઘેર જ રહેવાનું છે. એનું સ્વરૂપ પામવા ઓગળી જવાનું નહિ, પોતે જ થવાનું છે.

દુષ્કર્મની સજા મળે ને સદાચરણનો સંતોષ થાય એ પણ કોઈ શિક્ષક સોટી લઈને આવે ને ચલાવે એ રીતે નહિ, પણ પોતાના મનની પ્રકૃતિ વિરુદ્ધ પોતે એનો ઉપયોગ કર્યો તેથી એ સમસમી ઊઠે, અથવા પોતાના હૃદયના 'ધર્મ' પ્રમાણે પોતે અણીને વખતે વર્ત્યો હતો તેની એ કૃતાર્થતા અનુભવે એ રીતે. ધર્મ અંતરમાંથી સ્ફુરે. ભગવાન ગર્ભદ્વારમાં બિરાજે.

એક સાચા દર્શકે એટલે સુધી કહ્યું છે કે 'જે માણસ જીવનમાં કંઈ નહિ તો અમુક કામ તો દિલ લગાડીને કરે તેને નાસ્તિક કહી ન શકાય.' જેના જીવનમાં કોઈ આધારસ્તંભ હોય, કોઈ આદર્શ હોય, કોઈ આકાંક્ષા હોય; જે એની પ્રેરણા લઈને દિલથી કામ કરે, એના વિચારથી જીવનનો શ્રમ ઉઠાવવા શક્તિ મેળવે, હૂંફ અનુભવે, જિંદગીનો અર્થ બેસાડે એ માણસ આસ્તિક છે, ભક્ત છે. એનો ધર્મ સાચો; એની શ્રદ્ધા શુદ્ધ. બોલવાની રીત જુદી, વિધિ જુદા, કર્મકાંડ બીજી જાતનું. પણ અસલ ભાવના એની એ જ. નામરૂપનો સવાલ છે, પરિભાષાનો સવાલ છે, દૃષ્ટિબિંદુનો સવાલ છે. આપણે ધર્મનો મર્મ પકડી રાખીએ એ જ જોવાનું છે.

ભગવાનનાં સહસ્ર નામ હોય છે. એમાંથી દરેક યુગને અને એમાં દરેક જૂથને ને દરેક વ્યક્તિને ને દરેક અવસ્થાને જે વધુ અનુકૂળ આવે એનો જપ કરવામાં મુક્તિનું વરદાન છે.

પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર

બારમે વર્ષે તો એ બંને આંખો ખોઈ બેઠા, ને શાળાનો અભ્યાસ પણ ત્યાં જ પૂરો થયો. એમના હરિકીર્તનકાર કુટુંબના વડીલોએ સ્વાભાવિકરીતે જ એમને સંગીત શીખવવાનો માર્ગ લીધો. તે પછી લગભગ ૧૨ વર્ષ સુધી એમણે મીરજમાં પં. બાલકૃષ્ણ બુવા ઈચલકરંજીકર જેવા મહાન ગુરુને ત્યાં રહી ખૂબ ખંત અને ચીવટથી સંગીતકલાનો અભ્યાસ કર્યો અને ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી ગામેગામ ફરવા લાગ્યા. (જુઓ પાછળના પાના પરનું ચોકઠું)

આજથી લગભગ ૬૦–૭૦ વર્ષ પહેલાંનો એ જમાનો. કલા, ધર્મ અને સંસ્કૃતિનાં મૂલ્યો પ્રત્યે સૈકાઓથી રૂઢ થએલી માનસિક જડતા ખંખેરી નાખવા તત્પર એવા નવોત્થાનનો એ યુગ. સંગીત પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને સત્ત્વશીલ કલાપ્રેમથી ઊભરાતા યુવાન વિષ્ણુ દિગંબરજીએ સંગીત અને સંગીતકારો પ્રત્યે ભદ્ર સમાજમાં લાપરવાહી—ક્યાંક તિરસ્કાર પણ અનુભવ્યાં; આજીવિકાના સાધન તરીકે કલાનો પ્રયોગ કરતા કલાકારને પણ પોતાની કલાની વિડંબના કરતા જોયા; ગાયકો હલકી કોટિના ગણાઈ તેમનું અપમાન થતું જોયું;—ને એમનું હૃદય કકળી ઊઠયું: 'જ્યાં સુધી ગૃહસ્થ કુટુંબોમાં સંગીતનો પ્રચાર નહિ થાય ત્યાં સુધી હું જંપીશ નહિ.'

આ પ્રતિજ્ઞા એમણે અણીશુદ્ધ પાળી. જીવનભર તેઓ સંગીતના પ્રચાર અને કલાના ઉત્કર્ષ માટે ઝઝૂમ્યા અને તે ચરિતાર્થ કરવાના પ્રથમ સોપાન તરીકે એમણે સારા કુટુંબનાં બાળકો સંગીત શીખી શકે એવી સંગીતશાળા શરૂ કરવાનો નિરધાર કર્યો. ચોમેર નિરુત્સાહનું વાતાવરણ હોવા છતાં ઈ. ૧૯૦૧માં લાહોરમાં 'ગાંધર્વ મહાવિદ્યાલય' સ્થાપ્યું. દિવસો સુધી એક પણ વિદ્યાર્થી આવ્યો નહિ, છતાં નાસીપાસ થયા નહિ. પણ પછી સારી સંખ્યા થઈ ગઈ. આ દેશના સંગીતશિક્ષણના ઈતિહાસમાં આ પ્રકારની આ બીજી ઘટના હતી: ૧૮૮૬માં વડોદરામાં ખાંસાહેબ મૌલાબક્ષે સૌપ્રથમ ગાયનશાળા શરૂ કરેલી.

પણ એ હજી વધારે વિશાળ ને અનુકૂળ ક્ષેત્ર શોધાતા હતા. એવામાં મુંબાઈનું તેમને આકર્ષણ થયું ને ૧૯૦૮માં ત્યાં ગાંધર્વ મહાવિદ્યાલયની સ્થાપના કરીને સંગીતના શિક્ષણપ્રચાર માટે ભગીરથ કાર્યો હાથ ધર્યાં. મુંબાઈના મહાવિદ્યાલયને મુખ્ય કેન્દ્ર બનાવીને લાહોર તથા નાગપુરનાં કેન્દ્રોને શાખાઓ તરીકે સાંકળી લીધી.

જનસમાજમાં સંગીતના પ્રચારનું ધ્યેય રાખવું એ બહુ ભારે વાત ન હતી, પણ એ ધ્યેયને વ્યવહારમાં પરિણત કરવામાં મોટી સમસ્યાઓ રહેલી હતી. ભારતીય રાગદારી સંગીતમાં પરંપરાગત ગવાતી આવતી ચીજો અતિ સામાન્ય કોટિની અને કેટલી યે ઉચ્છૃંખલ શૃંગારભાવથી ભરેલી હોઈ શરૂઆત કરતાં ભાઈ-બહેનો માટે યોગ્ય ન લાગી. એટલે એમણે સૂરદાસ, તુલસીદાસ, નારાયણસ્વામી ઈત્યાદિ સંતકવિઓનાં પદો તરફ નજર દોડાવી. બીજી સમસ્યા હતી સંગીતના સ્વરોને લિપિ આપવાની, જેથી એનું પરંપરાગત સ્વરૂપ યથાતથ લિપિબદ્ધ થાય, શિક્ષકોને પણ પદોની બંદીશ નિત નવી ન કરવી પડે અને શીખનાર તથા શીખવનારને એક મોટું સાધન પ્રાપ્ત થાય મીંડ–ગમકયુક્ત હિન્દુસ્તાની સંગીતને, તેના અસલ સ્વરૂપને વફાદાર રહીને સ્વરલિપિબદ્ધ કરવું એ ભારે કપરું હતું. પણ પંડિતજીએ ઘણી મહેનત ને વિચારને અંતે મૌલિક સ્વરાંકન (નોટેશન) પદ્ધતિ ઘડી ને નવ શિક્ષિતો માટે સરળ ઢાળો સર્જીને તેને તથા પરંપરાગત તેમજ શાસ્ત્રીય સંગીતનાં સંકુલ આલાપતાન તથા મીંડ-ગમકને પણ લિપિબદ્ધ કર્યાં.

અથાગ પરિશ્રમ લઇને અનેક પદો તથા પ્રતિષ્ઠિત રાગદારી ચીજોના તેમણે કરેલા આ સ્વરલેખનના પ્રચાર માટે એમણે હવે ક્રમ વાર



અડગ ધ્યેયનિષ્ઠા અને સત્ત્વશુદ્ધિ, વિદ્વત્તા અને પ્રચારકુશળતા તથા સર્જકતા અને શિષ્ય પરંપરા દ્વારા ભારતીય સંગીતને જેમણે જનસામાન્ય સુધી પહોંચાડયું.

લેખક- **રમણલાલ મહેતા**

પુસ્તિકાઓ તૈયાર કરી અને તેને માટે ખાસ છાપખાનાનું પણ આયોજન કર્યું. આ પુસ્તકો એમની પાસે તૈયાર થએલા શિષ્યોને પોતાના વર્ગો ચલાવવામાં એટલાં તો સહાયભૂત થઈ પડયાં અને તે એટલાં તો લોકપ્રિય થયાં કે કેટલાંકની તો આઠઆઠ આવૃત્તિઓ થઈ.

એમના એ વિપુલ સંગીત-સાહિત્યનો પરિચય કરી લેવા જેવો છે. બાળકો તથા કિશોરોમાં સંગીતનો સાચો પાયો નાખવા તેમણે 'બાલોદય સંગીત' નામની પુસ્તિકા હિંદી તથા મરાઠી એમ બે ભાષામાં પ્રગટ કરી. વળી સંસ્કારસિંચનનું કામ મુખ્યત્વે માતાઓ જ કરતી રહી છે, એટલે મહિલાઓમાં સંગીતનો પ્રચાર કરવાના આશયથી 'મહિલાસંગીત' નામની પુસ્તિકા પણ પ્રગટ કરી.

તે પછી 'સંગીત બાલપ્રકાશ' તથા 'હારમોનિયમ પ્રકાશ'ના ચાર ભાગ હિંદી તથા ઉર્દૂમાં પ્રગટ કર્યા. એનો તો એટલો પ્રચાર થયો કે ત્રણથી માંડી કોઈકની તો આઠ આવૃત્તિ થઈ. ૪૦ થી ૫૦ પાનાંની આ નાની પુસ્તિકાઓમાં રત્નદાસ, તુલસીદાસ, મીરાં, નરસિંહ, નાનક ઈત્યાદિનાં પદો ભૈરવ, ઝિંઝોટી, ખમાજ, ભૂપાલી, બિહાગ, આશાવરી, દેશ, ગારા, કાલિંગડા જેવા સરળ રાગોમાં સ્વરો સહિત આપ્યાં છે. ચોથા ભાગમાં તો ત્રણ ભજનો આલાપ-તાનના વિસ્તાર સહિત આપ્યાં છે જેથી વિદ્યાર્થીને પદોની સાથે સંગીતનો તથા સ્વરના વર્તાવનો વધારે પરિચય થાય.

'સંગીત બાલોદય'થી આગળ લઈ જવા માટે 'સંગીત બાલબોધ'ના ભાગ પ્રસિદ્ધ કર્યા. અને સંગીતમાં આટલો પ્રવેશ પામી ચૂકયા હોય તેમને પછી સંગીતના સ્વરોમાં રમતા કરવા 'અંકિત અલંકાર' તથા 'સ્વલ્પાલાપ ગાયન' નામનાં પુસ્તકો પ્રગટ કર્યાં, જેમાં સરળ અલંકારોના પરિચય પછી 'સંગીત બાલપ્રકાશ'માં આપેલાં કેટલાંક પદો આલાપ-તાન સહિત કેવી રીતે ગાઈ શકાય તેનું સ્વરાંકન કર્યું છે.

પં. વિષ્ણુ દિગંબર પલુસકર

મહારાષ્ટ્રના કુરુંદવાડ સંસ્થાનમાં ઈ. સ. ૧૮૭૨માં શ્રાવણ સુદ પૂનમે જન્મ. મૂળ અટક તો ગાડગીળ, પણ પલુસ ગામના વતની તેથી 'પલુસકર' થયા. સંસ્થાનના અધિપતિ નાનાસાહેબ એમના વર્ગબંધુ હોવાથી બંને વચ્ચે ઘણો સાવ દત્ત જયંતીના એક ઉત્સવમાં દારૂખાનું ફોડતાં ઝાળ લાગીને ચહેરો બળી ગયો તે તો રૂઝાયો, પણ આંખોનું નૂર સદાને માટે ગયું. એમના વડીલ હતા કીર્તનકાર, પણ ઈરાદો હતો અંગ્રેજી ભણીને સંસ્થાનમાં જ કારકુની કરી શાંત જીવન ગાળવાનો; પણ હવે એમને હાથે સંગીતનો પુનરુદ્ધાર નિર્મેલો તે મિથ્યા કેમ થાય?

આંખો જવાને લીધે અભ્યાસ અટકવાથી મીરજ સંસ્થાનના રાજ્ય-સંગીતકાર ઈચલકરંજીકર પાસે સંગીત શીખવા જવાનું ઠરાવ્યું. કરુંદવાડ અને મિરજના રાજવીઓ પરસ્પર સાઢૂભાઈ હોવાથી સંગીત શીખવાની વ્યવસ્થા સરળ બની, એટલું જ નહિ પણ ત્યાં આદર પણ થતો. છતાં વિષ્ણુ બુવાએ તો એકનિષ્ઠ ગુરુસેવા કરીને અને લાગટ બારબાર કલાક રિયાઝ કરીને સંગીતવિદ્યા સંપાદન કરી. એ વખતે શાસ્ત્રીય શિક્ષણ-પદ્ધતિ નહિ; ગુરુ ગાય તે સાંભળીને જ શીખી લેવાનું. છતાં પારંગત થઈ ગયા. પણ એક વાત ખૂંચતી. પોતે રાજ્યના નિકટ સંબંધના, અને ગુરુ રાજ્યના નોકર. આથી રાજ્ય તરફથી વર્તનમાં આંતરો રહેતો. એક વાર ગુરુ સાથે રસ્તે જતા હતા, ત્યાં રાજાની ગાડી નીકળી. રાજવીએ વિષ્ણુ બુવાને ગાડીમાં બેસાડી લીધા અને ગુરુને પગે ચાલતા જવું પડ્યું. અને આનો આઘાત એવો જબરો લાગ્યો કે સ્વદેશમાં સ્થાયી થવાનો વિચાર છોડી એક યુવાન સહાધ્યાયી સાથે રાતોરાત નીકળી ગયા.

ફરતા ફરતા સતારા ગયા, અને કેટલેક દિવસે વડોદરે પહોંચ્યા. ત્યાં ખ્યાતનામ ગવૈયા દરબારી કલાવંત હતા. પણ એ વખતના હીન રવૈયા પ્રમાણે બગલમાં તંબૂર લઈને શ્રીમંતોને ઘેર 'મારું ગાન સાંભળશો?' એવી ભીખની ટહેલ નાખવાનું એમના સત્ત્વશીલ મગજને રુચ્યું નહિ. એટલે નવો રસ્તો કાઢ્યો: એક દેવમદિરમાં ગાન ગોઠવીને શહેરના પ્રતિષ્ઠિત માણસોને આમંત્ર્યા. સૌ મુગ્ધ થઈ ગયા. કીર્તિ સાંભળી રાજદરબારે પણ આમંત્ર્યા. ત્યાંનું નોકરીનું કહેણ સાદર નકારીને રાજકોટ, માંગરોળ, જૂનાગઢ ગયા અને વિજયપતાકા ફરકાવી. ગિરનાર પર દત્તાત્રેયનું સ્થાન જાગૃત છે.વાનું જાણી તેની યાત્રાએ ગયા, ત્યાં એક સિદ્ધ પુરુષે પંજાબમાં સંગીત પ્રચાર કરવાનો આદેશ આપ્યો. તદનુસાર ભાવિ જીવન શરૂ કર્યું.

લાહોર, અમૃતસર, રાવલપિંડી, મુલતાન, ગ્વાલિયર, મથુરા, ભરતપુર સર્વ સ્થળે સફળતા મેળવતા અલીગઢ ગયા. ત્યાં એક હજામે ધ્રુપદની થોડી ચીજો સંભળાવી, 'સા રે ગ મ'ની બંદેશ બતાવી તથા રાગનાં વિવેચન કરતા શ્લોકો પણ સંભળાવ્યા. માત્ર ગુરુમુખથી સાંભળીને વિદ્યા પામેલા વિષ્ણુ બુવા આથી ચકિત થઈ ગયા અને સર્વ કાર્યક્રમ બંધ કરી, સંકલ્પબદ્ધ થઈ સંગીતનું શાસ્ત્રશુદ્ધ જ્ઞાન મેળવવામાં લાગી ગયા. ત્યાર પછીનો, ગાંધર્વ મહાવિદ્યાલયની સ્થાપના અને પ્રકાશનોનો ઇતિહાસ તો જાણીતો છે.

ઈ. ૧૯૨૯માં વિદ્યાલયની રજતજયંતી ઊજવ્યા બાદ સંગીત-પ્રચારર્થે સિલોન, બ્રહ્મદેશ આદિના પ્રવાસે નીકળ્યા. પણ મુસાફરીનાં કષ્ટ શરીર સહન ન કરી શક્યું. નેપાળથી સ્વદેશ આવ્યા બાદ તબિયત લથડી અને ઈ. ૧૯૩૧ના ઑગસ્ટની ૨૧મીએ એમનો દેહવિલય થયો.

સંગીતનો આટલો પરિચય પામ્યા પછી રાગદારી (શાસ્ત્રીય) સંગીત માટે વિદ્યાર્થીનું મન સહેજે તૈયાર થઈ જાય છે અને કાવ્યોના શબ્દોથી પર સ્વરની સૃષ્ટિમાં તે હવે વિહરવા માંડે છે. અહીંથી તેનો રાગ-પ્રવેશ શરૂ થાય છે. એ 'રાગ-પ્રવેશ' માટેનાં પંડિતજીનાં પુસ્તકો વિદ્યાર્થીને હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની ઉચ્ચ પરંપરામાં સમુચિત પ્રવેશ કરાવી આપે છે. રાગપ્રવેશનું એ દરેક પુસ્તક લગભગ ૪૦ પાનાંનું છે. તે માટેનો પોતાનો ઉદ્દેશ તેના પહેલા ભાગની પ્રસ્તાવનામાં તેમણે સ્પષ્ટ સમજાવ્યો છે: 'યહ પુસ્તક બનાને કા મુખ્ય ઉદ્દેશ યહ હૈ કિ જિનકો થોડા બહોત સ્વર કા ઔર તાલ કા જ્ઞાન હુઆ હો ઉનકે લિયે કિસી રાગ કે ગીત પર કિસમ કિસમ કે તાન-આલાપ તથા બોલતાન લેને મેં સુગમતા હોવે.'

આ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને તેમણે પહેલાં જેમિની કલ્યાણ (યમન કલ્યાણ) અને તે પછી ભૈરવી, ભૂપાલી, ખમાજ, ભૈરવ, બડહંસ, સારંગ, ભીમપલાસી, કેદાર, આશાવરી એમ એક પછી એક અનેક રાગો તાન–આલાપ–ગમક–મીંડ સહિત અંકિત કર્યા. પરંપરામાં પ્રતિષ્ઠિત એવી રાગદારી ચીજો તાન–આલાપ સહિત વિદ્યાર્થી ગાતો થઈ જાય એવી તેની યોજના કરી છે. ત્યાંથી આગળ લઈ જવા તેમણે પ્રત્યેક રાગદીઠ પુસ્તકો પ્રગટ કર્યાં છે, તેમાં 'માલકંસ' અને 'ભૈરવ' વિશેષ ધ્યાન ખેંચે છે. માલકંસનું ૧૧૮ પાનાંનું પુસ્તક એટલે તો ખયાલ ગાયનના એક રાગની બેઠકનો જાણે 'જલસો'! પુસ્તકની શરૂઆતમાં જ માલકંસ રાગનું 'મંગલધ્યાન' મૂક્યું છે:

आरक्त वर्णो धृतगौर यष्टिः वीरः सुवीरेषु कृतप्रवीर्यः।
वीरैर्धृतो वैरिक पाल्ममालामाल्तीमतो मालवकौशिकोऽयम् ॥

સંગીતદર્પણકાર પંડિત દામોદર રચિત માલવકૌશિક (માલકંસ)નું આ ધ્યાન સ્વરાંકિત કરીને એ ધ્યાનમંત્રને એમણે જાણે સજીવન કર્યો છે.

આ મંગલ ધ્યાન આપીને પછી વિલંબિત ત્રિતાલમાં 'કબ હો કપી'નો ખયાલ તેના આલાપ–તાન–બોલતાન સહિત લગભગ ૧૦૦ પાનાં રોકીને વિસ્તારથી આપ્યો છે, અને તે પછી તે જ રાગની મધ્ય લયની ચીજ 'ભલે હુ પોચ સબ' ત્રિતાલમાં આપી છે. તે પછી ઝપતાલમાં એક તરાનો તથા ત્રિતાલમાં બે તરાના એક પછી એક આપ્યા છે. આમ, રાગનું અનેક લયમાં પૂર્ણ ચિત્ર દોરી પુસ્તક પૂરું કર્યું છે. આટલા વિસ્તારથી ખયાલ ગાયન તથા રાગગાયન સ્વરાંકિત કરવાનો પ્રયત્ન એમના પહેલાં કોઇએ કર્યો નહોતો. આ એમની પહેલ તેમજ આગવું પ્રદાન પણ હતું. એમના અનેક શિષ્યો ઉચ્ચ પંક્તિના કલાકારો બન્યા તેની પાછળ આવાં પુસ્તકોનો, તેમજ તેમની આલાપ–તાન પ્રણાલિકાનો અને સમજદારીનો ઘણો મોટો ફાળો છે.

વિદ્યાલયમાં ગાયન ઉપરાંત દિલરૂબા, સિતાર, વાયોલીન તથા તબલાં-મૃદંગ પણ શીખવાતાં; એટલે વાદનના શિક્ષણને (અનુ.પૃ.૭૯)

ઉમર ખય્યામની રૂબાઈઆત

અગિયારમી સદીના એ ઈરાની કવિની સદા યે યુવા-પ્રિય રહેલી એ કાવ્ય-કંડિકાઓ જગત-સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે. ચાર્વાકવાદી મુક્ત મસ્ત વિચારોના કેફ સાથે કટાક્ષના કોરડા વીંઝતી એની વાણીની નિખાલસતા ચોટદાર છે. ભાવિની પરવા કર્યા વિના આજને માણી લેવાનું પ્રબોધતાં સાકી અને શરાબનાં એનાં મસ્ત કવનોની પાછળ જીવનની અસારતાની પાર જતો ઈશ્કે હકીકી પ્રતીત થાય છે. ગુજરાતી સાહિત્યમાં આજ સુધી ઊતરેલા ૧૪ અનુવાદોમાં સર્વોત્તમ ગણાતા શ્રી શૂન્ય પાલનપુરીએ કરેલા જે અનુવાદમાંની થોડી વાનગી આ નીચે આપી છે તેના પ્રકાશન વિષેની વિગતો આ અંકના 'વાચકોના પત્રો'માં, અને આ રૂબાઈઓનો ટૂંક પરિચય 'સાહિત્યસંપર્ક' વિભાગમાં જોશો.

મુજ છલોછલ જામ તોડ્યું, ઓ પ્રભુ શો ખેલ છે?
બંધ કરવા આમ દ્વારો એશના કૈં રહેલ છે?
મેળવી મારી મહા મોંઘી મદિરા ધૂળમાં,
માફ કર, જો હું કહું કે તું જ ખુદ પીધેલ છે!

જે ઘડી મુંજ દેહ પર મૃત્યુનું શાસન થઈ જશે,
પંચ તત્ત્વોની સભાનું પણ વિસર્જન થઈ જશે;
એ પછી કોઈ ઘડે જો કુંભ મુજ માટી થકી,
સ્પર્શ પામીને સુરાનો એ સજીવન થઈ જશે!

ચાલશે મૃત્યુ પછી અંતિમ ક્રિયા માટે ધમાલ,
મૂઠીભર માટી વડે કરશે મને સૌ પાયમાલ;
એ પછી જે ઈંટ પણ મૂકાય મારી કબ્રમાં,
એ મદિરાથી બને, બસ રાખજો એનો ખયાલ.

એ પ્રથમ કે થાય તારી જિંદગી યમનો શિકાર,
ગમ તજીને દે હુકમ મદિરાની પ્યાલીનો ધરાર;
તું નથી સોનું કે આ સંસારના લોકો તને
એક વેળા ભોંયમાં દાટ્યા પછી કાઢે બહાર!

એમ લાગે છે આ કૂજો પણ ખરો પ્રેમી હશે,
કો સનમની રેશમી ઝુલ્ફોનો એ કેદી હશે;
હાથ આ રીતે વળે ના ડોક પર કારણ વિના:
યારની ગરદનનો મારી જેમ એ ભોગી હશે!

આ વસંત, આ ફૂલક્યારી, આ ધરો ને આ ચમન,
ચાર દિનની ચાંદની છે, એ પછી વેરાન વન;
તું ભરી લે ફૂલછાબો, હું ભરી લઉં પ્યાલીઓ,
એમ ધરતીની અમાનતનું કરી લઈએ જતન!

ચાંદ, સાકી, જામ, હરિયાળી અને ગાતું ઝરણ,
આપણે મન એ જ સાચું સ્વર્ગમય વાતાવરણ;
નર્ક શું? વૈકુંઠ શું? છે મનઘડત વાતો બધી,
એ નથી નજરોનજર જોનારનાં કૈં સંસ્મરણ!

સૌ કહે છે: 'સ્વર્ગમાં છે અપ્સરાઓનું મિલન;
જ્યાં જુઓ ત્યાં મધ અને મદિરાનાં ઝરણાંનું વહન.'
પામવાનું છે અગર મૃત્યુ પછી પણ એ જ ફળ,
તો પછી કાં રાખીએ ના આજથી એનું વ્યસન?!

કાલ મારાં કર્મનો લેવાય જો મુજથી જવાબ,
પાપ હો કે પુણ્ય, ચાહું છું રહે ચોખ્ખો હિસાબ;
નેક લેખાઉં તો મુજને સ્વર્ગ મળવું જોઈએ,
બદ ગણાઉં તો પછી દેવો ઘટે મુજને શરાબ!

ઉર-લતા છે ઉર્વશી જેવી, કમલ જેવાં નયન,
મ્હેકતી ઝુલ્ફો, ગુલાબી ગાલ મુખ જાણે સુમન;
અંત જેનો ધૂળ છે એવા જીવનમાં ઓ પ્રભુ!
આ બધો શણગાર શાને? આટલું શાને જતન?

શું કુબેરો? શું સિકંદર? ગર્વ સૌનો તૂટશે,
હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે;
કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી,
આજ તો ફૂટી છે પ્યાલી, કાલ કૂજો ફૂટશે.

જામ ઘડનારા! કરે છે શું, તને કૈં જ્ઞાન છે?
જેને તું ખૂંદી રહ્યો છે એ તો એક ઈન્સાન છે;
આંગળી અકબરની, માથું કોઈ આલમગીરનું,
ચાક પર શું શું ધર્યું છે, મૂર્ખ તુજને ભાન છે?

એક દિ' જામે કહ્યું મુજને કે ઓ નાદાન નર!
તુજ અધર જેવા જ મારા પણ હતા સુંદર અધર.
આજ કિંતુ ના રહ્યું અસ્તિત્વ મારું, તો પછી
કાલ તારા દેહનું પણ શું થશે કોને ખબર?

હર પ્રભાતે ચેતવે છે કૂકડાઓની પુકાર,
જો ઉષાના દર્પણે તારા જીવન કેરો ચિતાર;
જાગ ઓ નાદાન, વીતી રાત આખી ઊંઘમાં,
આયખું એમ જ ઘટી જાશે કદી કીધો વિચાર?

ચાલતાં પગમાં જે કૂણા કંટકો ભોંકાય છે,
મુજને એમાં કો પ્રિયાની પાંપણો દેખાય છે;
હોય જેમાં કર વઝીરોનાં, સરો સુલ્તાનનાં,
એ જ ઈંટોથી મહલના કાંગરા સર્જાય છે.

ભાગ્ય તો દંડો છે જેનું કાર્ય છે કેવળ પ્રહાર,
છે બિચારો જીવ ગિલ્લી, ખાય છે જે નિત્ય માર;
ઉફ ન કર, કે જેણે સર્જી આ રમત સંસારમાં,
એ જ છે બસ એ જ એનાં કારણોનો જાણકાર.

ઓ પ્રિયા, કઠપૂતળીઓનો છે તમાશો જિંદગી,
ભવના તખ્તા પર નચાવે છે વિધિની આંગળી;
અંક ચાલે ત્યાં લગીનો છે અભિનય આપણો,
શૂન્યની સંદૂકમાં ખડકાઈ જાશું એ પછી.

મોત કેરા નામથી ગભરાઉં એવો હું નથી,
બીકથી વહેવાર ચૂકી જાઉં એવો હું નથી;
જાન દીધો છે ખુદાએ ચાર દિ' માટે ઉધાર,
એને પાછો સોંપતાં અચકાઉં એવો હું નથી.

આત્મકથાનક-૮૨

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
આલેખક
રવિશંકર રાવળ



ગુણીજનો શોધી કાઢવાની નૈસર્ગિક શક્તિ ધરાવતા મારા મિત્ર પરમાનંદ કાપડિયા. જેમનું તારુણ્ય સૌને આકર્ષતું

૪૦૧ વીરમગામની જકાત-લાઇન નીકળી ગઈ

આ જ વર્ષે વીરમગામની જકાત સરકારે ઉઠાવી લીધી હતી તેના સમાચારે પ્રજામાં ખૂબ આનંદ ફેલાવ્યો હતો. બનેલું એવું, કે ગાંધીજી હિંદમાં આવીને તુરત વતનમાં રાજકોટ–પોરબંદરની મુલાકાતે આવ્યા હતા. તે વખતે તેઓ ત્રીજા વર્ગમાં એક સાદા પ્રવાસી તરીકે માત્ર પહેરણ અને સસ્તી કાશ્મીરી ટોપી અને ધોતિયું જ પહેરતા હતા. વઢવાણના સ્ટેશને મોતીલાલ દરજી કરીને એક જાહેર કાર્યકર્તા મળવા આવ્યા અને વીરમગામની જકાતબારીની હાડમારીઓની કહાણી કહી. ગાંધીજીએ પૂછ્યું: 'આ કામમાં જરૂર પડે તો જેલમાં જવા તૈયાર છો?' તેમણે જવાબ આપ્યો: 'આપ નેતા થાઓ તો આપના આદેશને જરૂર આધીન થઈશું, આપ કાઠિયાવાડના છો એટલે આપની ઉપર અમારો હક છે.'

આ રીતે ગાંધીજીએ ઠારોઠાર કસ્ટમદોરી સામેનો કકળાટ સાંભળ્યો. તે વિષેની બધી માહિતી મેળવી અને સાહિત્ય વાંચી લીધું, અને પછી મુંબાઈ સરકારને કાગળ લખ્યો. તેમાં લખ્યું: 'અમારું રાજ્ય હોત તો આ જકાતદોરી એક દિવસ પણ રહેત નહિ.' મુંબાઈ સરકારે જણાવ્યું કે આ તો દિલ્હીની મુખ્ય સરકારના હાથની વાત છે. ગાંધીજીએ લખ્યું કે, 'સરકાર જો આ બાબતમાં કંઈ નહિ વિચારે તો એ સામે પ્રજા સત્યાગ્રહ કરશે. પ્રબળ સરકાર સામે અહિંસક સામનો કરવાનું પ્રજાને હું શિક્ષણ આપીશ.' દિલ્હી સરકારે એ પત્ર પર વિચાર કર્યો અને આખરે ઈ. ૧૯૧૭માં ગાંધીજી અને લૉર્ડ ચેમ્સફર્ડને મળવાનો પ્રસંગ આવ્યો. તે પછી જકાત-લાઈન નીકળી ગઈ.

છતાં આ વેળા વીરમગામનું સ્ટેશન આવ્યું ત્યારે પહેલાંની હાલાકીના ભણકારા તો થયા જ, પણ આગળના સ્ટેશને અમારા ડબ્બાઓને પહેલાંની જેમ ચાવીઓ મારનારા કસ્ટમના સિપાઈઓ દેખાયા નહિ, અને ગાડી થોભ્યા વિના સડસડાટ વીરમગામના પ્લૅટફૉર્મ ઉપર આવી ત્યારે ત્યાં સિપાઈનું નામ મળે નહિ! બધા ઉતારુ ખુશાલીની લાગણી સાથે સામે ઊભેલી મોટી ગાડીમાં ગોઠવાઈ ગયા. વીરમગામ સ્ટેશને પહેલાં જેટલું રોકાણ પણ થયું નહિ. મને મળવા આવેલા મિત્રોએ જણાવ્યું કે હવે કસ્ટમના સાહેબોના બંગલા ખાલી પડ્યા હતા.

૪૦૨ કર્મક્ષેત્ર મુંબાઈમાં

એ સમયે અમદાવાદથી મુંબાઈ પહોંચતી દરેક ટ્રેઇન વાંદરા ઊભી રહેતી, એટલે હવે સાન્ટાક્રુઝ પહોંચી જવાનું સરળ બન્યું હતું. નિર્વિઘ્ને કાનજી માલજીની ચાલીમાં પહોંચ્યો ત્યારે જાણે સ્વધામે આવ્યો એમ લાગ્યું. મારું ખરું કાર્યક્ષેત્ર હાલ તો એ જ હતું. પડોશીઓએ મારી ઓરડી સાફ કરી રાખી હતી. મારાં પત્નીને પણ પડોશીઓના સમાગમની અને પોતાની સ્વતંત્રતાની ખૂબ જ ઝંખના હતી. બીજી સવાર મને ખૂબ જ ઊજળી લાગી. જૂન માસના મુંબાઈના વરસાદની ઝપટો શરૂ થાય તે પહેલાં અમે સ્વસ્થ થઈ ગયાં. આ વખતે છોકરા બંને સાથે હતાં. મોટા નરેન્દ્રને મારા સંબંધી અને મિત્ર અંબારામ માસ્તરે તુરત હાથમાં લીધો અને સાન્ટાક્રુઝમાં તેમના હાથ નીચે શરૂ થએલી પ્રાથમિક શાળામાં ભરતી કરી દીધો. સાન્ટાક્રુઝમાં બાળકો માટેની આ સૌપ્રથમ શાળા મોહનભાઈ દવેએ એક મારવાડી શ્રીમંત (પોદાર)ને આશ્રયે શરૂ કરાવેલી, તે આજે તો હાઈસ્કૂલ અને કૉલેજની અભ્યાસ-સંસ્થા બની વિકસી છે.

ટ્રેનમાં મુંબાઈ જતી વખતે વારંવાર મારા મનમાં ધ્વનિ થતો: હવે ત્યાં કોણ ખૂટતું હશે?–રણજિતરામ વાવાભાઈ, મારા પરમ હિતચિંતક, મારી કળાના પોષક. એ સુંદર આત્માનું દર્શન હવે નહિ જ થાય. એમનું સ્મરણ ઘડી યે દૂર થતું નહોતું. મારી અને હાજીની ઓળખ કરાવનાર એ. તે પછી હાજીમહમ્મદ મારા વિકાસમાં સહાયભૂત થયા અને 'વીસમી સદી' દ્વારા ગુજરાતને મારી સેવા અર્પાઈ.

બીજે દિવસે બધું ઠીક ગોઠવાયું જોઈ હું હાજીને મળવા ગયો. મને જોઇને તેમના મુખ ઉપર મલકાટ દેખાયો, પણ રણજિતરામની યાદે અમને બેઉને ઘણા જ ગમગીન કર્યા. મેં રણજિતરામ માટે કરેલું સ્મારકચિત્ર તેમણે આખા પાનાનો બ્લૉક કરીને છાપ્યું હતું તેથી મને ઘણું સમાધાન મળ્યું. એ સાથેનો શ્રી કનૈયાલાલ મુનશીનો અત્યંત સંવેદન સભર તેમજ રણજિતરામનું સાચું મૂલ્યાંકન કરતો અંજલિલેખ ગુજરાતી સાહિત્યમાં સ્મરણીય રહે તેવો હતો. આ પછીનાં પાનાંઓ ઉપર તેનો મોટો ભાગ તારવીને ઉતાર્યો છે.

પછીથી જાણવા મળ્યું કે રજાનો દિવસ ગુજારવા તે પોતાના શિષ્ય શાંતિ (શાંતિકુમાર નરોત્તમ મોરારજી ગોકુળદાસ)ને લઈ તેમના જુહુના બંગલે ગયા ત્યાંથી સમુદ્રસ્નાન કરવા ગએલા. જુહુના દરિયાકિનારે ઘણા યે માણસો ઓટના વખતે નાહવા જતાં સમુદ્રમાં ખેંચાઈ જાન ગુમાવી બેસતા. કિનારાનો ઢાળ એવો સરળ અને લોભામણો છે કે માણસ ઊભો ઊભો મોજાંની લહેરમાં ચાલ્યો જાય. પાછા વળતા એકાદ મોજાએ શાંતિકુમારને ઊંચકયા અને પગ અધ્ધર થઈ ગયા એટલે ઊંડે ખેંચાયા. રણજિતરામે તેમને બચાવવા પાછળ ઝંપલાવ્યું અને તેમને બાવડે ખેંચી પગભેર કરી મૂકેલ્યા, પણ પછીથી આવતું મોજું રણજિતરામને જ દરિયામાં ખેંચી ગયું અને નજરથી તે ઓઝલ થયા. બંગલા પર તેમનાં પત્નીએ રસોઈ કરી રાખેલી તે રઝળી. છેક સાંજે અંધેરી આગળથી તેમનો દેહ મળ્યો. તેમણે આપેલા ભોગના અનુદાન રૂપે નરોત્તમ શેઠે તેમના કુટુંબને નિભાવ્યું ને અશોક મહેતાની કેળવણી પૂરી કરી.

૪૦૩ હાજીની સલાહ

મારું મુંજાલનું કલ્પનાચિત્ર ઘણા સાક્ષરોને ગમ્યું હતું એ વાત સાંભળી હું નવો ઉત્સાહ પામ્યો. હવે મારે આગળ શું કરવું તેના વિચારો મેં હાજીની સાથે કર્યા. તેમણે એકબે પુસ્તકોનાં આવરણ-ચિત્રો (કવર ડિઝાઈન) અને એક વેપારી માટે શુભેચ્છાપત્રો (ગ્રીટિંગ કાર્ડ)-નાં ચિત્રો કરવાનું કામ આપ્યું. ઉપરથી મને મુંબાઈમાં વસવાની સલાહ આપી, અને નવા થએલા સૅન્ડહર્સ્ટ રોડ ઉપર એમના મિત્રના એક મકાનના ભોંયતળિયાનો બ્લૉક માસિક રૂ. ૩૫થી રાખી લેવા





↑ ભોગીન્દ્રરાવ દિવેટિયા
'સાર્જન્ટરાવ'

ઉપર: 'વીસમી સદી'માં આવેલું કલાકાર મુલ્લરનું ચિત્ર 'વાજિદઅલી શાહના ઉદ્યાનમાં બેગમોનો વિલાસ', ચિત્ર જે નેપથ્ય-ચિત્રકાર દીનશા ઈરાનીએ એક થીએટરની પ્રથમ જવનિકા પર ડ્રૉપ સીન તરીકે ઉતાર્યું હતું.

સૂચવ્યું. મારી માસિક આવકનો કોઈ નિર્ધાર નહોતો ત્યાં હું આ હિંમત શી રીતે કરું? વળી મારો ચાલુ ખર્ચ પણ હવે થોડો વધ્યો હતો. પણ રોજ મુંબાઈ આવવાનું થાય અને શાળાજીવન સાથે મારો સંપર્ક રહે એવા હેતુથી મેં બીજે દિવસે આર્ટસ્કૂલમાં 'સ્કલ્પ્ચર' (પ્રતિમાશિલ્પ)ના વર્ગશિક્ષકને મળીને અરધા દિવસની હાજરી ભરવાની શરતે સત્ર-ફી ભરી દીધી. પછી ચિત્રવર્ગમાં ગયો. ત્યાં મારા મિત્ર પાવનજી એક શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે નામ કાઢીને છેવટના પાંચમા વર્ષમાં આવ્યા હતા. રામરાવ ચોથા વર્ષમાં આવ્યા હતા. એ બધાને રોજ મળાશે એ વાતે મને બહુ જ આનંદિત કર્યો.

૪૦૪ હરિશંકર ત્રિવેદી, બી.એ.

આગળ મેં જણાવ્યું છે તેમ ૧૧મી જૂને હરિશંકર ત્રિવેદી (અમારા મિત્રોના હરભાઇ) ૧૧મી જૂને બી.એ.ની પરીક્ષા પાસ કરીને મુંબાઇમાં નોકરી શોધવા મારા ગયા પહેલાં પહોંચી ગયા હતા. તેમના મોટા ભાઈ ઈચ્છાશંકરે જૂની હનુમાન ગલીમાં મોદીખાના અને કરિયાણાની એક નીચી દુકાન કરી હતી અને બાજુના માળામાં રહેતા હતા. એ ઠેકાણું મેં શોધી કાઢ્યું અને હરભાઇને મારે ત્યાં એક રાત વાતો જાણવા બોલાવ્યા. ઘણા દિવસોના ફેરા માર્યા છતાં એમની નોકરીનો પત્તો ખાતો નહોતો અને મોટા ભાઇના ઘરમાં પતિ-પત્નીનો બોજો મુંબાઈમાં મૂકતાં અકળામણ થાય જ. મને મળ્યા પછી મેં તેમની વાત હાજી આગળ કરવાનું ઠરાવ્યું બીજે દિવસે અમે બંને હાજીને ત્યાં પહોંચ્યા. હાજીએ તો મારો વિશ્વાસ સિદ્ધ કર્યો: તુરત કોઈક ગૃહસ્થ ઉપર ચિઠ્ઠી લખી આપી. પણ હરભાઇનું મન ત્યાં જવા માન્યું નહિ અને હાજી જરા નારાજ પણ થયા.

એવામાં સ્ટેશન ઉપર ભોગીન્દ્રરાવ દિવેટિયાનો મેળાપ થતાં તેમની ભાટિયા હાઈસ્કૂલમાં એક શિક્ષકની જગ્યા ખાલી છે એમ જાણ્યું, એટલે મેં હરભાઇની તકલીફની વાત કરી કે તુરત તેમણે કહ્યું કે વહેલી તકે તેમને મારી પાસે મોકલો. એ વાત મારા હાથમાં છે ને હું તેમને રાખી લઈશ. આ હાઈસ્કૂલ પ્રિન્સેસ સ્ટ્રીટ પર હતી એટલે હરભાઇને તે જગ્યા અનુકૂળ લાગી અને મારા પરિચયપત્ર સાથે શ્રી ભોગીન્દ્રરાવને મળતાં તેમની નિમણૂક થઈ ગઈ. ભોગીન્દ્રરાવની મારા પ્રતિની શુભ લાગણીથી હું દ્રવિત થયો.

૪૦૫ ભોગીન્દ્રરાવના મહેમાન

ભોગીન્દ્રરાવ સાજામાંદા રહેતા. હરભાઈના પ્રસંગ પછી હું દર અઠવાડીએ અચૂકપણે તેમની ખબર લેવા જતો ત્યારે હરભાઈ વિષે તે ઘણો સંતોષ બતાવતા અને તેથી મને આનંદ થતો. દિવસો જતાં તે ખાટલાવશ રહેવા લાગ્યા. એ ભલા અને સૌજન્યશીલ મિત્ર માટે મારા મનમાં ખૂબ જ આદર અને સ્નેહ હતાં અને તેમનું કોઈ પણ કામ કરી છૂટવા મારા મનમાં સજાગ રહેતો. એક વાર એમનો પુત્ર ચિઠ્ઠી લઈને આવ્યો કે મુંબાઈનું થોડું કામ છે માટે મળી જાઓ. રાત્રે હું ગયો ત્યારે તેમણે ઘણી આજીજીથી કહ્યું કે 'કાલે મારે ત્યાં એક મોટા મહેમાન જમવા આવવાના છે તેમના સત્કાર માટે ભોજનમાં મલાઈ આપવી છે, પણ તે એક જ ઠેકાણેથી પૂરતી મળશે નહિ. મુંબાઈ જતાં ચર્નીરોડ ઊતરી જાઓ અને ગિરગામ રસ્તા પર ચાલતા જાઓ, તો દૂધવાળાની દુકાનો પર તેઓ કઢાતા દૂધ પરથી મલાઈ ઉતારી બાજુએ રાખે છે તે દુકાનો પર ફરી છૂટક છૂટક ખરીદીને એક શેર એકઠી કરી શકશો. ત્યાંથી પછી મરીન લાઈન્સથી વળતી ટ્રેઇનમાં ૧૧ વાગ્યા પહેલાં આવી શકશો. મારે માટે આટલી તકલીફ લેશો?' મેં તુરત હા કહી. હવે હું કોઈના સમયને અધીન હતો જ નહિ, એટલે બીજે દિવસે તેમની સૂચના પ્રમાણે ગિરગામની દૂધની દુકાનો ફરી વળીને ૧૧ વાગ્યે તેમને જોઈતી મલાઈ પહોંચાડી.

બીજે દિવસે તેમણે જણાવ્યું કે, 'તમારી મહેનત એળે ગઈ છે. મહેમાન તો આવ્યા જ નહિ.' ઘણે વખતે મને ખબર પડી કે એ મહેમાન આનંદશંકર ધ્રુવ હતા. તેમના પુત્ર સાથે પોતાની પુત્રીના સંબંધનો વિચાર ભોગીન્દ્રરાવે ગોઠવવા ધાર્યું હશે. બીમારીમાં પડેલા ભોગીન્દ્રરાવની મનોદશા કરુણાપૂર્ણ નિરાધારતા અનુભવતી હશે.

૪૦૬ દેશનું રાજકારણ

૧૯૧૭ની ૩૦મી જૂને દાદાભાઈ નવરોજી—આપણને સ્વરાજ્યનો પ્રથમ મંત્ર આપનાર હિંદના દાદા—અંધેરી ખાતે તેમના નિવૃત્તિ-નિવાસમાં બહેસ્ત પામ્યા. તે પહેલાં થોડા જ દિવસો પર હાજીમહમ્મદ મુંબાઈના પ્રસિદ્ધ ફોટોગ્રાફરને લઈ અંધેરી પહોંચી ગયા હતા અને આ મહાન પારસી ભારતીયને 'વીસમી સદી'માં પ્રથમ પૃષ્ઠે અંજલિ આપવા શ્રી રુસ્તમજી પે. મસાણીની કલમ ચેતાવી હતી. તે પછી



રણજિતરામ

કેટલાંક મરણો ધરતીકંપ સમાં હોય છે. કોઈ એની વાત અનેક વાર કહે પણ ન મનાય રણજિતરામનું મરણ પણ એવું જ થઈ ગયું.

રણજિતરામ ગુજરી ગયા! ખબર પડતાં કોણ માને? જે રણજિતરામ, એક વર્ષ પહેલાં રાત્રે હું ઘરમાં આવું કે બીજી પળે બાળક અશોકને એક હાથમાં લઈ, બગલમાં જૉન્સ કે દ્વયાશ્રય રાખી, કાવ્ય કે ઇતિહાસની અનેક ચર્ચા કરવા હસતે મુખે આવતા; જે આગલે દિવસે, સ્નેહભર્યા સ્મિતથી મારા લેખોનું વિવેચન કરી નવી દિશાઓ દર્શાવી ગયા; જે મનુષ્યનું જીવન એક મહા સ્વપ્ન હતું, જેનો ઉત્સાહ શાન્ત છતાં પ્રતાપી હતો, જેની વિદ્વત્તા અમાપ છતાં આડંબર વિનાની હતી, તે નર-વીર-મિત્ર-પ્રોત્સાહનનો સાગર ગુજરી ગયા! વાત ખરી છતાં ખરી મનાતી નથી. ઘણી વાર એમ લાગે છે કે જૂના ગુજરાતના કોઈ અર્ધનષ્ટ શિલાલેખ હાથમાં લઈ ઉઘાડા બારણામાંથી હસતે મોંએ તે આવી પહોંચશે.

તે ગયા–અને સાધારણ કાઠીને પણ ટટ્ટાર રાખી, કોટનાં બટન ઉઘાડાં મૂકી, ધીમી સુરતી ચાલે ચાલીને ફરી તેને આવતા જોઈશું નહિ; તે ઉત્સાહપ્રેરક મુખ કદી હસશે નહિ; તે બુદ્ધિતેજે ચમકતી આંખો ફરીથી, ઉત્તેજનથી ચમકશે નહિ. તે ગયા—અને પાછળ રડતી જનેતા, ભગ્ન હૃદયની, સંસ્કારી, શાન્ત અને સંતોષી ભર્તાની સમાનગુણી ધર્મપત્ની, છત્ર વિનાની અરુણા, અને આવા પિતાની કેળવણી વિનાનો સદા યે અસંપૂર્ણ અશોક* મૂકી ગયા. તે ગયા—અને રહેવામાં માત્ર રહ્યાં જે પાડે તેનાં આંસુ, જે લખે તેના સ્મરણલેખો, જે લાવે તેનાં સ્મરણો; અને સદ્‌ગતના છૂટાછવાયા લેખો તથા મિત્રોમાં રહેલા આદર્શો—માત્ર અણખીલેલા પુષ્પની આછી સુવાસ માત્ર ગુજરાતને શોચવાનું રહ્યું. કે ક્રૂર વિધિએ એ પુષ્પ ખીલવા દીધું નહિ.

આવા પુરુષો, જીવનના બનાવોથી નથી જીવતા—તેના આદર્શોથી, જીવે છે. તેમને મોટા હોદ્દા મળ્યા નહિ. પણ જ્યારે સમય આવ્યો ત્યારે ખાનગી નોકરીમાં જ રહી, ફુરસદ વધુ મળે, મુંબાઇમાં રૉયલ એશિયાટિક પુસ્તકાલયનો લાભ મળે માટે, સારી નોકરીની તક ગુમાવી! મહત્ત્વાકાંક્ષી ભાવના રાખવી, એ ઘણા કરે છે; મહત્ત્વાકાંક્ષા દૂર ઠેલી, ભાવનાને જ વળગી રહેવું એ તો વિરલા જ કરે.

રણજિતરામ વિદ્વાન હતા એ વાત તો જે ગૃહસ્થો એમની મદદ લઈ વિદ્વાનમાં ખપતા હતા તે જ પુરવાર કરશે. ગુજરાતનાં ઐતિહાસિક સાધનોનો એવો અભ્યાસી, ગુજરાતી સાહિત્યનો એવો નિરંતર ભક્ત, યુરોપિયન આધુનિક સાહિત્યનો એવો વાચક અને વિવેચક મેં હજુ જોયો નથી. કેટલાક એમને સકારણ, જીવન્ત સર્વજ્ઞાનસંગ્રહ (Living Encyclopaedia) કહેતા. ઘણી યે વખત અમે બેઠા હોઈએ અને સાહિત્ય કે ઇતિહાસનો કોઈ ખાસ અભ્યાસી આવે, ભયંકર ભાષામાં વિદ્વત્તા દાખવે, શાન્ત સાદા સાધારણ દેખાતા રણજિતરામને નફ્ટકે બોલાવે; અને પા કલાકમાં નવા સિદ્ધાન્તો, નવાં દૃષ્ટિબિન્દુઓ શીખી, જ્ઞાન આપવા કરતાં લેવા બેસી જાય! હમણાંહમણાં જ સદ્‌ગતે કંઈક લખવા માંડ્યું હતું. આપણે દુર્ભાગ્યે, એ કાંઈ મોટું લખી ગયા નહિ. તે પોતાનું જ્ઞાન અધૂરું માનતા, અને તે પૂરું કર્યા વિના લખવું નહિ એવો એમનો નિશ્ચય હતો. એ નિશ્ચય, દુર્દૈવે, આપણને નડ્યો. ગુજરાતના ઉન્નતમાં ઉન્નત હૃદયના સાક્ષર વિદેહ થયા; પણ વારસામાં

* આપણા આજના અગ્રણીનેતા અશોક મહેતા.

તુરતમાં જ હે.મરૂલ લીગની ચળવળ અંગે શ્રીમતી બિસન્ટને સરકારે પરહેજ કર્યાં તે વખતે રાષ્ટ્રોદ્રેકનો એક નમૂનો સરજાયો હતો. દેશના તમામ સુશિક્ષિતોમાં સરકાર સામે બંડની ભાવના જાગી હતી પણ વેપારી આલમ અને જનતામાં એનો કશો વિક્ષોભ જોવામાં આવતો નહોતો. નેતાઓ અંગ્રેજીમાં જ ભાષણો કરતા. ગરીબ ગામડિયો કે મજૂરવર્ગ સાવ અલિપ્ત લાગતો અને રોજિંદાં કામ તથા વ્યવહાર એકસરખાં ચાલતાં જણાતાં. સામાજિક પ્રકોપ તો મુદ્દલે નહોતો.

૪૦૭ સામાજિક સંઘર્ષનું છમકલું

આવા વાતાવરણમાં સાન્ટાક્રુઝથી રોજ લોકલ ટ્રેઇનોમાં મુંબાઈ જતા-આવતા સંભાવિત જનોના વ્યવહારમાં કશો જ ફેરફાર નહોતો. સૌ છાપું વાંચીને ચર્ચા કરી લેતા—જાણે પોતાને કે પોતાના ધંધાને કશી લેવાદેવા ન હોય! એવામાં સાન્ટાક્રુઝમાં વસતા શ્રી જયસુખલાલ મહેતા 'ઇન્ડિયન મર્ચૅન્ટ્સ ચેમ્બર' (હિંદી વેપારી મંડળ)ના મહામંત્રી બન્યા. આ સમાચારથી ભદ્રમંડળમાં તે પ્રસંગનું મહત્ત્વ ઊજવવા તેમની સાથે એક ભોજનસમારંભ ગોઠવાયો. શ્રી જયસુખલાલે 'વીસમી સદી' તેમજ હાજીના સમાગમથી મારા પ્રતિ સારો ભાવ રાખ્યો હતો. રોજ સ્ટેશન પર મળીએ ત્યારે મને જોતાં જ મારાં ચિત્રો માટે અભિવાદન કરે. મને પણ તેમના પ્રતિ સન્માનભાવ થયો હતો, એટલે આ સમારંભ માટે પ્રચાર કરનારા મિત્રે મને વાત કરતાં મેં તેમાં શામિલ થવાના બે રૂપિયા ભરી દીધા. તે પરથી મારા મિત્ર મોહનલાલ દવે જે સાન્ટાક્રુઝના ભદ્ર પુરુષોમાં ગણાતા તેમણે પણ ફાળો ભર્યો. મારા પડોશી વીજુભાઈ હજરત પણ જોડાયા હતા.

ભોગીન્દ્રરાવ તો માંદગીના બિછાને હતા, પણ તેમણે મને તેડાવી પૂછ્યું કે હું આ સમારંભમાં જવાનો છું કે નહિ. મેં હા કહેતાં તેમણે એકદમ કહ્યું: 'તમને ખબર છે કે આ તો પ્રીતિભોજન થવાનું છે? એટલે કે એમાં નાતજાતના કશા ભેદ વગર સૌનું એક પંક્તિએ જમણ થવાનું. એથી તમારા જ્ઞાતિ-સંબંધોને બાધ નહિ આવે ને?' આ સાંભળીને હું ચમક્યો. ભોગીન્દ્રરાવનો અન્ય સુધારકો પ્રતિ થોડો કટાક્ષ રહેતો. નરસિંહરાવ દિવેટિયા અમદાવાદના અને ભોગીન્દ્રરાવ દિવેટિયા પણ અમદાવાદના, છતાં નરસિંહરાવ આદિ જેવા ઉગ્ર સુધારકો ઉપર ભોગીન્દ્રરાવનો અણગમો રહેતો.

મેં તુરત મોહનભાઈ દવેની સલાહ લીધી. તે મિત્ર તેમજ જ્ઞાતિબંધુ, અને મારા કરતાં તો અનેકગણા સ્થિતિચુસ્ત. જાહેર રીતે ખૂબ સૌજન્યશીલ ને પરોપકારી, પણ ઘરના અને જ્ઞાતિના સંબંધોમાં ખૂબ જાગૃત. એમને ત્યજીને હું જુદો પણ પડી શકું નહિ, અને મારા કુટુંબને તેમજ મિત્રોને મૂંઝવણ થાય એવું કરવાની વૃત્તિ પણ મારી નહિ. અમે બંનેએ નિશ્ચય કર્યો કે શ્રી જયસુખલાલ મહેતા પ્રતિ અપાર સન્માનભાવ હોવા છતાં આ નાની વાતને સમાજમાં વિક્ષોભકારક

છૂટુંછવાયું જ માત્ર મૂકી ગયા.

સાક્ષર કરતાં એ વધારે સાક્ષરોના પ્રેરક હતા. નામ દેવામાં માલ નથી, પણ મોટામાં મોટા આપણા કવિઓ ને લેખકો રણજિતરામના અનુમોદનની હોંશ રાખતા અને એમની મદદની માગણી કરતા. મને પોતાને એમની ખોટ ક્યારે પુરાશે તે સમજાતું નથી. ત્રણ વર્ષ ઉપર જ્યારે એ મારી પડોશમાં રહેવા આવ્યા ત્યારથી એમને અને મારે સારો સંબંધ બંધાયો. એમની મીઠી, ન પરખાય એવી વૃત્તિએ, મારી લેખનપ્રવૃત્તિ નિર્જીવ અને અપૂર્ણ છતાં, તેમાં રસ લીધો; તેને પોષી, તેને ઉત્તેજી, તેને નવી દિશા દેખાડી. થોડા વખતમાં હું જે લખું તેને માટે એમના અભિપ્રાયની વાટ જોવાની મને ટેવ પડી. એ ન હોત તો હું મારી બીજી ઐતિહાસિક વાર્તા (ગુજરાતનો નાથ) હાલની રીતે લખત કે કેમ એ ખાતરીથી કહી શકતો નથી. એ વાર્તા માટે જોઈએ ત્યારે એ સાધનો પૂરાં પાડતા, જોઇએ ત્યારે એમનો વિચારશીલ અભિપ્રાય મને સુધારવા તૈયાર રહેતો. મને લાગવા માંડ્યું કે જે કાંઈ લખું તે મારું નથી, રણજિતરામનો પણ તેમાં ભાગ છે.

આ લાગણીઓ જો માત્ર મારી હોત તો લખત નહિ. એમના અવસાન પછી ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં કામ કરનારા અનેક જણ કવિ, લેખક, અભ્યાસી, ચિતારા, વિવેચકને હું મળ્યો. સૌને આ જ લાગે છે; સૌ આ જ રીતે પોતાની કૃતિઓનું સાફલ્ય ઓછું થએલું માને છે; સૌને એ ખોટ કદી નથી પુરાવાની એવી ખાતરી છે. જે માણસ આવો સત્તાધીશ હતો તે એકલો સાક્ષર કેમ કહેવાય?

ભૂત ગુજરાતનો સંપૂર્ણ ઈતિહાસ લખવાની એમના મનની ઉમેદ હતી અને તેને માટે એમણે અથાગ શ્રમ વેઠી સાધનો ભેગાં કર્યાં હતાં. પણ એ ઉમેદ મનની મનમાં જ રહી ગઈ. સાહિત્યથી જ ગુજરાત ગૌરવ પામશે અને તેમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટશે એવો એમનો નિશ્ચલ સિદ્ધાન્ત હતો.

રણજિતરામ માણસ ન્હોતા, એક ભાવના હતા. ગુજરાતની રાષ્ટ્રીય અસ્મિતા (Self-consciousness)ના એ અવતાર હતા. તેને માટે તે જીવતા, તેને જ માટે તેમણે ત્યાગવૃત્તિ ધારી. તેને જ માટે તે નવાનવા માણસોના સંસર્ગમાં આવવા ઝંખતા, તેને જ માટે ગમે તે વેઠી તે બધાને એ ભાવનાએ પ્રેરવા મથતા. એમની નજર આગળ નવીન ગુજરાત સ્વપ્નું નહોતું, જીવન્ત વ્યક્તિ હતી. એ બધાને પ્રેરતા તો એક જ લક્ષ્ય તરફ— ગુજરાતનાં ગૌરવ, એકતાનતા, અસ્મિતા વિવિધતાથી ભરપૂર ગામેગામના લેખકોના એ ભાવનાના તે કેન્દ્રસ્થાન હતા. એ ભાવના પ્રસારવી એ જ એમનો જીવનમંત્ર હતો.

જેને રણજિતરામની માફક ગુજરાતના ભવિષ્યમાં અમર શ્રદ્ધા છે તેને આવા વિલક્ષણ પુરુષનું અવસાન હજાર ઘણી હોંશ પ્રેર્યા વિના રહેનાર નથી. ગુજરાત આજે નજીવું ગણાય છે, તેના વાસીઓ અસ્મિતા વિનાના છે, તેનું સાહિત્ય પ્રતાપહીણું છે; છતાં તે નિર્વીર્ય નથી. ‘ગુજરાત એક મહા વૃક્ષ છે. તેનાં મૂળોમાં શ્રી કૃષ્ણ પરમાત્માનો કર્મયોગ છુપાયો છે, તેની ડાળે દયાનંદો અને ગાંધીઓની કૂંપળો ફૂટી છે.’ જૂહુના ઘાતકી સમુદ્રે એક ઊગતી કૂંપળનો નાશ કર્યો ખરો; પણ એક ગયે અનેક શે નહિ થાય? ભાવનામય બની રહેલા કર્મયોગીનું લોહી અહિરાવણનું હોય છે; તેનું એક ટીપું પડતાં અનેક અહિરાવણો પ્રગટ થયા વિના રહેતા નથી. અને જ્યારે એવા અનેક પાકશે, ત્યારે ગુણવંતી ગુજરાતનું ગૌરવ રૂંધાશે. જ્યારે વાણિજ્ય, સાહિત્ય, સંસ્કાર અને સત્તાની માતા બની તે મ્હાલશે ત્યારે જ રણજિતરામ જેવાની કિંમત અંકાશે. ત્યારે જ કહેવાશે કે, જ્યારે ગુર્જરીનું માત્ર નામ જ હતું, જ્યારે તેના તનુજો એકતા વિના તરફડતા હતા, જ્યારે તેની સેવા એ મૂર્ખાઇ મનાતી, તેનું ગૌરવ એ સ્વપ્નું લેખાતું, તેનો પ્રતાપ કદી જોયો ન જણાતો તેવા ભયંકર નિરાશાજનક સમયમાં પણ કેટલાક એવા વિરલા હતા જે જનનીના પાદ સેવી કૃતાર્થતા માનતા, તેના ગૌરવનાં સ્વપ્નાં અનુભવી જીવન વિતાવતા, તેના ભવિષ્ય માટે ત્યાગવૃત્તિ ધારી તેને માટે પ્રાણ અર્પવા તલસી રહેતા. ક. મુનશી

થવા ન દેવી અને મૌન રહી ગેરહાજર રહેવું. તે સમયને મુકાબલે આજે તો આવી બાબતમાં સમાજની બધી મર્યાદા, રોકટોક કે બહિષ્કારનો લોપ થયો છે એ સૌકોઈ જાણે છે.

૪૦૮ સાર્જન્ટરાવ

અહીં ભોગીન્દ્રરાવ અને નરસિંહરાવના પરસ્પર કટાક્ષભાવોનો એક પ્રસંગ યાદ કરવો જોઈએ. ભોગીન્દ્રરાવનું હુલામણું નામ સાર્જન્ટરાવ હતું, અને કુટુંબીઓ તે કવચિત્ વ્યંગમાં પણ વાપરતા. એક વાર ભોગીન્દ્રરાવને તેમના મિત્ર કવિશ્રી લલિતજી મુંબાઈ આવ્યાના ખબર મળ્યા; પણ ઘણા મોડા મળ્યા, એટલે તેમની વિદાય લેવાના દિવસે તેમને ઊપડવાના ગ્રાન્ટ રોડ સ્ટેશન પર તેમને મળી લેવા માટે સાર્જન્ટરાવ સાન્ટાક્રુઝથી સમી સાંજની લોકલમાં બેઠા. ખૂબ થાકેલા હશે તેથી કે ગમે તેમ, પણ ટ્રેઇનમાં તે નિદ્રાધીન થઈ ગયા, અને ગાડી તો ગ્રાન્ટ રોડ વટાવી સીધી ચર્ચગેટ પહોંચી. ત્યાંથી ટ્રેઇન પાછી વળી ત્યારે પણ તે તો ઊંઘતા જ રહ્યા અને ફરી ગ્રાન્ટરોડ પસાર કરીને પરેલ પહોંચી ત્યારે જાગ્યા! કોઈને પૂછતાં જણાયું કે આ પરેલ છે, એટલે ગ્રાન્ટ રોડ હજી હવે આવશે એમ ધારીને સ્વસ્થ રહ્યા; પણ પછી તો એલ્ફિન્સ્ટન અને દાદર જોયાં ત્યારે ચમક્યા કે ગાડી તો પાછી સાન્ટાક્રુઝ તરફ જાય છે! આથી મનમાં ધટસ્ફોટ થયો, પણ હવે સમય વીતી ગયો હતો અને તેથી લલિતજીને મળાયું નહિ. આ વાત નરસિંહરાવને પહોંચી ત્યારે તેમણે ‘સર્જંતરાવની સુષુપ્તિ’ નામે કટાક્ષકાવ્ય લખ્યું, જેમાં આ પ્રસંગના સંદર્ભમાં ‘લેશ ન લીધો, લલિત ઉરનો લ્હાવ જો’ એ જાણીતી ગીતપંક્તિ પણ દાખલ કરેલી.

૪૦૯ સાહિત્યપ્રવૃત્તિમાં પગલાં

ઈ. ૧૯૧૭ના સપ્ટેમ્બરની પહેલી તારીખે પોસ્ટમાં વડોદરાથી શ્રી મટુભાઈ કાંટાવાળાના તંત્રીપણા નીચે પ્રકટ થતા ‘સાહિત્ય’ માસિકનો નવમો અંક પોસ્ટમૅને મારી ટપાલ સાથે બારણામાં નાખ્યો. કુતૂહલભર્યા હૈયે મેં તેનું રૅપર તોડ્યું તો પહેલા જ પાના ઉપર ‘કલાની કદર’ નામનો મારો લેખ છપાએલો જોઈ જરા સ્તબ્ધ બની ગયો, કે કદી લેખો નહિ લખનારનો આવો ઊર્મિલ લેખ તંત્રીએ પ્રથમ કેમ મૂક્યો હશે? મારે અને તંત્રીને કોઈ પિછાન પણ નહોતી. પણ આ લેખ તૈયાર થયો ત્યારે ભાવનગર જતાં પહેલાં મેં તે ભોગીન્દ્રરાવ પાસે વાંચેલો, અને તેમણે કહેલું કે આ મારી પાસે રાખી જાઓ, હું યોગ્ય ઠેકાણે મોકલીશ. એ લેખ આ રીતે છપાએલો જોઈ હું હોંશભર્યો તેમને ત્યાં ગયો અને ‘સાહિત્ય’નો અંક બતાવી તેમનો આભાર માન્યો. આજના વાચકોની જાણ માટે, પાંચ દાયકા પર લખાએલા એ લેખની શરૂઆતની કંડિકા અહીં ઉતારું છું:

‘કલા કુદરતના ભેદો ઉકેલી આપે છે, કલા માનવજીવનનાં રહસ્ય સમજાવે છે, કલા દેશનું ભાવિ રચે છે; ટૂંકમાં કલા કોઈ પણ દેશના

સમાજનું ખરું પ્રતિબિંબ છે. કોઈ પણ દેશની સ્થિતિ તપાસો, તો માલૂમ પડશે કે તે દેશમાં લોકચારિત્ર્ય, જ્ઞાન, ભક્તિ, ઉદ્યોગ કે વિજ્ઞાન જેટલાં ખીલ્યાં હોય છે અગર ઊતરતાં હોય છે, તે જ પ્રમાણમાં ત્યાંની કલા ઉત્કૃષ્ટ કે નિકૃષ્ટ હોય છે. મતલબ કે કલા દેશની આબાદી માપવાનું એક માપ (મીટર) છે. વળી, કલા દેશનો ઈતિહાસ પણ જાળવે છે. રાજાધિરાજોનાં રાજ્યો ગયાં, શ્રીમાનોના વૈભવ ગયા, મહાન સત્તાધારીઓ ડૂબ્યા, યોદ્ધાઓ પડયા, પણ કવિઓ અને ચિત્રકારોનાં ભૂતકાળનાં અમર કાવ્યો અને ચિત્રો તો આપણી સામે જીવતાં, આપણાં જિગર ઉછાળતાં મોજૂદ છે.'

બીજે દિવસે હાજીને તે લેખ બતાવ્યો ત્યારે કહે તમે હવે 'સદી' માટે લખતા જાઓ. એમ કહીને ફોટોગ્રાફર તારાપોરની કૃતિઓ પોતે ઇંગ્લંડમાં છપાવીને મગાવેલી તે મને બતાવીને તેના ગુણદર્શનમાં મારો લેખ માગ્યો,—માગ્યો શું, દબાણ જ કર્યું!

એ જ અરસામાં ૧૧મી તારીખે આગ્રાથી પ્રો. ડૉ. કાન્તિલાલ પંડયાનો મારા પર પૂર્ણ મમતાભર્યો પહેલો પત્ર આવ્યો. ગુજરાતના પ્રથમ કક્ષાના વિદ્વાન અને વિજ્ઞાનવેત્તા તરફથી આવો પત્ર મળતાં મારો આત્મવિશ્વાસ વધુ દૃઢ થયો.

બાગ મુઝફ્ફર ખાં
આગ્રા.
તા. ૧૧-૯-૧૭

રા. ભાઈ

તમારાં મિત્રો દ્વારા તમારું ઓળખાણ થયા પછી સાન્તાક્રુઝમાં આ વખતે તમને મળવાનો લાભ મળ્યો હતો. હમણાં "સાહિત્ય"માં "કલાની કદર" વાંચતાં તમારું બીજું ને કાંઈક અજાણ્યું દર્શન થયું. તમારો લેખ વાંચી મને ઘણો જ આનંદ થયો. આપણા અર્વાચીન જીવનને તમે બહુ ઉંડા તથા મર્મભેદી દૃષ્ટિએ તપાસ્યું છે: કલાવાન વિના બીજાને આવું ઊંડું દર્શન વિરલ થાય. આપણા જીવનમાં તમે જે ખામી દીઠી છે તે મને ઘણે અંશે સાચી લાગી છે, અને તે પૂરવા તેમ જ આપણી જીવનરીતિમાં વિશેષ સૌન્દર્ય તથા કલા ભરવા, તમારા જેવા ઘણાઓની સેવાની જરૂર છે. તમારી પીંછીએ આવું સારું કામ કરવા ઉપરાંત કલમથી પણ તમે આવું મહત્ત્વનું કાર્ય કરી શકો છો એ જાણી મને પરમ આનંદ થયો.

લિ. કાન્તિલાલ છ. પંડ્યાનાં
સ્નેહસ્મરણ.

વળી એ જ ગાળામાં 'મસ્ત ફકીર'નો જાણીતો હાસ્યલેખ 'કલદાર રૂપિયો' હાજીએ મને ચિત્રો કરવા આપ્યો. તેમાંના પાત્ર માટે મેં મારા પાડોશી વીજુભાઈ હજરતનો સ્કેચ ઉપયોગમાં લીધો હતો.

૪૧૦ નેપથ્ય-ચિત્રકાર દીનશા ઈરાની

અગાઉ જેમનો ઉલ્લેખ થઈ ગયો છે તે વિક્ટોરિયા ગાર્ડનમાંના કલાસંગ્રહમાં કામ કરતા ચૂનીભાઈ ઘોડીને આખા ગુજરાતી સમાજમાંથી તેમની સાથે કલાગોષ્ઠિ કરનાર હું મળી ગયો, એટલે તે આર્ટ સ્કૂલના પોતાના કાળની અને ત્યારના જુદાજુદા ચિત્રશિક્ષકોની વાતો કરતાં થાકે જ નહિ. એ વખતે મુંબાઈના નેપથ્ય-ચિત્રકારોમાં પેઈન્ટર હુસેનબક્ષનું નામ મશહૂર હતું: તે એટલે સુધી કે નાટકોના પરદા પર તેના હાથનાં દશ્યો જોવા માટે કોઈ વાર પ્રિન્સિપલ સેસિલ બર્ન્સ પણ નાટક જોવા જતા. ચૂનીભાઈના સહાધ્યાયી દીનશા ઈરાનીએ પરદા ચીતરવાની તાલીમ એ હુસેનબક્ષ પાસેથી મેળવેલી. તેને હાજી-મહમ્મદ સાથે પણ મિત્રતાની ગાંઠ બંધાએલી. 'વીસમી સદી'માં આવેલું મુલ્લરનું 'વાજિદઅલી શાહના ઉદ્યાનમાં બેગમોનો વિલાસ' નામનું ચિત્ર તેણે એક થીએટરની પ્રથમ જવનિકા પર ડ્રૅાપ સીન તરીકે આબાદ ઉતારેલું અને હાજીએ તેની રૉયલ્ટીના મુલ્લરને પચીસ રૂપિયા અપાવેલા. હાજી મને એ કંપનીનું 'અફલાતૂન' નામનું નાટક જોવા લઈ ગએલા, જ્યાં એ કાળના જાણીતા નટ માસ્તર મોહન સાથે મુલાકાત કરાવેલી. આ બધી વાત મેં ચૂનીભાઈને કરી એટલે કહે કે દીનશા ઈરાની તો મારો ગોઠિયો. ચાલ એક વાર તેને મળવા જઈએ.

અમે બપોરને વખતે ગયા ત્યારે થીએટરના ઉપરના માળે દીનશાજી પારસી સદરો અને લેંઘો ધારણ કરી જમીન પર પાથરેલા એક મોટા પરદા પર રેખાઓ પાડી રહ્યા હતા. ચૂનીભાઈને જોતાં જ તેમનો ઉમંગ ઝબકી આવ્યો: 'ડીકરા ઘોડી! કાંય કેટલા દિવસે?' મને ઓળખાવતાં ચૂનીભાઈએ કહ્યુ: 'વીસમી સદી' વાંચો છો ને બાવાજી? તેનાં ચિત્રો કરનાર આય મિ. રાવલ.' 'હં; હા. કે...એમ છો મિ. રાવલ! તમારાં સ્કેચિંગ અને કંપોઝીશન મને બહુ ગમેચ. થાય છે કે હું કયાં આય લાઈનમાં ફસાયો.' મેં દીનશાજીને 'પ્રતાપલક્ષ્મી' નાટકમાં જાદુગર બની સ્ટેજ પર ચમત્કારિક દેખાવો લાવતા જોએલા તે યાદ આપી અભિનંદન આપ્યાં. 'એમ? એમ? તમે એ બધું જોએલું કે? પન બાવા, તમે ઘના સરસ લાઈફ સ્કેચ કરો છો. જરા આય કાગજ પર સેવકનો સ્કેચ કરી આલો જી?' કહી એ તો ગોઠણ પર હાથ લંબાવી મારી સામે બેઠા. મેં સ્કેચ શરૂ કર્યો.

આ અંતરાનો લાભ લઈ ચૂનીભાઈ નીચેના સ્ટેજ પર પારસી ઍક્ટરો કંઈ રીહર્સલ કરતા હતા તે જોવા ગયા. સ્કેચ પૂરો થતાં તે આવી પહોંચ્યા, અને કંઈ હસે! કંઈ હસે! મેં પૂછ્યું શું છે? કહે કે આ પારસીઓને ટીખળ વિના ચેન પડે નહિ. નીચે રીહર્સલ ચાલે છે 'આધુનિક હરિશ્ચંદ્ર' નાટકનું. તેનાં નામો પુરાણાં છે પણ સંવાદો આજના જમાનાના! વિશ્વામિત્ર એકદમ આવી રાજા હરિશ્ચંદ્રને કહે છે: 'બેટા ગાદી પરથી ઊતરી જા! કે' દહારાનો વચન આપી ચીટકી રહ્યો છે! મારે ને વસિસ્ટને ફોર્થ સ્ટાંડર્ડમાં તકરાર થતી. તે કહે હું પહેલો રહું, હું કહું, હું. આજ તેના શિષ્યને ખબર પાડું!' થોડી વારે બાબાગાડીમાં રોહિત મોંમાં સીસોટીવાળું ચૂસણિયું લઈ આવે છે—વગેરે સંવાદોમાં પ્રાચીન હરિશ્ચંદ્ર ઉપર ખૂબ હસાહસભરી પૅરડી ચાલતી હતી. આ નાટક તો જોવું પડશે બાવા. દીનશા કહે: 'એ નહિ બને! નાટક ફક્ત પારસી કોમ માટે છે. પન આય સ્કેચ જુઓ; કેવો આબાદ છે! જીવતો રહે ડીકરા.' પછી તેમણે ઘણી બહોંસ કરીને ચા મંગાવી. એ એક જ દિવસની યાદી પર તેમણે કાયમ મહોબત નિભાવી. ઘણાં વર્ષો બાદ શ્રી ચાંપશીભાઈના આમંત્રણથી હું કલકત્તા ગએલો ત્યારે તે હજી હયાત છે એમ જાણી હું તેમને મળવા ગએલો, અને તેમણે તે વખતે ઉપલો પ્રસંગ યાદ કરી મારાં ખૂબ વખાણ કર્યાં અને રાતના ખેલ માટે મને તથા મારા સાથીઓને જોવા આવવા નિમંત્રણ આપ્યું, ત્યાં પણ ચાપાનથી સત્કાર કરેલો. આજ તે હયાત નથી, પણ મારે માટે એક યાદગાર આદમી રહ્યા છે. (ચાલુ)

અંતે એણે પણ પત્નીની પેઠે કહ્યું કે **'ચાલ, અંબાજી જવું છે'** ...પણ ક્યારે?

લેખક · સુધીર દલાલ

અમદાવાદની જાહોજલાલી એટલે એની મિલોની જાહોજલાલી. વ્હિસલ વાગતાં મજૂરોનાં ધાડાંને કોઈ મહાન રાક્ષસની પેઠે ગળી જતી અને પાળી છૂટતાં ઓકી કાઢતી મિલ ક્રિયાશીલતાનું પ્રતીક લાગે છે. એની ધમધમાટી, એના સાંચાની ઘરઘરાટી એના જાગૃત પ્રજ્જ્વલિત ઉદરની સાક્ષી જેવી ઊંચે આકાશમાં ધૂણી છોડતી ચીમની, એની આગવી, તીણી, આરોહ-અવરોહ કરી મજૂરોને જગાડતી, બોલાવતી, છોડતી વ્હિસલ : કેટલી જીવંત! કેટલી અચેતન!

પણ જ્યારે એ જ મિલો બંધ પડે ત્યારે? એ જ ધમધમતાં મકાનો શાંત ભેંકાર કફનપેટીઓ બની જાય છે. એની બારીઓના ભાંગેલા કાચ પાછળનું ભયંકર અંધારું, ખોપરીઓની આંખનાં બિહામણાં પોલાણો જેવું લાગે છે.

એવી જ આ એક મિલ હતી : જર્જરિત, અચેતન, શબવત્, આજુબાજુના ગંદા વસવાટો, બદબોભરી હવા અને લીલ બાઝેલાં મેલાં ખાબોચિયાંને કિનારે એ મિલ ઊભી હતી. પેસતાં જ જમણા હાથે કંઈક ઠીક લાગતું મેડાવાળુ મકાન અસલ શેઠસાહેબની ઑફિસ હતી. હાલ ત્યાં આ મિલના ભાડૂતોનાં ભાડા ઉઘરાવતો અને સામાન્ય દેખભાળ રાખતો કારભારી રહે છે.

મિલના ઉપલા માળે જવાના દાદરાનાં પાટિયાં કહોવાઈ ગયાં છે. આ ઉપલા માળે બ્લોરૂમ હતો. અહીં રૂની ગાંસડીઓ આવતી, એના વજનદાર પાટલા ગગડાવવાથી ઈંટો ઘસાઈ ગઈ છે અને ફરસમાં ખાડા પડી ગયા છે. મિલ પાસે સમારકામના ક્યારે ય પૈસા નહોતા.

અહીં નીચે પહેલાં કાર્ડરૂમ અને ફ્રેમખાતુ હતાં. હાલ રૂના પાટલા રાખવાની ગોદામો તરીકે કોઈ મિલે તે ભાડે રાખ્યાં છે.

આ રોપ ઍલી, જ્યાં જંગી ઑઈલ એન્જિન તોતિંગ દોરડાં વડે આખી મિલના સાંચા ચલાવતું. આજે તો છાપરાનાં ભાગેલાં પતરાંમાંથી આવતા પ્રકાશના સ્પૉટલાઈટમાં કરોળિયાનાં જાળાંની આકૃતિઓ દેખાય છે. પેલા પ્રકાશના પ્રતિબિંબને લીધે આજુબાજુનું છાપરું ખૂબ અંધકારમય લાગે છે. પણ જુઓ, હું એક કાંકરી ફેંકું... ચામાંચીડિયાં! જોયાં? સંભળાયાં? કાળાં, ગંદાં, બિડોળ, હિચકૉકનાં 'બર્ડ્ઝ' જેવાં વિકરાળ!

મિલના પાછળના ભાગમાં એક પાવરલૂમ ફૅક્ટરી છે, એક લોખંડનું નાનું કારખાનું છે, અને એક સાબુની ફૅક્ટરી છે. એની પાછળના ભાગમાં જવા જેવું નથી. બૉઈલર હાઉસની છતનો ભાગ પડી ગયો છે અને ત્યાં આડાંઅવળાં પડેલાં સિમેંટ-કૉંક્રીટનાં ગચિયાં વચ્ચે ઘાસ ઊગ્યું છે.

ત્યારે ચોમાસું વીતી ગયું હતું. સવારે ઠંડીની ચમક વરતાતી. સાંજની હવામાં ધૂળ અને ધૂણી નીચે ઊતરતાં અને આ મિલવિસ્તાર પર તોળાઈ રહેતાં. જમીન ચામડીની જેમ સૂકી અને બરછટ થવા માંડી હતી. ઘાસે પીળાશ પકડવા માંડી હતી. અજાણતાં જ હોઠ પર જીભ વારે ઘડીએ ફરી જતી. અંધારું વહેલું થઈ જતું અને સાડા છ-સાતે તો મિલનું કંપાઉન્ડ સૂનકાર બની જતું.

મિલની રોપ ઍલીમાંથી ગભરાયા વગર અંદર ઊંડે જતાં સુારણીખાતાનો બ્લૉક આવે છે. ત્યાં અત્યારે તેલનાં પીપો, લોખંડનો કાટમાળ ને જૂના તૂટેલી હાલતમાં ખડકાએલા સાંચાઓના દાગીનાઓ. ઉપર એક દીવો બળે છે. એની નીચે પાંચ-છ જણ એક પીપ પર ગોઠવેલા ચોરસ પાટિયાની ચારે બાજુએ પાટલીઓ પર બેઠા છે. એમની પાસે બાટલા પડ્યા છે. દીવાના પ્રકાશમાં બીડીના ધુમાડાનાં ગૂંચળાં ભમે છે. દિવસે જૂના કાટમાળની આ વખાર અત્યારે જુગારીઓનો, વ્યસનીઓનો અડ્ડો બની જાય છે. આટલે ઊંડે, અંધારી રોપ ઍલીમાં, ઊડતાં ચામાંચીડિયાંની ચીચિયારીઓ વટાવી અહીં સુધી તપાસ કરવાની કોઈની મગદૂર નથી. ભંગારના વેપારી વિઠ્ઠલની આ વખાર છે. એ અઠંગ ખેલાડી, ઉસ્તાદ બાજીગર ને ગુંડો છે. પાંડુ ખિસ્સાકાતરુ છે, વિઠ્ઠલનો ભાગીદાર છે, પણ દિલનો દાનો છે. અબુ ગની બેકાર, ભિખારી ને દારૂડિયો છે. મહેતાજી નામે ઓળખાતો કારભારી અહીં રમવા દેવા માટે દરેક બાજીએ ભાગ મેળવે છે, ને રમ્યા ને હાર્યા વગર કે ઝગડ્યા વગર મહિને બસો-ત્રણસોનો કર ઉઘરાવી લે છે.

આ બધામાં ઉમાકાંત એક જ ખાનદાન કહી શકાય એવો હતો. દિવસે એ લોખંડના કારખાનામાં કારકુની કરતો. રાત્રે બે પૈસા બનાવીને તાલેવંત થવા એ આ લોકો સાથે ભળ્યો હતો, ને મોટે ભાગે તો એ ખોતો જ હતો. રાતના બારની વ્હિસલો વાગતાં એ અહીંથી ઊઠ્યો.

'ક્યું બિરાદર, કબ?' ગની બોલ્યો.

'કલ.' ઉમાકાન્તે જવાબ આપ્યો અને થોકડી કોટના અંદરના ખિસ્સામાં ગોઠવી. એની પાતળી દમિયલ છાતીને એમાંથી હૂંફ મળી.

'બીબીજી કા મું દેખ કે આયા થા?'

'તબ તો હારતા.'

'કમાલ કર દી! મૈં તો ભિખારી બન ગયા.'

'સો દિન તેરા, એક દિન મેરા.' ઉમાકાંત બોલ્યો.

'લેકિન તુમ્હારા એક દિન હઝાર જૈસા નિકલા. મૈં તો ખાખી બંગાલી બન ગયા. મહેતાજી! દો-ચાર મહિના તનખા નહિ મિલેગી ભાઈસાબ! શેઠજી સે કહ દીજિયે.'

'ગણ્યા?' મહેતાજીએ પૂછ્યું. 'ઘેર જઈને.' ઉમાકાન્ત બોલ્યો.

'ચાર, પાંચ રૂપયે તો દો. ચા–પાની પિલાઓ, બાદમેં ઘર ચલેં જાયેં.'

ઉમાકાંતે ખિસ્સામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી પાટિયા ઉપર મૂકી, બાટલામાંથી બદામી પ્રવાહી પ્યાલીમાં થોડું ઠાલવી એક ઘૂંટડો ગળું ઊંચું કરી રેડી દીધો અને ખભે કોટ ટીંગાવી ચાલી નીકળ્યો.

'સાલા, કલ આયેગા નહિ તો?'

'ઉસકા બાપ ભી આયેગા, ઝિંદા રહના હોગા તો. પાંચ હઝાર ક્યા હજમ કર જાયેગા બચ્ચા?'

'એક જ દિવસ બેટો લહેરમાં રહી શકશે.'

'હવે રમવું છે કે...'

'છોડ યાર, આજ અપના દિન નહિ હય. કમબખ્ત બીબી કા મું દેખા હોગા.' 'ચલો ચલે.'

ચારે જણ ઉમાકાન્તની પાછળ ઊઠ્યા. એકે બૅટરી કાઢી. દીવો બંધ કર્યો. બૅટરીના અજવાળામાં તેલનાં પીપને લાતો મારતા, બંધિયાર વખારના કાળા અંધકારમાં પડઘા પાડતા બધા બહાર નીકળ્યા.

'સલામ.' 'સલામ.'

ઉમાકાંત ઝડપભેર ચાલવા માંડ્યો. હજી એને દોઢ માઈલ ચાલીને શહેરની પોળમાં જવાનું હતું. ચાંદની ચારેબાજુએ શાંત પ્રકાશ પાથરી રહી હતી. શેરીઓ સૂનકાર હતી. રઝળી રખડી થાકી ગએલાં કૂતરાં

ટૂંટિયું વાળી જંપી ગયાં હતાં. ઉમાકાંતની પાછળ એક કૂતરું સૂંઘતું સૂંઘતું થોડું દોડયું અને કરડવાની આળસે પાછું ફરી ગયું. ઉમાકાંતનું ધ્યાન નહોતું. એનું બધું જ ધ્યાન છાતી આગળ ઉપસેલા કોટમાં કેન્દ્રિત થયું હતું. દમ ચડતાં રોગી છાતી પર હાથ દબાવે એમ એ ઘડીએ ઘડીએ કોટના ખિસ્સા ઉપર હાથ નાખતો હતો. બીડીની ધૂણીથી ખવાઈ ગએલા એના શરીરમાં લોહી ઝડપભેર ફરતું હતું. મહિનાના સવાસો; આઠ મહિનાના હજાર; ચાળીસ મહિનાના પાંચ હજાર! સવા ત્રણ વર્ષની કાળી મજૂરીનો પૈસો એક જ દિવસમાં! એક જ દિવસની એક જ સાંજમાં! કાલે પાછું રમવા જવું પડશે? એ વિચાર પાછળના ભયંકર પ્રત્યાઘાતોનો ખયાલ, ન કરવા છતાં ય, એને આવી ગયો અને ઘડીભર એ થથરી ઊઠયો. ઊંચે આકાશ તરફ એણે જોયું. એ જ શાંત ગતિથી ચંદ્ર એની સોબત કરી રહ્યો હતો: વખારથી ઘર સુધી. પોળના ઘરથી આગળપાછળની દીવાલો પર, એક પર પડતી ચાંદનીનાં ઉજ્જ્વળ ચોકઠાં ને બીજી પર પડતા પડછાયાનાં કાળાં ચોસલાં શતરંજના બૉર્ડની જેમ એ જોઈ રહ્યો. આ જીવનની અગમ્ય શતરંજના એ પ્યાદું હતો! આજે એનો વઝીર એક વિજયી ચાલ ચાલ્યો હતો!

એક અંધારી ખડકીમાં થઈ એ પોતાના ઘરમાં પેઠો. સાંકડી ઊભી સીડી ચડતામાં એના હૃદયમાં પાંચ હજાર કમાયાનો આનંદ ફરી વ્યાપી ગયો. ઉપર જઇ એણે બારણું ઠોક્યું. પત્નીએ બારણું ખોલ્યું. ખોલતાં જ એ એને બાઝી પડયો.

'ફરી પીને આવ્યા લાગો છો' કહી એણે પોતાના ગળે વીંટાએલા હાથની ગાંઠ છોડાવીને, ભોંય પાથરેલા ગાદલા પર આડાં સૂતેલાં ત્રણ છોકરાં વચ્ચેની સાંકડી વાંકી-ચૂકી જગ્યાને અનુકૂળ થઈ એ સૂતી. એના ચહેરા પરની આછા ધિક્કારની રેખાઓ જોઈ ઘડીભર એ અટકી ગયો. પછી બોલ્યો: 'આજે તો પાંચ હજાર જીત્યો.' બજારમાંથી ભીંડાનું શાક લાવ્યો છું એમ કહેવા જેટલી સાહજિકતા તે એ અવાજમાં લાવવા ગયો, પણ એની પાછળનો આનંદ 'જીત્યો' બોલતાં ડોકિયું કર્યા વગર રહ્યો નહિ. 'એમ?' એની વહુ બોલી. એમાં રહેલી નીરસતા, અવિશ્વાસ, અશ્રદ્ધા, કંટાળો એના હૃદયને કોરી ગયાં. દીવો બંધ કરી એ ખાટલા પર આડો પડયો. છોકરાંનાં નસકોરાં ને ઊંદરના ફરવાના અવાજ સિવાય શાંતિ પથરાઈ ગઈ. એના હૃદયમાં આનંદ માતો નહોતો. એ આનંદમાં એની સ્ત્રી સહભાગી થતી નહોતી એટલું જ નહિ, એનામાં વિશ્વાસ પણ ધરાવતી નહોતી!

થોડીક શાંત પળો પછી જ્યારે એ 'ખરેખર?' એમ બોલી ત્યારે એ બેઠો થઈ ગયો. ઊભા થઈ, કોટના અંદરના ખિસ્સામાંથી થોકડી કાઢી અને એની પત્નીના ગાલ પર નોટોના કાગળની સુંવાળી ધાર ફેરવી.

થોડી વાર એ શાંત સૂઈ રહી. અંગૂઠો અને આંગળી નોટો પકડતાં આટલાં છૂટાં ક્યારે ય નહોતાં રહ્યાં એનો વિચાર કરતો એ ખાટલે જઈ બેઠો અને પછી થોકડી છાતી ઉપર મૂકી ચત્તો સૂતો. એના શ્વાસોચ્છ્વાસની સાથે ઓતપ્રોત થઈ ગઈ હોય એમ થોકડી ઊંચીનીચી થતી એ જોઈ રહ્યો. પત્ની બોલી: 'ઘરધણી આવ્યો હતો. છ માસનું ભાડું ચડી ગયું છે એમ કહી ગાળો ભાંડીને ગયો.'

એણે જવાબ ન આપ્યો. પાંચહજારમાંથી એણે બાદબાકી શરૂ કરી.

'મેં કહ્યું બારીઓના કાચબાચ નંખાવવા નથી, છત ચૂએ છે, સીડીનાં પાટિયાં સડી ગયાં છે. એ બધું કરાવો પછી ભાડાની વાત કરજો.'

'હં, પછી?'

'તો કહે ભાડાં આલવાં નથી ને મહેલમાં રહેતા હો એમ સાહ્યબી જોઈએ છે. તમારી મેતે કરાવી લ્યો, કહે.'

'ઘર એનું, અને આપણે......?'

'કહે, મારે શું? છોકરાં તો તમારાં ટાઢે મરશે કે મારાં? ખરી રીતે તો મ્યુનિસિપાલિટીએ નોટિસ આપેલી છે, ઘર પાડી નંખાવવાની. આ ચોમાસું નીકળ્યું એમ કહો, નહિ તો—મારો વાલો ગાળો દઈને કહે—તું તારાં છોકરાં ને તારો પેલો જુગારી ધણી બધાં ય જમસદન પહોંચી ગયાં હોત! નખ્ખોદિયો!' એ કંઈ બોલ્યો નહિ.

'પચાસ રૂપિયા આલતાં ય આવી એક ઓરડી ય હવે ક્યાં?' એ બોલી: 'માથે દીવાળી આવે છે. થોડુંક કાપડ લેવું છે. છોડીનાં ય કપડાં ફાટી ગયાં છે. બાબો ય નિશાળે જતાં ભુમરાણ કરે છે. તમે દેવું કર્યું ત્યારથી દીવાળીમાં સુંવાળી સરખી ય કરી નથી. તમે કહેતા હો તો કાલ મેંદો લાવું. ગજરીબેનનાં છોકરાંઓને ખાતાં જૂએ છે ને દોડયાં આવે છે: મા, સુંવાળી આલ્ય, ને મા સેવ આલ્ય! મેર મૂઆઓ! ખાઈ જાઓ તમારી માને! આજ તો હું એવી અકળાઈ ગઈ. નથી જોયું જતું. કહેજો તમારા બાપને, મેં કીધું. ફટ દઈને છાનાં. છોડી કહે, બાપા તો મારે. મેં કીધું, ત્યારે તંઇ કેમ કંઈ નથી ચાલતું? તો કહે, મારા વાલાં, તું કહે; તારું ચાલ છ! મારાં હાળાં શેતાનનાં બચ્ચાં છે.'

ઉમાકાંત અંધારામાં હસી પડયો: 'એમ ત્યારે? હું શેતાન છું.'

'ઓય મા!' એની વહુ સમજી ગઇ ને બોલી ઊઠી.

'હેંડો ને અંબાજી જઈએ. બાબો જન્મ્યો ત્યારે ય ન ગયાં. ત્યારે પૈસા નહોતા. નિશાળે મૂક્યો ત્યારે ન ગયાં. ત્યારે ય નહોતા. આજે છ ત્યારે તો જઈએ.'

'જઈશું!' 'ક્યારે?'

'નવરાતર ઊતર્યે. અત્યારે તો ત્યાં પડે એના કકડા.'

'ઓચ્છવકાકાનો કાગળ આયો છે.' થોડી વારે પાછી એ બોલી.

'તેં મને સવારે કેમ કીધું નહિ?'

'મોડો—બપોરે આયો.' 'શું લખે છે?'

'જસોદાનાં લગન લીધાં છે. માગશર સુદ પાંચમનાં નક્કી કર્યાં છે.'

'જવું પડશે ને?' 'હાસ્તો, ચાંલ્લો ય કરવો જ પડશે ને?'

'પચ્ચીની ઊઠશે.'

'સવારે તો મને એવો જ વિચાર આવેલો. મેં મારી જાતને કહ્યું, તારે બધા શૉખ થાય છે, જવાના ને આવવાના.'

ઉમાકાંતે છાતી પરથી થોકડી લઈ ગાદલા તળે દબાવી. એ પછી વળી ઊંદરડા કાતરી જશે વિચારી ઊઠીને કબાટમાં મેલી.

'તારે સાલ્લો લાવવો હોય તો કાલ લાવજે. છોકરાંનાં ય કપડાં લેજો અને કાલ રણછોડજીથી આવતી વેળા લાકડશી લેતી આવજે. માતાજીની આઠમ છે. ખાશે છોકરાં.'

'તમે ય ત્યારે ધોતિયું લાવો ને? શિયાળો આવે છે. માથે વીંટવા ગળપટ્ટો ય એક લઈ લ્યો. ગયે શિયાળે આખી રાત ખોંખોં કર્યા કર્યું છે.'

ઉમાકાંત છત પર ચૂલાની ધૂણીથી પડેલાં કાળાં ધાબાં તરફ તાકી રહ્યો. અત્યારે ય એની છાતીમાં ઘરઘરાટી બોલતી હતી: દમની મૃત્યુ તરફ ખેંચતી જિંદગીની, ઉમરની, રોગની તોર્તિંગ સાંકળોની!

ગનીના શબ્દો એકાએક એના કાને અથડાયા: 'કલ!' ઘોડાપૂરની જેમ આવેલો ઉત્સાહ, હર્ષાવેશ ઊતરી ગયો.

'હવે આ લત છોડી દો તો?' ગભરાતા સ્વરે એની પત્ની બોલી. એણે જવાબ દીધો નહિ. 'કાલે જવાનું છે?' એ ફરી બોલી.

વખારમાંથી નીકળતાં સંભળાએલા 'કલ આયેગા નહિ તો?' એના મગજમાં પડઘા પાડતા ઘૂમવા લાગ્યા, ડાકલીઓ વગાડવા લાગ્યા.

'ફરી જશો ને હારશો, ને પાછું આ ને આ.'

'પેલા ડાધિયા જોયા છે?'

‘થયું ત્યારે તો! સાલ્લો, ને છોકરાંનાં કપડાં, ને અંબાજી, ને બધું ય!’ એની વહુ હતાશાથી બોલી. ‘ચૂપ કર!’ ઉમાકાંત તપી ગયો.

એની પત્ની શાંત થઈ ગઈ. છેક પાછલી રાતે બંનેને ઊંઘ આવી.

સવાર પડી. રોજની જેમ ભાખરી ને શાક ખાઈ એ કારખાને જવા કોટ પહેરવા ગયો. સ્વાભાવિક એનો હાથ અંદરના ખિસ્સે ગયો. વર્ષોથી ભરેલા ખિસ્સાથી જાણે ટેવાયો હોય એમ ઘડીક એ ખિસ્સું ખાલી જોતાં ખચકાઈ ગયો. ખાનું ખોલી થોકડી એણે સંતાડી ને પછી હળવેથી ખાનું ને કબાટ બંધ કરી દીધાં. અને પછી કારખાને ગયો.

સાંજે પાછો આવ્યો ત્યારે એની વહુ બોલી: ‘મારા મનમાં તમે રોજના ટાઈમે આવશો.’ રોજના ટાઈમે એટલે રાતના બાર-એક.

બોલ્યાચાલ્યા વગર એણે થેલીમાંથી મીઠાઈનું પડીકું, નવા સાલ્લાની પ્લાસ્ટિકની થેલી અને કપડાંનું બંડલ કાઢ્યું. વહુની આંખના ખૂણે બાઝેલાં હર્ષાશ્રુનાં બિંદુમાં આનંદની વીજળી ઝબૂકતી એ જોઈ શક્યો.

‘મેં તો રાંધ્યું ય નથી. સવારનું ઢાંકેલું હતું. દાળ ઓરી દઉં? વાર નહિ લાગે. હમણાં, ઝપાટાબંધ!’

‘છોકરાં ક્યાં છે?’

‘રમતાં હશે પોળના મોઢે.’

એણે ખીટીએ કોટ ટીંગાડ્યો અને ખાટલે બેઠો. આજે છાતીમાં કંઈક ઠીક હતું. એની વહુએ ચૂલો સળગાવ્યો. આંધણ મેલ્યું. આમ ફુદરડીની જેમ ફરી વળતી એને એણે ક્યારે ય જોઈ નહોતી. ફાટેલા સાલ્લામાંથી એના કાળા વાળ જોતાં જોતાં એ મનોમન બબડ્યો: ‘મારા ધોળા થયા છે, પણ આના તો હજુ ય……’

‘કોણ?’ કોઇકે બારણું ઠેકયું એટલે એણે પૂછ્યું.

‘હું પાંડુ.’ બહારથી અવાજ આવ્યો.

ઘડીક એને બારણું નહિ ખોલવાનો વિચાર આવી ગયો. કબાટના ખાના તરફ એક નજર ફેરવી એ ઊઠ્યો. એની વહુ એની સામે જોઈ રહી. આંધણ ઊકળવા આવી ગયું હતું એનો અવાજ આવતો હતો.

‘ચલો યાર, તુમારી સબ વાટ જુએ છે.’ પાંડુનું હિંદી-ગુજરાતી એવું જ હતું.

ઉમાકાંત એને બારણેથી ધકેલી બહાર લઈ ગયો ને પાછળ બારણું વાસ્યું. અંદર એની વહુ બેસી પડી. એના હૃદયમાં ફાળ પડી હતી. બારણા પાછળથી આવતો ગુસપુસ અવાજ એ કાન દઈ સાંભળી રહી.

‘તું જાણે છે, તું નહિ આવે તો વિઠ્ઠલ તને નહિ છોડે? પાંચ હજારનો સવાલ છે દોસ્ત. તારા અચ્છા વાસ્તે કહું છું.’

થોડી વારે એ અંદર આવી ખાટલા પર બેઠો. એની વહુ એની સામે થોડી વાર જોઈ રહી ને પછી રાંધવામાં પરોવાઈ. ઉમાકાંત સૂમસામ બેસી રહ્યો. એના મનમાં જવું-ન જવુંની ઘડભાંજે ઉગ્ર સ્વરૂપ લીધું હતું. એ જ કંપાઉંડમાં કાલે નોકરી કરવા જવાનું છે: એ વિચારી રહ્યો.

બારી બહાર પોળનો ખૂણો અંધારાયો. એની છોકરી અને વચલો છોકરો લઘરવઘર દોડતાં સીડી ચડી ઉપર આવ્યાં અને એને જોઈ જરા ગભરાઈ હાંફવા માંડ્યાં. ‘બાબો ક્યાં છે?’ એમની માએ પૂછ્યું.

‘કોઈની જોડે એ તો ગયો!’

‘શું કોઈની જોડે ગયો? કોની જોડે?’ એમનો બાપ તડૂકી ઊઠ્યો: ‘રાત પડ્યે ઘેર આવવાનું કે કોઈની જોડે જવાનું?’

છોકરાં ગભરાઈ કંઈ બોલ્યાં નહિ. ઉમાકાંતે લાફો ઉગામ્યો: ‘કોની જોડે? બોલો?’ છોકરી ગભરાતી ગભરાતી બોલી: ‘પેલા હમણાં કોઈ તમને મળવા આવ્યા’તા ને, એમની જોડે!’

ઉમાકાંત બેઠો થઈ ગયો: ‘એણે શું કહ્યું?’ ફાટી આંખે એ બોલ્યો.

‘કહે, ચાલ મગસ ખવડાવું. કહે, તારા બાપાનો હું દોસ્ત છું. અમને કહે કે તમે જાઓ, તમારા માટે આની જોડે મોકલીશ.’

ઉમાકાંતે એક ઝપાટે કોટ ખેંચ્યો. કોટની સાથે ખીંટી પણ ખેંચાઇને ખણુણુણુ કરતી નીચે પડી! ‘ક્યાં જાઓ છો?’ એની વહુએ પૂછ્યું.

‘આ સાંભળ્યું નહિ તેં! સૂવરનો બચ્ચો આટલી હદે…’

‘એને ઉપાડી ગયા હશે?’ એ બહાવરી થઈ ગઈ. ઉમાકાંતે જોડા પહેર્યા. ‘પણ તમે પોલીસમાં કહોને?’

‘તું એમ માને છે કે હું પોલીસમાં જઈને કહું ને એ લોકો મને જીવતો છોડે?’ એની વહુ ધીમુંધીમું રડવા માંડી. ‘મારી ચિંતા ન કરીશ. હું એને લઇને આવું છું.’ કહી એ સીડી તરફ દોડ્યો.

પોળને મોઢેથી એણે રિક્ષા કરી. પા કલાકે એ વખારે પહોંચ્યો ત્યારે એ રિક્ષાવાળાને પૈસા ચૂકવ્યા વગર જ અંદર દોડ્યો.

‘એ ય સાબ પૈસા?’ રિક્ષાવાળાએ બૂમ મારી. પાછા ફરી ખિસ્સામાંથી મૂઠીમાં આવ્યું એટલું પરચૂરણ એણે પેલાના હાથમાં ઠાલવી દીધું.

રોપ ગલીમાં પેસતાં ચામાચીડિયાં ફડફડી ઊઠ્યાં. તૂટેલા કાચમાંથી એણે જોયું તો વખારમાં વિઠ્ઠલ, ગની, મહેતાજી અને પાંડુ બેઠા હતા—બારણા તરફ મોં કરીને.

એ ધીરો પડ્યો. થોડી વાર ઊભા રહી શું કરવું એના વિચારમાં પડી ગયો. ચામાંચીડિયાં પાછાં પોતપોતાની જગ્યાએ લટકી પડ્યાં.

વખારના બારણા આગળ એ ઊભો રહ્યો. પ્રકાશમાં એ ચારે જણાને જોઈ રહ્યો. પેલા ચાર બારણાના અંધારા ચોકઠામાં માણસની આકૃતિ શાંતિથી જોઈ રહ્યા. ‘આઈયે.’ વખારમાં એના પડઘા પડ્યા.

ઉમાકાંત ત્યાં ઊભાંઊભાં જ બોલ્યો: ‘પાંડુ. મારો છોકરો લાવ. મારો છોકરો ક્યાં છે?’ એનો અવાજ તરડાઈ ગયો.

‘તેરા છોકરા? મેરી પાસ? મું સમાલ કે બોલ દોસ્ત!?’

‘વિઠ્ઠલ, આ તારાં કારસ્તાન છે હું મરીશ પણ સૂવર તને નહિ છોડું.’

‘તારો છોકરો તારી પહેલાં મરશે.’ કહી વિઠ્ઠલ હસ્યો: ‘પાંચ હજાર રાખી લે. છોકરો અમારી પાસે છે.’ બીજા ત્રણે હસ્યા.

‘બાબા…બાબા…મહેશ!’ ઉમાકાન્તે બૂમો પાડી. જવાબમાં વખારની દીવાલો અને દીવાની નીચેના ચાર પ્રેતો અટ્ટહાસ્ય કરી ઊઠ્યા.

‘બૉઇલર હાઉસમાં છે, ત્યાં જા.’

ઉમાકાન્ત બહાર દોડ્યો. કંપાઉંડ પાછળ જઈ બૉઈલર હાઉસના ખંડિયેરમાં એ પેઠો. એકાએક એના પ્રવેશથી એક કૂતરું પૂંછડી દબાવી ભસતું ભસતું ભાગી ગયું. ‘બાબા!… મહેશ!…’ ખુલ્લી હવામાં પડઘા પણ પડ્યા નહિ. એ પાછો અંદર દોડ્યો. ચારે જણા એવા જ સ્થિર, શાંત, બેફિકરા બેઠા હતા.

‘અચ્છા, હું પોલીસમાં ખબર આપું છું; તું પણ બેટમજી જો.’ હાંફતાં હાંફતાં એ બોલ્યો. ‘પોલીસ તારા છોકરાની લાશ જ જોશે.’

લાશ શબ્દે એ થથરી ઊઠ્યો. ધીમેધીમે એ આગળ વધ્યો. છેક પાસે આવી એ કરગરી પડ્યો. રડી પડ્યો.

‘પાંચ હજાર લે કે આવ. બાદ મેં લડકા મિલેગા.’ ગની બોલ્યો.

‘પાંડુ ઉસ કી સાથ જા. ઉસ કા દિમાગ આજ ઠીક નહિ હય. બિચારા કહીં ગડીબાડી મેં ન આ જાયેં!’

પાંડુ ઊઠ્યો. બન્ને જણા બહાર નીકળ્યા. મૂંગા મૂંગા રિક્ષામાં બેસી ઘેર આવ્યા. પાંડુ ઓરડી બહાર ઊભો રહ્યો. ઉમાકાન્ત અંદર ગયો. એની વહુ સૂજેલી આંખોએ એની સામે તાકી રહી. ઉમાકાંત એના તરફ જોયા વગર કબાટ તરફ સીધો ગયો.

'ક્યાં છે બાબો? તમે બધા જુગારિયાઓ, દારૂડિયાઓ, મારા છોકરાને...' ડૂસકાંમાં એના બાકીના શબ્દો ભીંજાઈ ગયા.

ઉમાકાન્ત કબાટના ખાનામાંથી થોકડી કાઢી બહાર નીકળી ગયો.

'ક્યૌ આયા?' વખારમાં બંનેને પેસતા જોઈ વિઠ્ઠલ બોલ્યો: 'ચલો ઠીક હુઆ. ઇતની છોટી સી બાત અપની દોસ્તીકા બીચમેં આ જાય યે ઠીક નહિ. મહેતાજી પાનેં નિકાલો, ખેલેં.'

મહેતાજીએ પાનાં કાઢયાં. ઉમાકાન્તે પૂછ્યું: 'મારો છોકરો...?'

'ઘર જાતે વખ્ત લેતે જાના. વો તો ખા-પી કર સો ગયા.'

ઉમાકાંત સમજી ગયો. રમ્યા વગર છોકરો મળે નહિ. બાજી ઉપર બાજી પડવા માંડી. પાંચ હજાર ખોયા સિવાય છૂટકો નહોતો. ભગવાન આજ બાજી પણ અચ્છી આપવા માંડયો હતો. એક્કો દૂરી તીરી; ત્રણ દસ્સા... થોડું રમી એણે પાનાં ફેંકી દેવા માંડયાં. થોકડી ઘટતી ચાલી. બાજી ફેંકી ના દેતો હોત તો થોકડી અત્યારે બીજી એટલી વધી ગઈ હોત. એના મગજમાં મહેશ...બાબો...ચાલ્યા જ કરતું હતું. થોકડી પૂરી થઈ. 'અબ?' 'પાંડુ, દે દે ઉન કા લડકા.'

થોડી વારમાં પાંડુ ક્યાંકથી એના છોકરાને લઈ આવ્યો. છોકરો બબાકળી આંખે બાપને જોઈ રહ્યો ને પછી એને વળગી પડયો.

'અબ ખેલાના હૈ?' ગની બોલ્યો.

'કભી નહિ!' ઉમાકાંતે કરડાકીથી જવાબ આપ્યો: 'લડકે કો ઘર છોડ કે આતા હું.' એના અવાજમાં ભયંકર ખુન્નસ હતું.

'ફિર જીત કે ઘર નહિ જા સકોગે!'

ઉમાકાંત બોલ્યા વગર છોકરાને તેડી બહાર ગયો. ઘેર જઈ એણે એની માને સોંપ્યો. છોકરો માના ખોળામાં માથું નાખી રડી પડયો.

'તું આજે હું સાલ્લો લાવ્યો છું એ પહેરી લે, અને થેલીમાં છોકરાંનાં ને મારાં એક જોડ કપડાં નાખી લે. હું હમણાં આવ્યો.' ઉમાકાંતે શ્વાસ ખાધા વગર પાછાં દાદરાનાં પગથિયાં ઊતરતાં કહ્યું. એની વહુ કંઈ સમજી નહિ.

ઉમાકાંત વખારે પાછો આવ્યો ત્યારે પેલા બધા ય એની વાટ જોઈ બેઠા હતા. 'દાવ નાખો.' એ બોલ્યો.

બાજી પડી. બે-ચાર બીજી બાજી રમ્યો. થોડાક રૂપિયા એ હાર્યો.

ફરી બાજી પડી. દાવ વધવા માંડયો. વિઠ્ઠલ ને એ સામસામા આવી ગયા. ઉમાકાંતની ખુમારી વધતી વિઠ્ઠલ જોઈ જ રહ્યો, પણ કંઈ સમજ્યો નહિ. ઉમાકાંત ખંધું હસીને બોલ્યો: 'હવે રમ્યા વગર ઘેર જા; તારા છોકરાને શોધી કાઢ.'

વિઠ્ઠલ સટાક ઊભો થઈ ગયો. પત્તાં ફેંકી દઈ એ દોડયો: વખારની બહાર, પોતાના ઘર ભણી. ગની એના ઉઘાડા પડેલા ત્રણ દસ્સા જોઈ રહ્યો. ત્રણે જણા ઉમાકાંત તરફ તાકી રહ્યા. વિઠ્ઠલનાં પગલાંના પડઘા શમી ગયા એટલે એ ઊભો થયો અને એણે પત્તાં ઉઘાડાં ફેંક્યાં. એના ત્રણ એક્કા તરફ ત્રણે જણા જોઈ રહ્યા.

'ગની, વિઠ્ઠલને કહેજે કે છોકરો કોઈ ઉપાડી જાય ત્યારે એના બાપને આવું થાય અને એના છોકરાને ઘેર સહીસલામત જોઇને મને મારવા અહીં પાછો આવે ત્યારે એને કહેજે કે ઉમાકાંત પાસે ત્રણ એક્કા હતા. ધારત તો ફરી પાંચ હજાર ઓકાવી કાઢત.'

ઘેર જઈ એની વહુને એણે કહ્યું: 'ચાલ, અત્યારની ગાડીમાં જ અંબાજી જવાનું છે.' અને હાથ ઝાલી એણે અવાચક પત્નીને ઊભી કરી અને છોકરાંઓને આગળ કર્યાં.

અનુસંધાન] ગુનાશોધનમાં હાડકાં [પૃષ્ઠ ૫૬થી

એન્ટીહ્યુમન સીરમ સાથે કસોટી કરી તે હાડકાં માણસનાં છે કે પ્રાણીનાં તે પણ નક્કી થઈ શકે છે. બસ્તીપ્રદેશનાં હાડકાં સલામત હોય તો એ હાડપિંજર પુરુષનું છે કે સ્ત્રીનું એ સહેલાઈથી જાણી શકાય છે. મળી આવેલાં કે મેળવેલાં હાડકાંને વ્યવસ્થિત ગોઠવીને તેનાં કોઈ બે હાડકાં એક જ સરખાં છે કે નહિ તે તપાસાય છે. કદાચ એક કરતાં વધુ વ્યક્તિનાં હોય તો એ આ રીતે અંદાજી શકાય. હાડકાંમાં દાંતનો, અમુક હાડકાંનો તથા બે હાડકાંના સાંધાઓનો કેટલો વિકાસ થયો છે તે જોઇને મરનારની ઉંમર પણ અંદાજી શકાય છે. ઘણી વાર હાડપિંજરનું વજન પણ ઉંમર આંકવામાં મદદરૂપ બને છે. સામાન્ય પુરુષનું હાડપિંજર ૧૦ પૌંડ ૬ ઔંસનું અને સ્ત્રીનું હાડપિંજર ૬ પૌંડ ૨ ઔંસથી ૮ પૌંડ ૧૩ ઔંસ સુધીનું હોય છે. બાળકોમાં પુરુષ બાળકનું વજન ૧૨ વર્ષે અને સ્ત્રી બાળકનું વજન ૧૧ વર્ષે પુખ્ત ઉંમરે થાય તેના કરતાં અડધું થાય છે.

હાડકાં ઉપરથી મૃત્યુનો સમય ચોક્કસ નથી કરી શકાતો, પણ અંદાજી શકાય ખરો. હાડકાંની વાસ, તેમાં પડેલી તડો, તેનું સંકોચન, તેનું વિશિષ્ટ ગુરુત્વ, તેણે ગુમાવેલું વજન, તેમાંથી કાર્બન અને સેન્દ્રિય તત્ત્વોનો કેટલા પ્રમાણમાં નાશ થયો છે તે ઉપરથી, મૃત્યુનો સમય અંદાજી શકાય છે. હાડકાંને સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જોવાથી ને ચોક્કસ નિરીક્ષણ કરવાથી, તેનું કોઈ ભારે હથિયાર વડે મૃત્યુ નીપજાવેલ છે કે નહિ; અથવા તેને કાપવામાં આવેલ છે કે તેને બળવાથી મૃત્યુ નીપજેલ છે તે પણ જાણી શકાય છે. ખોપરીમાં પહોંચેલ ઈજા વગેરે વિગતો તો સહેલાઈથી જોઈ શકાય છે. ઝેરથી મૃત્યુ થયું હોય તો હાડકાંની તપાસમાં તેની પણ જાણ થાય છે. હાડકામાં શોષાએલું સોમલ હાડકાંને લાંબો સમય ગરમ કરવાથી જુદું પડી જાય છે. અમુક ઝેર રાસાયણિક તપાસમાં પણ તારવી શકાય છે. બળેલાં હાડકાંની રાખમાં પણ કેટલાંક ઝેર સચવાઈ રહે છે. એટલે હાડકાંની રાખ પણ બહુ કિંમતી માહિતી આપી શકે છે. શબને મૃત્યુ પછી તરત જ બાળી નાખવામાં આવે તો પણ હાડકાં સંપૂર્ણ બળી શકતાં નથી, તેથી તે પણ સમયસર સ્મશાનમાંથી હાથ કરીને પોલીસે ઘણા ગુનાઓ પકડયા છે.

આમ મળેલાં હાડકાં, કે ખોદીને મેળવેલાં હાડકાં ઉપરથી નીચે મુજબ વિગત મળે છે: (૧) તે મનુષ્યનાં છે કે પ્રાણીનાં? (૨) તે પુરુષનાં છે કે સ્ત્રીનાં? (૩) મરનારની ઉંમર કેટલી હશે? (૪) મરનારનું વજન શું હશે? (૫) હાડકાં એક વ્યક્તિનાં છે કે વધારેનાં? (૬) હાડકાં કાપવામાં, બાળવામાં કે તોડવામાં આવ્યા છે કે નહિ? (૭) મૃત્યુનું કારણ શું હશે? (૮) ઝેરથી થયું હોય તો કયા ઝેરથી થયું હશે? અને (૯) આશરે ક્યારે મૃત્યુ થયું હશે? વગેરે. આમ, ગુનો કદી છુપાવી શકાતો નથી. આપણે ત્યાં જો દરેક પ્રાંતવાસીનાં હાડકાંનો ઊંડો અભ્યાસ કરવામાં આવે તો મળી આવેલાં હાડકાં ઉપરથી તે ક્યાંનો વતની કે કઈ જાતિનો છે તે પણ કદાચ જાણી શકાય. આવા અભ્યાસ માટે મરનાર વ્યક્તિનું શબ મળી શકે તો તો ચોક્કસ પરિણામો તારવી શકાય, પણ સાધારણતઃ જીવતી વ્યક્તિના શરીરનાં પણ હાડકાં માપી શકાય છે અને અન્ય કેટલીક વિગતો મેળવી શકાય છે. રાજ્યની હૉસ્પિટલોમાં અને લશ્કરોમાં આ રીતે સંશોધન થઈ શકે. 'નાટો' લશ્કરમાં તો આ રીતે હાલ સંશોધનો થાય છે જ.

ગુનાશોધન-૩૫

હાડકાં

લેખક · પુષ્કરભાઈ ગોકાણી

લગભગ દોઢેક માસથી પોતાના મિત્ર ભોગીલાલનો કંઈ પત્તો ન હોવાથી શ્યામલાલે આખરે આ અંગે પોલીસખાતાની સહાય માગી. ભોગીલાલ નિવૃત્ત જીવન ગાળતા હતા. પરદેશથી એમના પુત્રો એમનો ખર્ચ પૂરો પાડતા. વળી ભોગીલાલ પાસે બેંકોમાં પણ સારી મૂડી હતી જેનું વ્યાજ પણ તેમને મળતું. ભોગીલાલ અને શ્યામલાલ લાંબા સમયથી જિગરજાન દોસ્ત હતા. શ્યામલાલ પોતે પણ નિવૃત્ત હતા. રોજ સાંજે ભોગીલાલ શ્યામલાલને ત્યાં આવતા. છેલ્લે પંદરેક દિવસ માટે પૂના જવાનું કહીને એ ગએલા, પણ તે પછી ઘણો સમય એ મળ્યા નહિ એટલે શ્યામલાલે એને ઘેર તપાસ કરી તો ત્યાં તાળું હતું. એક માળી આવતો પણ એને કંઈ જાણ હતી નહિ. આથી શ્યામલાલે આખરે પોલીસની મદદ માગી.

ભોગીલાલના પુત્રોને પણ બોલાવ્યા અને એમની રૂબરૂમાં જ ઘર ખોલવામાં આવ્યું, પણ અંદરથી એ ક્યાં ગયા હશે તે જાણી શકાય એવું કાંઈ જ મળી આવ્યું નહિ. સગાંસંબંધીને ભોગીલાલે જતાં પહેલાં લખેલી ટપાલો પણ તપાસાઈ, પણ તેમાંયે એમના જવા વિષેની ખબર પડે એવું કંઈ મળ્યું નહિ.

ઈન્સ્પેક્ટર અગરકરે હવે ભોગીલાલના 'સેવાકુંજ'માં જ વધુ ઊંડી તપાસ કરવા માંડી. બગીચો સારો બનાવેલો હતો. ભોગીલાલને બાગાયતનો શોખ હતો. દર અઠવાડીએ માળી આવીને અમુક અમુક છોડના ઉછેર અંગે ભોગીલાલને સમજાવી જતો અને બગીચાની લૉન કાપી જતો. જો કદી ભોગીલાલને મળી ન શકાય તો પણ રોજ આવીને બગીચાની દેખભાળ કરી જવાની તેને એક કાયમી સૂચના હતી. એના આ વધારાના કામનું વેતન એને ભોગીલાલ આપી દેતા એટલે માળીને શેઠની ગેરહાજરી અંગે ખાસ કુતૂહલ થએલું નહિ.

ઈન્સ્પેક્ટરે હવે એ બગીચો ઝીણવટથી જોવા માંડ્યો. ત્યાં પાછળ એક જગ્યાએ ઘણા વધારે પ્રમાણમાં કીડીઓ જોતાં એને કુતૂહલ થયું, અને ત્યાં ખોદાવી જોતાં અંદરથી થોડાં હાડકાં મળી આવ્યાં. ભોગીલાલનું ખૂન તો નહિ થયું હોય? પણ હાડકાં પૂરેપૂરાં નહોતાં. મોટા ભાગનાં હાડકાં લગભગ ખવાઈ ગયાં હતાં; સલામત કહેવાય એવાં માત્ર પગ અને હાથનાં હાડકાં રહ્યાં હતાં, પણ ખોપરી નહોતી. આ ઉપરાંત, પિસ્તોલની એક ગોળી પણ મળી. ઈન્સ્પેક્ટરે યોગ્ય વિધિ કરી એ બધું કબજે લીધું અને લૅબોરેટરીમાં એની તપાસ કરાવી. આ તપાસનો જે અહેવાલ મળ્યો તેના પરથી જાણવા મળ્યું કે, કે ઈ ૪૦-૪૫ વર્ષની અને પાંચેક ફૂટ ઊંચી સ્ત્રીનાં એ હાડકાં હતાં અને સાથે કૂતરાનાં હાડકાં પણ હતાં. મૃત્યુ ત્રણ માસ અગાઉ અને ત્રણ વર્ષની અંદરના ગાળામાં થયું હશે. સ્ત્રીનું મોત બળવાથી થયું હોવાનો સંભવ છે અને કૂતરા પર ગોળી છોડાઈ લાગે છે.'

અગરકરે હવે આખો બગીચો ખોદી જોવા વિચાર્યું. એમાં બગીચાને બીજે છેડેથી મરનાર સ્ત્રીની ખોપરી પણ મળી આવી. પેલી મળી આવેલી ગોળીની તપાસનો રીપોર્ટ પણ આવ્યો કે એ ગોળી ૦·૨૨ કૅલિબરની હતી. ખોપરી મળી એમ કદાચ આ ગોળી છોડચાનું હથિયાર પણ મળી આવે એમ ધારી અગરકરે બગીચો પરેપૂરો ખોદાવી જોયો અને ખરેખર તેને એક કટાએલી ઑટોમેટિક પિસ્તોલ પણ મળી આવી. એની યે તપાસ કરી. ૦·૨૨ કૅલિબરની એઈસ ઑટોમેટિક કૉલ્ટ પિસ્તોલ હતી અને એનો નંબર હતો AA 72354 C. ભોગીલાલ ગુમ થવાની તપાસમાં આ તો તદ્દન જુદો જ ફણગો ફૂટચો. પૂના અને મુંબાઈના હથિયાર વેચનારાનાં રજિસ્ટરો જોવાયાં, પણ અંતે છેક દિલ્હીની ચૅપમેન ઍન્ડ કં.ના રજિસ્ટરમાંથી નોંધ નીકળી કે એ પિસ્તોલ કોઈ ગુરુબક્ષ કિરતારે આઠ વર્ષ પહેલાં ખરીદી હતી. દિલ્હી પોલીસે માહિતી મોકલી કે એ ગુરુબક્ષ છેલ્લાં છ વર્ષથી જેલમાં હતો. ખૂન તો વધુમાં વધુ ત્રણેક વર્ષ પહેલાં થયું હતું. એટલે ગુરુબક્ષ તો એ કરી શકે તેમ નહોતો જ.

અગરકર દિલ્હી જઈ ગુરુબક્ષને મળ્યા અને પોતાની પિસ્તોલ તેણે કોને આપી હતી એ પૂછ્યું. દિલ્હીના લાલ કિલ્લામાં એને બે પ્રૌઢ ગુજરાતીઓનો ભેટો થઈ ગએલો, તેમાંના એકને એણે એ પિસ્તોલ વેચી હોવાનું કહ્યું. અગરકરે ફોટો બતાવ્યા. એમાંથી એણે શ્યામલાલને ખરીદનાર તરીકે ઓળખી બતાવ્યા. શ્યામલાલે આ અંગે ખુલાસો કરતાં જણાવ્યું કે એ પિસ્તોલ પોતે ખરીદ કરી હતી એ ખરું, પણ એ એણે મુકુંદનગરમાં તદ્દન એકલવાયા બંગલામાં રહેતા ભોગીલાલને સલામતી ખાતર વાપરવા આપેલી.

હવે અગરકરે વધુ તપાસ કરવા માંડી. ભોગીલાલે આ બંગલો ત્રણ વર્ષ પહેલાં ખરીદ કર્યો હતો અને તે પછી શ્યામલાલે ભોગીલાલને પિસ્તોલ આપી હતી. ભોગીલાલ પહેલાં ટિળકરોડ ઉપર શ્યામલાલની પડોશમાં જ રહેતા હતા. ત્યાંથી જ બંનેની ગાઢ મૈત્રી બંધાએલી. અગરકરે બૅંકમાં પણ તપાસ કરી. ભોગીલાલ ગુમ થયા તે પહેલાં તુરતમાં એમણે વીસ હજાર રૂપિયા બૅંકમાંથી ઉપાડચા હતા, પણ શ્યામલાલના ખાતામાં વધારો થયો નહોતો. આ પૈસાનું શું થયું હશે? વળી, કૂતરાવાળી કઈ સ્ત્રી ભોગીલાલને ત્યાં ક્યાંથી આવી હશે?

ભારતનાં મુખ્ય શહેરોમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કોઈ સ્ત્રી ગુમ થયાની ફરિયાદોની જાણ માટે સરક્યુલર મોકલાઈ ગયા. એના ઉત્તરમાં જુદાંજુદાં શહેરોમાંથી ઘણી વિગતો આવી. એમાં અનેકની સાથે ગુમ થનાર સ્ત્રીના ફોટો પણ હતા. એ બધા ફોટો અગરકરે ભોગીલાલના પુત્ર રોહિતને બતાવ્યા; રોહિતે તેમાંની એક આધેડ વયની ગુજરાતી બાઈને ઓળખી કાઢી. ભોગીલાલ જ્યારે નૈરોબીમાં હતા ત્યારે આ બાઈ ત્યાં પડોશમાં જ રહેતી હતી. એનું નામ કેસરબાઈ હતું. એને કંઈ સંતાન નહોતું. ભોગીલાલની મોટર સાથેના અકસ્માતમાં એના પતિનું અવસાન થએલું. એ પછી આફ્રિકાનો કારોબાર સંકેલીને એ મુંબાઈ આવેલી. પણ મૂળ એ સૂરતની હતી. ઈન્સ્પેક્ટરે જોયું કે એ ફોટો પણ સૂરતથી જ આવ્યો હતો. એના ગુમ થયાની ફરિયાદ બાઈના ભત્રીજાએ નોંધાવી હતી. શ્યામલાલ તો બાઈને ઓળખી જ ન શક્યા. પણ સલામતી ખાતર ઈન્સ્પેક્ટરે પિસ્તોલ મળી આવ્યા પછી શ્યામલાલ પર પણ ખાનગીમાં નજર રાખવા માંડેલી.

એક વાર એકાએક શ્યામલાલ બહારગામ ગયો. અગરકરે આ મોકો જોઈ તેના ઘરની ખાનગીમાં તપાસ કરી. તેમાં બૅંકના લૉકરની એક ચાવી મળી આવી. એણે એ એમ ને એમ રહેવા દીધી. પાછળથી બધું કાયદેસર કરવા ઈન્સ્પેક્ટરે શ્યામલાલ ઉપર જડતીનું વૉરંટ લઈને પંચ રૂબરૂ તેનું ઘર ખોલી પેલી ચાવીનો કબજો લીધો અને કૉર્ટનો હુકમ મેળવી બૅંકનું લૉકર ખોલાવ્યું. વીસ હજાર રૂપિયા અને થોડા કાગળો એમાંથી નીકળ્યા. શ્યામલાલે આ લૉકર છેલ્લા છ માસથી જ રાખેલું.

શ્યામલાલ પાછો ફર્યો ત્યારે અગરકરે પેલી રકમ અંગે એનો ખુલાસો માગ્યો. તેણે જણાવ્યું કે એ રકમ તેની ઉપર ભોગીલાલ પૂના

ગયા પછી એમના જ તરફથી ટપાલમાં આવી હતી. સાથે સૂચના હતી કે એ રકમ શ્યામલાલે કોઈને જાણ ન થાય તેમ ખાનગીમાં સાચવીને રાખવી. શ્યામલાલે તે પત્ર પણ બતાવ્યો અને જણાવ્યું કે એ રકમ લેવા ભોગીલાલ ન આવ્યા તેથી જ વધારે ચિંતિત થઈને તેના ગુમ થયાની ફરિયાદ પોતે નોંધાવી હતી.

કેસરબાઈની તપાસમાં સૂરતમાં એના ભત્રિજા કુલિને જણાવ્યું કે એનાં કાકી એકાદ વર્ષ પહેલાં મુંબાઈ જવા નીકળ્યા પછી એમના કોઈ ખબર મળેલા નહિ. ત્યાંથી પૂના પણ જવાનાં હતાં, પણ પૂના પહોંચ્યાના કોઈ સમાચાર નહોતા. મુંબાઈમાં એ જરૂર ભોગીલાલને મળી હશે કેમ કે એનાં હાડકાં ભોગીલાલને ત્યાંથી જ મળેલાં. અગરકરને લાગ્યું કે આ બાઈનું ખૂન ચોક્કસ ભોગીલાલે કર્યું હશે, અને કદાચ એ કારણસર જ એ ક્યાંક નાસી ગયો હશે. એ પરદેશ ભાગી ન જાય એ માટે ઈન્સ્પેક્ટરે બધે જરૂરી સૂચનો મોકલી આપ્યાં. બીજી બાજુ શ્યામલાલની હિલચાલ ઉપર પણ નજર ચાલુ જ રાખી.

શ્યામલાલના પડોશમાંથી જાણવા મળ્યું કે એકાદ વર્ષ પહેલાં ભોગીલાલ બહારગામ ગએલા ત્યારે બેએક માસ માટે એ ભોગીલાલના બંગલે રહેવા ગયો હતો. કેસરબાઈ પણ આ ગાળામાં જ સૂરતથી નીકળેલી ને ગુમ થએલી.

અગરકરે હવે વખત ન ગુમાવતાં કેસરબાઈના ખૂનનો આરોપ મૂકી શ્યામલાલની ધરપકડ કરી. શ્યામલાલે ગુનો કબૂલ ન જ રાખ્યો. પૂનાના પશુ-દવાખાનામાં તે સમયે સૂરતનાં કેસરબાઈએ પોતાના કૂતરાને ઈન્જેકશન અપાવ્યાનો અને હંગામી સરનામું ભોગીલાલનું આપ્યાની વિગતો પણ મળી. આ મુદ્દા પર શ્યામલાલે કેસરબાઈ ભોગીલાલ પાસે પૂના ગઈ હતી અને ભોગીલાલને ત્યાં પોતે રહેતો હતો ત્યારે ત્યાં નહોતી આવી એવો બચાવ કર્યો. પણ એ ગાળામાં ભોગીલાલ પૂના હોવાની સાબિતી મળી નહિ. શ્યામલાલનો બચાવ ટક્યો નહિ અને એને જન્મટીપની સજા થઈ.

એક દિવસ અચાનક અગરકર રૂબરૂ ભોગીલાલ હાજર થયા. આશ્ચર્ય સાથે ઈન્સ્પેક્ટરે એની વાત સાંભળી. એકાદ વર્ષ પર બે માસ માટે ભોગીલાલ કલકત્તા ગયા હતા. પાછા ફર્યા ત્યારે માળીએ એને કેટલીક વાત કરી. એ પરથી શ્યામલાલે પોતાની ગેરહાજરીમાં કેસરબાઈ ઉપર નજર બગાડી હશે; અને સંભવતઃ પછી તેને મારી નાખ્યાની ભોગીલાલને શંકા પડી હતી. શ્યામલાલને એણે આ અંગે આડકતરું પૂછેલું પણ ખરું, પણ ત્યારે તો એ ઊલટો ભોગીલાલને ગળે પડ્યો ને જણાવ્યું કે કેસરબાઈના પતિને ભોગીલાલે જાણીજોઈને જ મારી નાખ્યો છે અને એનો પુરાવો લઈને એ ભોગીલાલ પાસે આવી હતી. અને કદાચ એ બાઈ આવશે એમ ધારીને જ ભોગીલાલ બે મહિના બહારગામ ચાલ્યો ગએલો. હવે એ પુરાવો પોતાની પાસે જ છે એટલે ભોગીલાલે કેસરબાઈ અંગે ચૂપ રહેવું; વળી, કેસરબાઈને શ્યામલાલે મારી નાખ્યાનો ભોગીલાલ પાસે તો કોઈ પુરાવો હતો જ નહિ એટલે એણે મોં બંધ રાખ્યું, પણ શ્યામલાલે તો કેસરબાઈએ પોતાના પતિના મૃત્યુ અંગે આપેલા પુરાવાનો ડર બતાવી ભોગીલાલ પાસે પૈસા પણ પડાવવા માંડેલા. કેસરબાઈએ ખરેખર કોઈ વિગત શ્યામલાલને આપ્યાની ભોગીલાલને ખાતરી તો નહોતી જ, પણ ભોગીલાલ ગભરુ હતો. શ્યામલાલથી છૂટવા માટે ભોગીલાલ અન્ય કોઈ અનુકૂળ સ્થળની તપાસ માટે હમણાં બહારગામ ગયો હતો. છેલ્લા વીસ હજાર રૂપિયા પણ શ્યામલાલે પોતે પકડમાં ન આવે એ રીતે કાગળ લખાવી લઈને એની પાસેથી કઢાવ્યા હતા.

ભોગીલાલનો લાંબા સમય સુધી પત્તો ન લાગતાં કદાચ એનો પુત્ર પોતાની પાસે પણ ખુલાસો માગે તો સલામતી રાખવા એણે એના ગુમ થયાની ફરિયાદ નોંધાવી અને એમાં એનું પાપ પ્રકાશી ઊઠ્યું. ગુનો કદી ગુપ્ત રહેતો નથી.

ગુનાશોધનમાં હાડકાં

માનવશરીરમાં હાડકાંનું મહત્ત્વ તો જાણીતું છે. હાડકાં શરીરને ટેકો આપવાનું, અને લોહીના કણો અને ઓજસ બનાવવાનું કાર્ય કરે છે. સ્તન્ય પ્રાણીઓ, પક્ષીઓ, પેટે ચાલનારાંઓ અને મત્સ્યનાં શરીરમાં હાડકાંનું મહત્ત્વ સવિશેષ છે.

માનવશરીરમાં હાડકાં વધુમાં વધુ સખત ભાગ હોઈ મૃત શરીરમાં તે સૌથી છેલ્લે નાશ પામે છે. આપણા શરીરમાંનાં જુદાંજુદાં લગભગ ૨૦૬ હાડકાંમાંથી મહત્ત્વનાં ૧૨ લાંબાં હાડકાં ગુનાશોધનક્ષેત્રે બહુ જ ઉપયોગી માહિતી આપી શકે છે. માનવશરીરમાં જન્મ સમયે તે ટૂંકાં, કોમળ અને અણવિકસેલાં હોય છે. તે નીચે પ્રમાણે ગણાવી શકાય :

સ્થાન	નામ	સંખ્યા	લંબાઈ
જાંઘથી ગોઠણ સુધીનું હાડકું	FEMUR ફેમર	૨	F
પગના નળાનું જાડું હાડકું	TIBIA ટિબિયા	૨	T
પગના નળાનું ઝીણું હાડકું	FIBULA ફિબ્યુલા	૨	FI
ખભાથી કોણી સુધીનું હાડકું	HUMERUS હ્યુમેરસ	૨	H
કોણીથી કાંડા સુધીનું જાડું હાડકું	RADIUS રેડીઅસ	૨	R
કોણીથી કાંડા સુધીનું ઝીણું હાડકું	ULNA અલના	૨	U

આ હાડકાંની લંબાઈ અને માણસની ઊંચાઈ, વજન વગેરે સાથે સંબંધ છે. દર વીસથી ત્રીસ વર્ષે માનવજાત આશરે અડધો ઇંચ વધે છે. તે હકીકત લક્ષમાં રાખી 'ઈન્ટરપોલ' આ આંકડા લગભગ ૪૦૦ જેટલા શબને મેળવીને તૈયાર કરાવે છે. આ હાડકાં સમય જતાં સંકોચાય છે, તે વિગતો અને અન્ય વિગતો લક્ષ્યમાં લઈ તેઓએ કેટલાંક સમીકરણ બનાવ્યાં છે.

ઊંચાઈ=X XM=પુરુષની ઊંચાઈ XW=સ્ત્રીની ઊંચાઈ (સે.મી.)માં

=૭૯·૪૩+૨·૮૨H	=૮૨·૧૬+૨·૪૯H
=૩૮·૫૯+૪·૯૦U	=૪૭·૭૦+૪·૫૯U
=૬૨·૦૪+૪·૫૦R	=૧૪·૯૨+૬·૪૫R
=૪૪·૫૭+૨·૮૫F	=૫૦·૩૫+૨·૫૯F
=૯૬·૧૭+૧·૯૮T	=૪૯·૦૨+૩·૧૯T
=૯૬·૦૮+૧·૯૬FI	=૭૦·૦૪+૨·૫૭FI

હાડકું પુરુષનું છે કે સ્ત્રીનું તે પણ આ આંકડાના આધારે જાણી શકાય છે. પુરુષ અને સ્ત્રીનાં ઉમર મુજબનાં દરેક હાડકાંની સરાસરી (સેન્ટીમીટર)માં લંબાઈ નીચે મુજબ છે :

પુરુષ	સ્ત્રી	સે. મી.	પુરુષ	સ્ત્રી
F =૪૩·૧૭	૪૧·૧૭		H =૩૧·૧૦	૨૯·૬૯
=૩૬·૨૨	૩૩·૬૩		U =૨૫·૭૫	૨૩·૬૦
FI =૩૬·૧૨	૩૩·૪૮		R =૨૩·૪૬	૨૧·૮૬

મૃત-અવશેષોમાંથી ઉપર જણાવેલાં હાડકાં જ મળી આવે તો યે એના પરથી એ પુરુષ કે સ્ત્રીનાં છે તે અને એના શરીરની ઊંચાઈ કેટલી હશે એ જાણી શકાય છે. (અનુસંધાન પૃષ્ઠ ૫૪)

'ઍપોલો-૮'ની અદ્‌ભુત સિદ્ધિ

વૈજ્ઞાનિક સિદ્ધિઓની સહાયથી આજે આપણે એક નવા જ યુગને, એક અનોખી દુનિયાને ઉંબરે આવી પહોંચ્યા છીએ. નવાં જ આહ્વાનો સામે આપણે નજર મિલાવી શકીએ છીએ, એટલું જ નહિ, એની સામે સફળતા મેળવવાની પણ આપણી ખુમારી હવે ખીલી ઊઠી છે. થોડા જ દાયકા પર જે માત્ર તરંગી કલ્પનાઓ જ ગણાતી હતી એવી બાબતો આજે જોઈ રહ્યા છીએ. હજી તો છઠ્ઠા દાયકામાંથી પસાર થતી આ સદીના આરંભમાં જે માણસ જમીનથી પાંચપચાસ ફૂટ ઊંચો ઊડવા વલખાં મારતો હતો એ માણસ આજ લાખો માઇલનું અંતર કાપી માત્ર ગણતરીના દિવસોમાં જ ચંદ્રને યે આંટો મારી સહી-સલામત પાછો આવી શકે એટલી એણે સિદ્ધિ હાંસલ કરી લીધી છે.

અમેરિકાના ત્રણ અવકાશયાત્રી—કર્નલ ફ્રૅંક બોર્મૅન, કૅપ્ટન જેમ્સ લૅવેલ અને મેજર વિલિયમ ઍન્ડર્સે લગભગ ૫,૯૦,૦૦૦ માઈલની અવકાશ-યાત્રા કરી પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળની યે બહાર છેક ચંદ્ર સુધી પહોંચી, એની દસ પ્રદક્ષિણા કરી પૃથ્વી પર સલામત પાછા આવીને આ સદીમાં જ નહિ, માનવજાતના સમગ્ર ઇતિહાસમાં એક અતિ મહત્ત્વના સીમાસ્તંભનું આરોપણ કર્યું છે.

ગયા ડિસેમ્બરની ૨૧મી તારીખે શનિવારે સવારે ૭-૫૧ (ભારતીય સમય સાંજે ૬-૨૧) વાગ્યે કેપ કેનેડીના અવકાશ ઉડ્ડયન મથકેથી



'ઍપોલો-૮'ના યાત્રીઓ

ફ્રૅંક બોર્મૅન: 'ઍપોલો-૮'ના કમાન્ડર. વય ૪૦. પરિણિત. બે પુત્રો. એર ફોર્સમાં કર્નલ. ઍક ડિરેક્ટર. અગાઉ 'જેમિની-૭' (ડિસે. '૬૫) માં ૧૪ દિવસ અવકાશમાં રહેલા.



જેમ્સ એ લૅવેલ (જૂનિયર)
'ઍપોલો-૮'ના ચાલક. વય ૪૦. પરિણિત. ચાર બાળકો. નૌકાદળમાં કૅપ્ટન. રાષ્ટ્રપ્રમુખના વ્યાયામ-સલાહકાર. 'જેમિની-૭' અને 'જેમિની-૧૨' (નવે.'૬૬)માં ઊડેલા. અવકાશયાત્રાના સૌથી વધુ-૪૨૫ કલાકના અનુભવી.




વિલિયમ એ. ઍન્ડર્સ
'ઍપોલો-૮'ના ફોટોગ્રાફ. વય ૩૫. પરિણિત. પાંચ બાળકો. એર ફોર્સમાં મેજર. ઍંજિનીઅર અને રૅડીએશન નિષ્ણાત. આ એમની પ્રથમ અવકાશયાત્રા હતી.

'સૅટર્ન-૫' નામના, આજ સુધીના સૌથી વધુ વિશાળ (૩૬૩ ફૂટ લાંબા) રૉકેટ પર માત્ર અગિયાર ફૂટ પહોળા 'ઍપોલો-૮'માં સવાર થઈ કલાકના ૧૭,૪૦૦ માઇલના વેગે આ ત્રણે યાત્રીઓ ઊપડયા. માત્ર અઢી જ મિનિટ બાદ એની સાથે જોડાએલો રૉકેટનો ભાગ એને જરૂરી વેગ આપી છૂટો પડી ગયો. રૉકેટનો બીજો ભાગ પેટાયો અને થોડી વારે એ પણ છૂટો પડી, ઊપડયા પછી માત્ર ૧૧ મિનિટ અને ૩૨ સેકંડે તો યાન પૃથ્વીને ફરતા પ્રદક્ષિણાપથ પર ગોઠવાઈ ગયું. યોજના એવી હતી કે અહીંથી આગળ ચંદ્ર તરફ જતાં પહેલાં યાનમાંની તથા એની સાથે પૃથ્વી પરથી સતત સંપર્ક જાળવી રહેલા સંચાલનકેન્દ્ર-હ્યુસ્ટનની બધી જ યંત્ર-સામગ્રી બરાબર કામ આપે છે કે નહિ તે ચકાસી લેવું. લગભગ ત્રણ કલાક દરમ્યાન પૃથ્વીની આસપાસ બે પ્રદક્ષિણા લઈ આ ચકાસણી પાર પાડવામાં આવી અને બંને બાજુથી સબસલામત જણાતાં ઍપોલો-૮ને પોતાના યાત્રામાર્ગે આગળ વધવાની સૂચના મળી. ઊપડયા પછી બરાબર ૨ ક. ૫૦ મિ. અને ૩૧ સેકંડે યાન સાથે જોડાએલા રૉકેટના ત્રીજા ભાગની કામગીરી ચાલુ કરાઈ. ઍપોલો-૮ની ગતિ વધીને કલાકના ૨૪,૨૦૦ માઇલની થઈ ગઈ અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળમાંથી છૂટી યાન ચંદ્રની દિશામાં આગળ ઊપડયું. પૃથ્વીથી વધુમાં વધુ ઊંચે સમાનવ ઉડ્ડયન કરવાનો, ઈ. ૧૯૬૬માં જેમિની-૧૧ના પ્રવાસીઓનો વિક્રમ તોડી ચંદ્ર પ્રતિની પોતાની ૨,૩૪,૦૦૦ માઇલની ખરી સફરનો ઍપોલો-૮એ આરંભ કર્યો ત્યારે નીચે અમેરિકામાં સવારના ૧૦·૪૧નો સમય થયો હતો. ૧૧ ઉપર ૧૨ મિનિટે એની સાથે જોડાએલા સૅટર્ન-૫નો ત્રીજો હિસ્સો પણ એનાથી છૂટો પડયો. થોડી વાર તો એ પણ યાનની પાછળ જ ઊડતો આવ્યો. એ કંઈ

↓ પૃથ્વીની પ્રદક્ષિણા કરી રહેલા 'ઍપોલો-૮'ને કલાકના ૨૪,૨૦૦ માઈલ જેટલો પ્રચંડ વેગ આપી, એને પૃથ્વીના ગુરુત્વાકર્ષણના બળની બહાર ધકેલીને ચંદ્ર તરફના માર્ગ પર વાળી, યાનથી છૂટું પડી ગએલું 'સૅટર્ન-૫'ના ત્રીજા ભાગનું રૉકેટ 'એસ-૪બી'. અહીંથી એ સૂર્યની અનંત પ્રદક્ષિણાને માર્ગે ચડી ગયું. (જુઓ પૂઠાનું ત્રીજું પાનું)







↑ ચંદ્રના 'સી ઑવ ટ્રાંક્વીલિટી' (શાંત સમુદ્ર)નો સપાટ વિસ્તાર. આ એની વાયવ્ય દિશા તરફનું દૃશ્ય છે, જેમાં દેખાતી લીટીઓ જેવી બે સીધી ખાઇઓ ખાસ નોંધપાત્ર છે. જમણી બાજુ: ઍપોલો-૮' માંથી લગભગ ૧૧૦ કિલોમીટર દૂરથી દેખાતી ચંદ્રની સપાટી. ચંદ્રના ૧૦° દક્ષિણ અક્ષાંશ ને ૪૫° પૂર્વ રેખાંશ પાસેનો આ ભાગ છે. એમાં દેખાતું જમણી તરફનું મોટું ક્રેટર 'ગૉકલીનિયસ' નામે ઓળખાય છે. લગભગ ૬૪ કિલોમીટર જેટલા પહોળા આ ક્રેટરની ધાર વીંધીને આગળ જતી લીટીઓ જેવી ખાઇઓ અનોખી છે. આ પછીનાં ત્રણ ક્રેટરો 'મૅગેલ્હેનસ', 'મૅગેલ્હેનસ-એ' અને 'કોલમ્બો-એ'નાં નામે ઓળખાય છે. (ફોટોગ્રાફ: 'યુસિસ'ના સૌજન્યથી)

અકસ્માત ન સર્જી બેસે એટલા સારુ યાનની ગતિ એક સેકંડે આઠ ફૂટ જેટલી વધારીને એનાથી દૂર ખસેડી લીધું. એ ત્રીજો હિસ્સો હવે અવકાશમાં જ દૂર-સુદૂર ફેંકાઈ જઈ સૂર્યની પ્રદક્ષિણામાં ચડી ગયો.

નીચે પૃથ્વી પર ઈરાનની આસપાસનો વિસ્તાર જોતાંજોતાં યાત્રીઓએ યાનમાંનું એમનું પ્રથમ ભોજન લીધું. સૂકવેલાં પીચ, માંસ બ્રેડના ટુકડા અને દ્રાક્ષના રસનો એ આહાર યાનમાંના વાતાવરણની વજનવિહિન દશામાં ઊડતો ન ફરે એટલા સારુ પ્લાસ્ટિકની કોથળીઓમાં રાખેલો ને એમાંથી જ સીધો યાત્રીઓએ તે ખાધો.

ચંદ્રની એમની આ સફર કંઈ આનંદ-પર્યટન તો નહોતું જ. યાત્રા દરમિયાનની કામગીરીમાં એમણે અનેક બાબતો ચકાસવાની હતી, અનેક નિરીક્ષણો કરવાનાં હતાં, ફોટો લેવાના હતા, આ બધાં કામનો અહેવાલ આપતા રહેવાનો હતો અને પૃથ્વી પરથી જે કંઈ સૂચવાય તે કરતા જવાનું હતું. અલબત્ત, યાનની સાંકડી જગ્યામાં, પૃથ્વીથી અત્યંત દૂર અને તદ્દન એકલા પડી જઇને બજાવવાની આ ફરજ દરમિયાન એમને આનંદમાં રાખવા અવારનવાર સંગીત કાર્યક્રમો, અખબારના સમાચારો કે રમતગમતની હરીફાઈના સ્કોર વગેરે સંભળાતા. વળતી સફરમાં તો આ કાર્યક્રમો એમને ઘણા આશ્વાસક લાગતા.

બીજે દિવસે રવિવારે, યાનની બધી બાજુ પર એકસરખો સૂર્યતાપ લાગતો રહે એ સારુ ધીરે ધીરે ગોળગોળ ફરતું યાન ચંદ્ર તરફ આગળ ધપી રહ્યું હતું. આરામ કરીને જાગેલા યાત્રીઓ ફરજ પર લાગી ગયા હતા. પહેલી જ વાર અવકાશયાત્રા કરી રહેલો ઍન્ડર્સ પોતાની કામગીરીના આંકડા ધોધબંધ મોકલી રહ્યો હતો. બપોરે ૩ ઉપર એક મિનિટે યાનમાંથી પૃથ્વી પર પ્રથમ 'ટેલિકાસ્ટ' મોકલવામાં આવ્યો. આઠ મિનિટ સુધી ચાલેલા એ કાર્યક્રમને માટે ટેલિવિઝનના ચાલુ કાર્યક્રમ અટકાવી દેવાએલ. સોમવાર તા. ૨૩મીએ ૧,૬૫,૦૦૦ માઇલ દૂર પહોંચેલા ઍપોલો ૮ના યાત્રીઓને વર્તમાન સમાચારો અપાયા. યાને જ્યારે આટલી સફર ખેડી તે દરમિયાન નીચે પૃથ્વીએ પોતાની ધરી પર બે ચક્કર પૂરાં કરી લીધાં હતાં.

સોમવારે બપોરે ૨ ક. ૫૮ મિનિટે યાનમાંથી બીજો ટેલિકાસ્ટ થયો ત્યારે તેમાં કલાકે ૨,૧૭૦ માઈલની ઝડપે ચંદ્ર તરફ ધસી રહેલા ઍપોલો-૮ માંથી ૨,૦૭,૦૦૦ માઈલ દૂરથી પૃથ્વીનું દર્શન કરાવીને લૉવેલે તેને વર્ણવતાં કહ્યું: 'અહીંથી મધ્યમાં દ. અમેરિકા છેક કેપ હૉર્ન સુધી પૂરેપૂરો દેખાય છે. યુનાઇટેડ સ્ટેટ્સનો નૈઋત્ય વિસ્તાર પણ ઓળખી શકાય છે. વાદળોનો એક વિશાળ જથ્થો ઈશાન તરફ જતો લાગે છે. પૂર્વ કંઠાર વાદળછાયો દેખાય છે. મેક્સિકો પર પણ થોડાં વાદળો જણાય છે, પણ બાકીનો મધ્ય અમેરિકાનો વિસ્તાર સ્વચ્છ લાગે છે. મહાસાગરો વિવિધ આસમાની છાયાવાળા, જમીન આછી-ઘેરી બદામી અને વાદળો સફેદ દેખાય છે. પૃથ્વી પરથી પરાવર્તિત થતો સૂર્યપ્રકાશ ચંદ્રપ્રકાશ કરતાં ઘણો વધુ તેજસ્વી લાગે છે!'

પૃથ્વી પર અમેરિકામાં તે દિવસે જ્યારે રાત પડી ત્યારે તેઓ ચંદ્રથી માત્ર ૧૧,૦૦૦ માઈલ દૂર રહ્યા હતા.

મંગળવાર તા. ૨૪ની વહેલી પરોઢે યાન ચંદ્રની ઘણું નજીક પહોંચી ગયું. યાન સાથેના રૉકેટના ધક્કાની સહાયથી એણે દિશા બદલીને ચંદ્રને ફરતી કક્ષામાં મૂકાવાનું હતું. એમની યાત્રાની આ એક બીજી કટોકટીની પળ હતી. આમાં જો સફળતા ન મળે તો ઍપોલો-૮ ચંદ્રની બાજુમાંથી જ પસાર થઇને સીધું આગળ અવકાશમાં દોડી જાય ને ત્યાંથી કદી પાછું ફરી શકે નહિ! પરોઢે ૪ ક. ૫૯ મિ.ના સમયે અને પૃથ્વી છોડ્યા પછી ૬૪ ક. અને ૯ મિનિટે યાને એ કામગીરી બજાવી અને તેમાં સફળતા મેળવી એ ચંદ્રની આસપાસ ફરવાની કક્ષામાં પ્રવેશ્યું. પણ ત્યારે એ ચંદ્રની આપણને નહિ દેખાતી પાછલી બાજુ



પૃથ્વી : વળતી સફરમાં ડિસેમ્બરની ૨૯મી તારીખે 'ઍપોલો-૮' દ્વારા લગભગ સવા બે લાખ માઈલ દૂરથી લેવાએલી છબિ. (હજી યે કેટલાક માનશે કે પૃથ્વી ગોળ નહિ, સપાટ છે?) ઘડિયાળના ચંદામાં અગિયાર વાગવાનો જે વિસ્તાર હોય છે તે સ્થાને આ છબિમાં ઉત્તર ધ્રુવનો પ્રદેશ છે. એ વિસ્તાર રાત્રિના અંધકારને કારણે ચિત્રમાં દેખાતો નથી. નીચલા ગોળાર્ધમાં વચ્ચે દક્ષિણ અમેરિકા અને ડાબી બાજુ ઉપર અમેરિકાનાં સંયુક્ત રાજ્યોનો ભાગ છે. જમણી બાજુ જ્યાં રાત-દિવસનાં છાયાપ્રકાશ અલગ પડે છે તે (ટર્મિનેટર) વિસ્તારમાં પશ્ચિમ આફ્રિકાનો થોડો ભાગ દેખાય છે. ચંદ્ર પાસેથી પૃથ્વીના ગોળામાં જલવિસ્તાર વિવિધ ઝાંયવાળા આસમાની રંગનો અને ભૂમિવિસ્તાર જુદી-જુદી છાયાવાળા ઘેરા બદામી રંગનો દેખાય છે. આ બધા વિસ્તાર પર છવાએલાં સફેદ ધાબાં એ વાદળો છે. (ફોટો : 'યુસિસ'ના સૌજન્યથી)

પર હોઈ પૃથ્વી સાથેનો એનો બધો જ સંપર્ક કપાઈ ગયો. અરધા કલાક સુધી સૌ એના સમાચાર માટે આતુર બની રહ્યા. અને પછી જ્યારે એ પાછલી બાજુએથી બહાર આવ્યું ત્યારે સૌ આ વિરલ સાહસની સફળતાથી આનંદી ઊઠ્યા. પરંતુ અવકાશયાત્રીઓ તો કોઈ પુસ્તકાલયમાં સંદર્ભ-ગ્રંથો ઉથલાવતા હોય એમ પોતાની સામેની યાંત્રિક સામગ્રીના કળ-પુર્જા ચલાવતા ટેલિવિઝન પર દેખાતા હતા. આખરે પૃથ્વી પરથી પુછાએલા પ્રશ્નના ઉત્તરમાં ચંદ્ર કેવો દેખાય છે તે વર્ણવતાં લૉવેલે કહ્યું : 'પ્લાસ્ટર ઑવ પૅરિસના નમૂના જેવો, કોઈ પણ રંગઝાંય વિનાનો, સાવ ભૂખરો એ લાગે છે!' પોતાના પૂર્વજોને મન જે માત્ર એક સ્વપ્ન જ હતું એને આ યાત્રીઓ જીવી રહ્યા હતા.

ચંદ્રના ગુરુત્વાકર્ષણને લીધે કલાકના ૫૭૨૦ માઈલનો વેગ પામેલું ઍપોલો-૮ યાન હવે પછીના ૨૦ કલાક દરમિયાન ચંદ્રની દસ પ્રદક્ષિણા કરવાનું હતું. એ ગાળામાં સંખ્યાબંધ ફોટોગ્રાફ લીધા. આ વર્ષમાં ચંદ્ર પર માનવીને ઉતારવા માટે નક્કી કરેલા વિસ્તારનું નિરીક્ષણ કર્યું; ચંદ્રની સપાટી પર દેખાતાં જ્વાળામુખીનાં મોં જેવાં વિશાળ ગોળ ક્રેટરોમાંના કેટલાંકને નામ આપ્યાં ૭ ક.-૨૯ મિનિટે એમણે ટેલિવિઝન પર ત્યાંના દૃશ્યને બતાવ્યું. ચંદ્રની સપાટી વર્ણવતાં લૉવેલે જણાવ્યું :

'અહીંથી ચંદ્રની સપાટી વિગતવાર જોઈ શકાય છે. 'સી ઑવ ફર્ટિલિટી'નો વિસ્તાર પૃથ્વી પરથી લાગે છે એવો અહીંથી નથી દેખાતો. બધાં ક્રૅટર ગોળાકાર જ છે અને કેટલાંક તો ખરેખર ખરતા તારા પડવાને કારણે જ થયા હોય એમ જણાય છે. 'લૅંગ્રેનસ' ક્રેટર ઘણું વિશાળ છે. એની વચ્ચે શિખર છે. એની સીમા પર છ-સાત સપાટી-

વાળી દીવાલ છે... 'મેસીઅર' અને 'પિકરિંગ' પણ નજરે પડે છે. પિકરિંગમાંથી ચોપાસ ફેલાતાં કિરણો પણ મને દેખાય છે... યાનની બારીઓ પર બરફ છવાઈ ગયો હોઈ હું અને બિલ એક જ બારીમાંથી વારાફરતી બહાર જોઈએ છીએ.'

ચંદ્રની સપાટીથી માત્ર ૬૦ જ માઈલ ઊંચે રહીને સતત નિરીક્ષણો કરતા રહેવાની એ કામગીરી એવી તો કંટાળાજનક હતી કે એનાથી થાકીને લૉવેલે એક વાર યાનમાંના કૉમ્પ્યુટરમાં ખોટો શબ્દ મૂકી દીધો! સદ્ભાગ્યે સમયસર એ ભૂલ સુધારી લેવાઈ ન હોત તો યાનનાં યંત્રો કામે લાગી જાત ને કદાચ આ યાત્રામાં જ ચંદ્ર પર ઉતરાણ થઈ જાત!

આમ, ૨૦ કલાક સુધી, દર બે કલાકે ચંદ્રની એક એવી દસ પરકમ્મા પૂરી કરી, બુધવારે બપોરે ૧ ક. ૧૦ મિ. ચંદ્રની પાછલી બાજુએથી જ્યારે યાન બહાર આવ્યું ત્યારે થોડો દિશાફેર કરીને એનો કલાકના ૨૩૯૫ માઈલનો વેગ વધારી ૬૦૩૫ માઈલનો કરાયો. ચંદ્રના ગુરુત્વાકર્ષણનું બળ તોડીને પૃથ્વી તરફ પાછા ફરવા માટે આ ફેરફાર જરૂરી હતો. પાછા ફરતાં ૧,૮૫,૦૦૦ માઈલ દૂરથી પૃથ્વીને જોઈને (જાણે કે પૃથ્વીને સપાટ માનનારા લોકોને માટે જ કહ્યું હોય તેમ કટાક્ષમાં) જાહેર કર્યું કે 'અહીંથી તો પૃથ્વી સપાટ જણાતી નથી.' અને પછી ઉમેર્યું, 'કદાચ અમારી આંખમાં જ કંઈ દોષ હોય!'

હવે પૃથ્વીના પોતાના ગુરુત્વાકર્ષણથી ખેંચાઈને પ્રચંડ વેગ ધરતું ઍપોલો-૮ પોતાની છેલ્લી કસોટીના તબક્કામાં પાછું ફરી રહ્યું હતું. પૃથ્વીના વાતાવરણમાં પુનઃ પ્રવેશની પળ એમને માટે છેલ્લી મોટી કટોકટી હતી. આ વળતી સફર દરમિયાન પણ સાંજે સવા ચાર વાગ્યે અને બીજે દિવસે ગુરુવારે તા. ૨૬મીએ બપોરે ૩-૫૧ સમયે, એમ બે વાર, 'ટેલિકાસ્ટ' કરવા સિવાય કોઈ ખાસ કામગીરી એમને બજાવવાની નહોતી. યાન સાથે જોડાએલો રૉકેટનો છેલ્લો ભાગ છૂટો પાડી દેવાયો. યાનનું મોં અવળી દિશામાં ફેરવી એના શંકુઆકારની પીઠ પૃથ્વી તરફ કરી દેવામાં આવી અને કલાકના ૨૪,૬૨૯ માઈલના પ્રચંડ વેગે ઍપોલો-૮ પૃથ્વીના વાતાવરણના ઉપરના થરમાં પ્રવેશ્યું.

અગાઉનાં યાનોના પુનઃ પ્રવેશની ઝડપ કરતાં ઍપોલો-૮નો આ વેગ કલાકના ૭૦૦૦ માઈલ જેટલો વધારે હતો અને એથી વધુ ને વધુ ઘટ્ટ થતા જતા વાતાવરણમાં થઈ ને પેકિંગ ને તોકિયો પરથી પસાર થઈ, ઘર્ષણને કારણે ૫૦૦૦૦ ડિગ્રી ફે. જેટલું તપી જઈ આગ વર્ષાવતું એ સડસડાટ નીચે આવી રહ્યું હતું. એની આ ગરમીને કારણે આસપાસના વાતાવરણમાં એક એવું આવરણ રચાઈ ગયું કે જેના કારણે થોડો સમય એનો રેડિયો-વ્યવહાર થંભી ગયો. પણ આખરે લૉવેલનો 'સબ સલામત'નો સંદેશ આવ્યો. પુનઃપ્રવેશની આખરી કસોટીમાંથી પણ પાર પડી પૅસિફિક સાગરમાં હવાઈ ટાપુઓની દક્ષિણે એની રાહ જોઈ રહેલા જહાજ 'યૉર્કટાઉન'થી માત્ર ૭૧૦૦ વાર જેટલે ઍપોલો-૮ પાણી પર ઊતર્યું ત્યારે ત્યાં ગુરુવાર તા. ૨૭ ડિસેમ્બરના સવારના ૧૦ વાગી ઉપર ૫૧ મિનિટ થઈ હતી. એક અપ્રતિમ સાહસ પાર પાડીને, ઊપડયા પછી બરાબર ૧૪૭ કલાકની સતત સફર ખેડી, જગતના પહેલા ત્રણ માનવી છેક ચંદ્ર સુધી જઈને સલામત પાછા ફર્યા હતા.

ઈ. ૧૯૬૮ના છેલ્લા સપ્તાહના આ બનાવમાં માણસે એક નવો ખંડ કે એક નવી ભાવિ વસાહત જ નહિ પણ એક નવા યુગનાં દર્શન કર્યાં છે. માણસના પોતાના જ ભવિષ્યમાં આ યાત્રા હતી. સદીઓની કલ્પના અને જહેમતભર્યા સંશોધનોનું આ સુભગ પરિણામ હતું. યુદ્ધ સિવાય કોઈ પણ એક કાર્ય પાછળ ન રોકાયા હોય એટલા માણસોની કામગીરીનું આ ફળ હતું. ૩,૦૦,૦૦૦ ઈજનેરો, ટૅકનિશીઅનો ને કામદારો તથા ૨૦,૦૦૦ ઠેકેદારો આ યોજના પાછળ કામે લાગેલા હતા. અમેરિકાએ છેલ્લા દસકામાં આ અવકાશ યોજના પાછળ ૩૩ અબજ ડૉલરનો ખર્ચ કર્યો હતો. અને આ અગાઉના અવકાશયાત્રીઓએ આજની સરખામણીમાં પ્રાથમિક દશાનાં સાધનો સાથે જે જોખમો ખેડયાં હતાં તેના વિના આજની આ સફળતા મળી ન હોત.

અને ઍપોલો-૮ની આ સફળતા પાછળ વીએનામાં જન્મેલા ઇજનેર જ્યૉર્જ-લોના જેટલો યશ તો કદાચ કોઇને નથી. ઈ. ૧૯૬૭ના જાન્યુઆરીમાં ઍપોલો યાનના પરીક્ષણમાં અવકાશયાત્રી ગસ ગ્રિસોમ, રૉજર ચૅફી અને એડવર્ડ વ્હાઇટના માર્યા જવા બાદ એપ્રિલ માસમાં જ્યૉર્જ લોને ઍપોલો ઉડ્ડયનનું સંચાલન સોંપાયું, અને ત્યારથી અઠવાડિયાના છ દિવસ, સોળ સોળ કલાકની મહેનત કરી, એણે ઍપોલોયાનના પુનઃ પરીક્ષણ માટે એના ૨૦,૯૭,૦૦૦ જેટલા નાના મોટા ભાગ છૂટા પાડીપાડીને તપાસ્યા, સુધાર્યા અને ૭૫૦ લાખ ડૉલરના ખર્ચે આખા યાનને નવેસરથી સુધારીને તૈયાર કર્યું. અને ડિસેમ્બરમાં યોજેલું ઍપોલો-૮નું પૃથ્વીને ફરતું ઉડ્ડયન ચંદ્રયાનના કેટલાક પ્રશ્નોના કારણે પાછું ઠેલાવાનું ગયા ઑગસ્ટમાં વિચારાતું હતું ત્યારે એણે ઍપોલો-૮ ને જ ચંદ્રની પ્રદક્ષિણાએ મોકલવાનું સૂચન કર્યું; અને એ યોજના પાર પાડી શકવાની એની આત્મશ્રદ્ધાએ આ ઐતિહાસિક સફરને સફળતા અપાવી. ઍપોલો-૮ની સફળતાએ ભાવિ અવકાશ યોજનાઓની અનેક નવી શક્યતાઓનાં દ્વાર ખોલી આપ્યાં છે.



પ્રક્ષેપક: 'સૅટર્ન-૫'ની ટોચે 'ઍપોલો યાન' મૂકવામાં આવે છે. બાજુની આકૃતિ પ્રમાણે એના ચાર મુખ્ય વિભાગ છે: ૧) 'લૉંચ એસ્કેપ સિસ્ટમ' (એલ. ઈ. એસ.)-યાત્રાઆરંભમાં કંઈ ભૂલ જણાય તો નીચેના યાનના મુખ્ય અંગ (૨)ને રૉકેટથી છૂટું પાડી તેને તથા તેમાંના યાત્રીઓને એ બચાવી લે છે. રૉકેટની કામગીરી બરાબર પાર પડી હોય તો એના બીજા તબક્કા સાથે એ પણ યાનથી આપમેળે છૂટું ફેંકાઈ જાય છે; ૨) 'કમાન્ડ મૉડયુલ' (સી. એમ.)-અવકાશયાનનો મુખ્ય ભાગ. ૩·૭ મીટર ઊંચા ને તળે ૩·૯મી. વ્યાસવાળા એના શંકુ આકારમાં ૮·૫ ઘનમીટરના અંદરના વિસ્તારમાં યાત્રીઓ તથા સફર દરમિયાનના બધા જ સંચાલન માટેની યાંત્રિક તેમજ વિજાણુ રચનાઓ હોય છે. અવકાશયાત્રા પછી માત્ર આ એક જ ભાગ પૃથ્વી પર પાછો લાવવામાં આવે છે. વળતી સફરમાં એના પ્રચંડ વેગ અને વાતાવરણના ઘર્ષણથી પેદા થતી ભયંકર ગરમીથી રક્ષણ આપવા એના પર ખાસ પ્રકારનું એક પોલાદી આવરણ હોય છે; ૩) 'સર્વિસ મૉડયુલ' (સી. એમ.)-૩·૯મી. વ્યાસ અને ૭ મીટરની લંબાઈ તથા ૨૩,૨૮૧ કિ. ગ્રા. વજનના આ વિભાગમાં વીજળી માટેનાં સાધનો તથા બળતણ રહે છે. યાત્રામાં યાનને કોઈ પણ દિશામાં ફેરવવા માટે જરૂરી એવું 'જે-૨' પ્રકારનું ઍંજિન એમાં હોય છે. ભવિષ્યમાં ચંદ્ર પર ઊતરવા ને ત્યાંથી પાછા ફરવામાં એની સહાય લેવાશે; ૪) 'લ્યૂનર મૉડયુલ' (એલ. એમ): 'ઍપોલો-૮'માં એ નહોતું મુકાયું, પણ હવે પછી ફેબ્રુઆરી અને મે માસમાં બે પ્રાયોગિક ઉડ્ડયનો કર્યા પછી આવતા જુલાઇમાં એના દ્વારા જ અવકાશયાત્રીઓને ચંદ્રની સપાટી પર ઉતારવાની યોજના છે.



પ્રક્ષેપક 'સૅટર્ન-૫'

←સંયોજન મથકેથી ઉડ્ડયનમથકે લઈ જવાતું અંતરીક્ષ પ્રક્ષેપક


કુલ ઊંચાઈ: ૧૦૯ મીટર
વજન: ૨૮,૨૩,૭૭૧ કિ.ગ્રા.
ઊંચકી જવાનું વજન: એસ્કેપ ટાવર સાથે ૧,૪૮,૫૦૦ કિ.ગ્રા.

મુખ્ય ત્રણ ભાગ
જુઓ બાજુની આકૃતિ→

* પહેલો ભાગ – 'એસ-૧સી.'
લંબાઈ ૪૮ મી., વ્યાસ ૧૦ મી.
વજન ૨૪૦૦ ટન.
દબાણની શક્તિ દરિયાની સપાટીએ ૩૩,૭૫,૦૦૦ કિ.ગ્રા.

* બીજો ભાગ – 'એસ-૨'
લં. ૨૪·૭ મી, વ્યાસ ૧૦ મી.
વજન ૫૦૦ ટન.
દબાણ, શૂન્યાવકાશમાં ૪,૫૦,૦૦૦ કિ.ગ્રા.

* ત્રીજો ભાગ – 'એસ-૪બી'
લં. ૧૮ મી. વ્યા. ૬·૫ મી.
વજન ૧૩૦ ટન.
દબાણ શૂન્યાવકાશમાં ૯૦,૦૦૦ કિ.ગ્રા.



લગભગ ૩૬ માળના મકાન જેટલું 'સૅટર્ન-૫'-'નાસા'ના કહેવા પ્રમાણે-આજ સુધીનું દુનિયાનું સૌથી વધુ શક્તિશાળી રૉકેટ ગણાય છે. (રશિયા પોતાની પાસે આથી યે વધુ શક્તિશાળી રૉકેટ હોવાનો દાવો કરે છે, પણ એની કોઈ ખાતરી નથી) ડૉ. વર્નર ફૉન બ્રાનની રચના પ્રમાણે લગભગ ૫૦ લાખ જેટલા નાનામોટા ભાગવાળું આ તોતિંગ રૉકેટ ૨૦,૫૦,૦૦,૦૦૦ ડૉલરના ખર્ચે, લાખો માણસો અને દસ વર્ષની જહેમત પછી તૈયાર થયું છે. માણસે સર્જેલા કોઈ પણ એક સાધનમાં વધુમાં વધુ અટપટી એની રચના છે. જ્યારે એનું કાર્ય માત્ર વધુમાં વધુ ઝડપે અને વધુમાં વધુ ઊંચે જઈને 'ઍપોલો-૮'ને એની અંતરીક્ષયાત્રાના પથ પર મૂકવાનું છે. એકબીજા પર રાખેલાં ત્રણ જંગી રૉકેટોને જોડીને એ બનાવાયું હોઈ, ઉપરની જમણી બાજુની આકૃતિ પ્રમાણે એના ત્રણ મુખ્ય ભાગ પડે છે. સૌથી નીચેના પહેલા ભાગ (એસ-૧ સી)નાં 'એફ-૧' પ્રકારનાં પાંચ એન્જિનો, પ્રથમ ૨૫ મિનિટમાં દર સેકંડે ૧૫ ટનના હિસાબે, ૧૯૦૦ ટન પ્રવાહી ઑક્સિજન અને ૬૫૦ ટન કેરોસીન બાળીને અને તેના વડે અત્યંત ભારે દબાણ પેદા કરીને, ઍપોલો યાન સાથેના આ સમગ્ર તોસ્તાનને કલાકના ૧૦,૦૦૦ કિલોમીટરની ઝડપે ઊંચકી જાય છે. એની કામગીરી પૂરી થતાં એ વિભાગ રૉકેટથી છૂટો પડી ફેંકાઈ જાય છે. આ પછી યાનને વધુ આગળ લઈ જવા બીજા તબક્કા (એસ-૨)ના રૉકેટની કામગીરીમાં ૪૭૦ ટન જેટલો પ્રવાહી હાઇડ્રોજન અને પ્રવાહી ઑક્સિજન વપરાય છે. પોતાનું કામ પતી ગયે એ પણ છૂટો પડી જાય છે. આ જ રીતે ત્રીજા ભાગ (એસ-૪બી)નાં એન્જિનો પણ ૧૧૫ ટન પ્રવાહી હાઇડ્રોજન અને ઑક્સિજન બાળે છે. એના 'જે-૨' પ્રકારના એન્જિનને જરૂર પડે ચાલુ કે બંધ કરી શકાય એવી રચના છે. આ ત્રણે વિભાગની ઉપર, એના સમગ્ર સંચાલન માટે આપમેળે કામ કરતાં વિજ્ઞાણુ સાધનો ગોઠવવામાં આવ્યાં છે.

'સૅટર્ન-૫'ના ઉડ્ડયનના આરંભમાં જ એટલી શક્તિ પેદા થાય છે કે એના વડે કલાકના ૬૦ કિ મી ની ઝડપે એક મોટરગાડી સતત ૩૪ વર્ષ સુધી દોડતી રહીને પૃથ્વીને ફરતાં ૪૦૦ ચક્કર લગાવી શકે! ૮૦ જેટલાં મોટાં જળવિદ્યુત મથકો પેદા કરી શકે એટલી આ શક્તિ થઈ. 'સૅટર્ન-૫'ની બધી ટાંકીઓમાં બળતણ ભરવા રેલવેનાં ૯૬ વૅગન જોઈએ. એના પહેલા ભાગની ટાંકીઓ જ એટલી વિશાળ છે કે એમાં પાસેપાસે ત્રણત્રણ મોટરટ્રક ઊભી રહી શકે. વળી, આ ટાંકીઓ એટલી ચુસ્ત (લીક પ્રૂફ) છે કે જો એટલા પ્રમાણમાં મોટર-ગાડીનું ટાયર ચુસ્ત બનાવ્યું હોય તો ધીરેધીરે એમાંની હવા પૂરેપૂરી નીકળી જતાં ૩૨૦ લાખ વર્ષ લાગે!

વિવિધ ઝેર લેવાયાનાં લક્ષણો અને તેની સામાન્ય સારવાર

ઝેરનું નામ	પ્રાણઘાતક પ્રમાણ	લક્ષણો કે શારીરિક ફેરફાર
તેજાબ : હાઇડ્રોક્લૉરિક નાઇટ્રિક સલ્ફ્યુરિક	૧ થી ૪ ડ્રામ ૨ ડ્રામ ૧ ડ્રામ	મોંમાં, ગળામાં અને પેટમાં દુખાવો થવો; ચાંદાં પડવાં, તરસ-શોષ લાગે; કંઈ પણ ગળવામાં મુશ્કેલી; કબજિયાત, તાણ-આંચકી, શ્વાસોચ્છ્વાસમાં રુકાવટ.
કૉસ્ટિક સોડા	૧·૫ ગ્રેઇન	
સાપનું ઝેર	—	ડંખનું નિશાન તપાસવું. ડંખ ઉપર દુઃખાવો, શ્વાસોચ્છ્વાસમાં રુકાવટ, ધીમું રુધિરાભિસરણ, તીખું પારખવાની અશક્તિ, લોહીમાં ગાંઠા બાઝી જવા, ચામડી પર લોહીનાં જમઠાં દેખાવાં.
આર્સેનિક (સોમલ)	૧·૫ ગ્રે.	મોં અને ગળામાં બળતરા, ગૂંગળામણ, ઊલટી અને મોળ આવવી, ઝાડા થઈ જવા, સ્નાયુઓ ખેંચાવા, બેભાન બનવું.
બાર્બિટ્યુરેટ્સ (ઊંઘની ગોળીઓ વગેરે)	૧૫ ગ્રે.	બેચેની, મૂંઝવણ, ઘેન, બેશુદ્ધિ, રક્તદબાણ ઘટી જવું, શ્વાસોચ્છ્વાસ ધીમા પડવા, કીકીઓ પહોળી થવી, આંખની પ્રતિક્રિયાનો અભાવ, કબજિયાત વગેરે.
અફીણ	૦·૫ થી ૫·૦ ગ્રે.	સખત પરસેવો વળીને પછી ચામડીનું એકદમ સૂકા પડી જવું. ફીકું પડી જવું, કીકી મોટી થવી, રક્તદબાણ ઘટી જવું, શ્વાસમાં મુશ્કેલી, આંચકી, બેશુદ્ધી વગેરે.
ખોરાકનું ઝેર	—	મોળ આવવી, શીળસ ઊપડવી, અઢાર થી છત્રીસ કલાક પછી પેટમાં દુઃખાવો, જોવામાં ધૂંધળાપણું, ગળું તથા મોં સુકાવું, કબજિયાત અને નબળાઈ. ઊલટી, ઝાડા દ્વારા શરીરમાંથી પાણી નીકળવું, આઘાત, પેશાબ બંધ થવો, આંખે બે દેખાય વગેરે.
કાર્બન મૉનોક્સાઈડ અને અન્ય ઝેરી વાયુ	—	ગૂંગળાવું, બેભાન થવું.
હાઈડ્રોસાઇનિક તેજાબ પ્રુસિક તેજાબ કડવી બદામ	૧ થી ૨ ગ્રે.	શ્વાસોચ્છ્વાસ વધી જવા, બગાસાં આવવાં, મોંમાં કડવી બદામની વાસ આવવી, નાડી ધીમી અને નબળી પડવી, આંખની કીકી પહોળી થવી, તાણ આવવી.
આયોડિન	૧ ડ્રામ	કડછો સ્વાદ, મોંમાં દાહ, હોજરીમાં બળતરા, ઊલટી, ઝાડા, તરસ, તાણ, સુસ્તી વગેરે.
ઝેરકોચલું	૦·૨૫ થી ૧ ગ્રે.	શુષ્ક મુખ, તાણ, પરસેવો, સ્નાયુમાં ખેંચ, ગોટલા ચડવા વગેરે.
સીસાના ક્ષારો (ખોટી કલાઈવાળાં વાસણોમાં)	૩૦૦ ગ્રે.	કડછો સ્વાદ, તરસ, ઊલટી, કબજિયાત, સુસ્તી, તાણ વગેરે.
દરેક જાણીતું કે અજાણ્યું ઝેર	—	શોષ, તરસ, તાણ, ઊલટી, શ્વાસોચ્છ્વાસ વધી જવા, નાડી ધીમી પડવી, ગળું બળવું વગેરે સામાન્ય લક્ષણો છે.

ગ્રે. = ગ્રેઇન = ૦·૦૬૪ ગ્રામ = આશરે ૧ ઘઉં ભાર.   ૧ ગ્રામ = ૧૫·૪૩ ગ્રેઇન.   ૧ ડ્રામ = ૧ ચમચી = ૪ મિલિલીટર.

તાત્કાલિક સારવાર	પછીની પૂરક સારવાર
ચૂનાનું પાણી, મૅગ્નેશિયા કે ઇંડાની સફેદી અથવા ઑલિવનું તેલ આપવું.	આરામ, સામાન્ય ઉત્તેજક પીણું, ઇંફ, મૉર્ફિયા, ઍટ્રોપાઈન.
લીંબુ, દૂધ, ઈંડાં વગેરે આપવું.	જરૂર લાગે તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ, ઍટ્રોપાઇન મૉર્ફિન વગેરે.
ઘા ઉપર ચેકો પાડી લોહી નીકળી જવા દેવું, નવું લોહી આપવું, ઘા ઉપર પોટાશ-પરમૅંગેનેટ મૂકવું. 'ઍન્ટીવેનમ'નું ઇંજેક્શન કે પોલીવેલન્ટ સીરમ આપવું.	દર્દી ઊંઘી ન જાય તે જોવું.
ગરમ પાણીમાં મીઠાનો જુલાબ આપવો કે મિલ્ક ઑવ મૅગ્નેશિયા અથવા હાઇડ્રોક્સાઈડ ઑવ આયર્ન અને સોડિયમ થાયોસલ્ફેટ આપવા.	પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી આપવું. ઍટ્રોપાઇન, કેફિન અને સ્ટ્રીચનાઈન આપવા.
ઊલટી કરાવવી અને જુલાબ આપવો, ઇફેડ્રીન પોણો ગ્રેઈન, સ્ટ્રીચનાઈન દોઢ ગ્રેઈન કે પાઇક્રોટૉક્સિન દસ મિલિગ્રામ વારંવાર આપવું.	કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ, ઍમોનિયા સુંઘાડવો, ઍટ્રોપાઈન.
હોજરી સાફ કરાવીને ટૅનિક ઍસિડ (ચા વગેરે), પાવું.	કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા, ઍમિલ નાઇટ્રેટ સુંઘાડવું.
જુલાબ આપવો, ટ્યૂબ દ્વારા હોજરી ધોવી, સોડા પીવડાવવી, સ્ટ્રીચનાઈન, પાઈલોકાર્પાઈન વગેરે આપવાં.	એનિમા, સોડા વગેરે આપવાં. ગ્લુકોઝ ચડાવવું, વધારે જુલાબ આપવો, જરૂર પડે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ.
દર્દીને ચોખ્ખી હવામાં લઈ જવો, કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા, ઍમોનિયા સુંઘાડવો.	પ્રાણવાયુ આપવો, નવું લોહી આપવું.
હોજરી ધોવી, ઊલટી કરાવવી, ઍમિલ નાઇટ્રેટ સુંઘાડવો. નસમાં સોડિયમ નાઇટ્રેટનું કે સોડિયમ થાયોસલ્ફેટનું ઇંજેક્શન પણ આપવું.	કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.
પાણીમાં લોટ અથવા સ્ટાર્ચ આપવા, હોજરી ધોવી, ઊલટી કરાવવી, તેલ અથવા ચીકણો પદાર્થ ખવડાવવો.	ઘણા ઝેરના મારણ તરીકે ઈંડાની સફેદી અપાય છે.
ગોટાશ પરમૅંગેનેટવાળું પાણી કે કડક ચા આપવાં અને ઊલટી કરાવવી, ગ્લુકોજ ચડાવવું, ઘેનની દવા આપવી, કૃત્રિક શ્વાસોચ્છ્વાસ આપવા.	
હોજરીને ધોવી, ઊલટી કરાવી ખાલી કરવી, ચાર થી પાંચ ગ્રામ સોડિયમ સાઇટ્રેટ પાણીમાં મેળવી આપવું.	
મોંમાં આંગળી નાખી ઊલટી કરાવવી, અરીઠાં કે સાબુનું પાણી આપવું, ૮ ઔંસ ગરમ પાણીમાં બે ચમચા મીઠું આપવું; ૮ ઔંસ પાણીમાં એક ચમચો રાઈ આપવી.	**સર્વ વિષની એક દવા** ચારકોલ (બળેલા બ્રેડનો ભૂકો ચાલે) ૧ ભાગ, ટૅનિક ઍસિડ (કડક ચા) ૧ ભાગ, અને મિલ્ક ઑવ મૅગ્નેશિયા ૧ ભાગ પાણી સાથે વારંવાર આપવાં.

म = ૧ ઔંસ.

સાહિત્યસંપર્ક

ઉમર ખય્યામની રૂબાઇઓ

ઈસુની અગિયારમી સદીના લગભગ ઉત્તરાર્ધમાં ખુરાસાન (ઈરાન)ના નેશાપુર ગામમાં એનો જન્મ. ધ્યાસુદ્દીન અબુલ ફતાહ-ઓમર-બિન ઈબ્રાહીમ અલ ખય્યામી જેવું ધ્વનિ પ્રતિધ્વનિત થતું રણકતું નામ હતું એનું. જેનો અર્થ થાય છે ઈબ્રાહીમ કે અબ્રાહમ નામે તંબૂ બનાવનારનો પુત્ર. એણે—ઉમરે પોતે પણ એ જ વ્યવસાય સ્વીકાર્યો. તંબૂઓ બનાવતાં બનાવતાં જ એ વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનો સ્નાતક થયો. શાયર કરતાં ગણિતજ્ઞ ને ખગોળવેત્તા તરીકે એનો જમાનો એને વધુ ઓળખતો. એણે બીજગણિતનો પ્રમાણભૂત ગ્રંથ રચ્યો, ખગોળવિદ્યાના કોઠા સુધાર્યા, પંચાંગમાં આમૂલ ફેરફારો કરવાની ઈરાનના શાહ માલિકશાહને પ્રેરણા આપી.

ગણિત કરવાના પોતાના આ વ્યવસાયમાંથી ક્યારેક મળતા અવકાશમાં એ કાવ્યરચનાનો આનંદ માણતો. બે નશામાં એ મસ્ત રહેતો: શાયરી અને શરાબ. ઈ. ૧૧૨૩માં એનું અવસાન થયું તે પહેલાં એણે લગભગ પાંચસો'ક કાવ્યકંડિકાઓ ચતુષ્પદી શ્લોક કે રૂબાઈ સ્વરૂપમાં રચી હતી. લાક્ષણિક, પ્રાસયુક્ત, ગઝલ સ્વરૂપની, લોકસ્પર્શી, તીખા વ્યંગથી ભરેલી એ કૃતિઓ મોટે ભાગે તો સ્વયંપર્યાપ્ત ભાવ સમાવતી; અને સળંગસૂત્ર ન હોવા છતાં એક મધ્યવર્તી ફિલસૂફીના તત્ત્વથી સંકળાએલી તો હતી જ. ચાર્વાકવાદી મુક્ત મસ્ત વિચારોના કેફ સાથે કટાક્ષના કોરડા વીંઝતી એની વાણીની નિખાલસતા ચોટદાર છે. ભવિષ્યની ચિંતા રાખ્યા વિના આજને માણી લેવાનું પડ્યોધતી, જામ ને સુરાહી તથા સાકી અને શરાબનાં મસ્ત કથનોની પાછળ જીવનની અસારતા ને ક્ષણભંગુરતાની પાર જતો ઈશ્કે હકીકી એમાં પ્રતીત થાય છે.

છ સૈકા સુધી ઉમર ખય્યામની કવિતાથી પશ્ચિમ જગત અજાણ રહ્યું હતું. એક એકાંતપ્રેમી અર્ધશ્રીમંત ગ્રામપ્રદેશવાસી અંગ્રેજને ફાળે આ ઈરાની કવિ–ગણિતવિદ્‌ને સાહિત્યના યશ:પ્રદેશમાં સ્થાપવાનું આવ્યું. એ કવિ એડવર્ડ ફિટ્‌ઝજિરાલ્ડનો જન્મ માર્ચની ૩૧મીએ સને ૧૮૦૯માં એક સાધનસંપન્ન પરિવારમાં ઇંગ્લંડના બ્રેડફીલ્ડ ગામમાં થયો હતો. કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં થૅકરે સાથે એને મૈત્રી બંધાઈ. અભ્યાસ આશાયેશથી કર્યો; એને માટે સહજ એવા પ્રવાસો પણ કર્યા, સંગીત અને વનસ્પતિશાસ્ત્ર ખેડ્યાં; અને વહેલી વયે નિવૃત્તિ લઇને ઠરીઠામ થઈ મિત્રો અને બાગબાનીના શોખમાં મોજભર્યું નિષ્ક્રિય જીવન વિતાવ્યું. આમ ચાળીસ વર્ષો તો વીતી ગયાં. અલબત્ત થોડાં કાવ્યો લખેલાં.

ઉમર ખય્યામની રૂબાઈઓનો અનુવાદ તો એણે ફુરસદના વખતે, ધીમી સ્વસ્થતાથી 'સ્વાન્તઃ સુખાય' કરીને પોતાના પચાસમે વર્ષે પોતાના નામઠામ વગર કાચી બાંધણીની પુસ્તિકારૂપે છપાવેલો. એની નોંધસુધ્ધાં કોઇએ નહિ લીધેલી. ઈ. ૧૮૬૦માં કવિયુગ્મ સ્વિનબર્ન અને રોઝેટ્ટીની નજરે તે અચાનક ચડી. પણ તો યે આ કૃતિઓ લોકપ્રિયતા ન પામી. છેક આઠે વર્ષે એની બીજી આવૃત્તિ છપાઈ. અને તે પછી એકાએક, અણધારીરીતે જ એના પર લોકપ્રિયતાનો કળશ ઢોળાયો.

અગિયારમી સદીની આઝાદ બિફિકરાઈ ગાતી. આ ચતુષ્પંક્તિ કાવ્યકંડિકાઓ ઓગણીસમી સદીમાં જાહોજલાલ ઇંગ્લંડના કૉલેજ તરુણોએ સ્થિતિચુસ્ત સમાજ સામે પડકાર રૂપે ધારણ કરી. બંડખોર પ્રેમીઓનું તો એ બાઈબલ બની. અજંપો ભરેલાં અનેક નરનારીઓને એણે સધિયારો આપ્યો, કે જગતમાં આ બધી મિથ્યા ફિશિયારીઓ છે; આવનારા કોઈ અણદીઠ સ્વર્ગ કરતાં હાજરાહજુર પૃથ્વીના અયશોઅમન જ સત્ય પ્રમાણ છે; ભાવિના ઉધાર હવાલાને આધારે રહેવા કરતાં વર્તમાનની રોકડ જમા ભોગવી–માણી

શબ્દકથા: પરિયાં, પરીયાગત

નીચેની કહેવત ઘણી જાણીતી છે: 'જે જાય જાવે, તે પાછો નાવે; જો પાછો આવે, તો પરિયાંનાં પરિયાં ખાવે.' આ કહેવતનાં વિવિધ રૂપાંતર મળે છે. નીચેનું અરધું હિંદી (મારવાડી) રૂપાંતર પણ પ્રચલિત છે:

'જાવે જે કો નર ગયો, નાવે મંદિર માંહ્ય;
આવે જો જાવા થકી, તો પરિયાંપરિયાં ખાય.'

કહેવતનો ભાવાર્થ સ્પષ્ટ છે. વેપાર અર્થે જાવા જેટલે દૂર જનાર ભાગ્યે જ જીવતો પાછો ફરે; પણ વિરલ અપવાદ તરીકે કદીકને કોઈ જીવતો પાછો આવે તો તે એટલી બધી કમાણી કરીને લાવે કે તે પછી તેનાં સંતાનોનાં સંતાનો બેઠાંબેઠાં ખાય તો પણ ધન ખૂટે નહિ.

આમ અહીં 'પરિયાં' શબ્દનો અર્થ 'પોતાની પછીની પેઢીના વંશજ' એવો થાય. જોડણીકોશમાં 'પરિયું' શબ્દના 'પૂર્વજ' અને 'વંશજ' એમ બે અર્થ આપ્યા છે. 'પૂર્વજ' અર્થ થતો હોય તેવા પ્રયોગો શોધવા જોઈએ.

જોડણીકોશે 'પરિયું' શબ્દની વ્યુત્પત્તિ અંગે એવી કલ્પના ચલાવી છે કે સંસ્કૃત 'પરીત', પ્રાકૃત 'પરીય'=મરેલું—એના ઉપરથી 'પરિયું'. આ વ્યુત્પત્તિ પ્રમાણેનો અર્થ વંશજને રખે કોઈ લાગુ પાડે! કોઇકે 'પ્રજા' ઉપરથી 'પરિયા' બનેલું હોવાનો તુક્કો પણ લગાવ્યો છે.

આવા વિષયમાં અધ્ધર અટકળો નહિ, પણ જૂના પ્રયોગો જ પ્રકાશ નાખી શકે. ઈ.સ. ૧૬૩૫માં જયતસીએ રચેલા 'કયવન્ના રાસ' (=કૃતપુણ્ય રાસ)માં નીચેની કડી આવે છે:

'પૂછીગાછી વારતા, જાણ્યો એ વડ શાહ,
પરીયાગત લખમી ધણી, ભાગો તોહી વરાહ.'

અર્થ એવો છે કે કૃતપુણ્ય શેઠને બોલાવીને રાજાએ પૂછપરછ કરતાં જાણ્યું કે એ મોટો શેઠ હતો. તેની પાસે પુષ્કળ પરંપરાગત લક્ષ્મી હતી; એ ભાંગ્યોભાંગ્યો તો યે વરાહ હતો.

અહીં 'પરીયાગત લખમી' એ પ્રયોગનો અર્થ 'પરંપરાગત લક્ષ્મી' એવો થાય છે. એટલે 'પરીયાગત' શબ્દ બીજું કશું નહિ, પણ 'પર્યાયાગત'નું જ રૂપાંતર છે.

'પર્યાય'નો અર્થ 'ઉત્તરોત્તર ક્રમ કે પરિપાટી'. 'પર્યાયાગત' એટલે 'પેઢી દર પેઢી ઊતરી આવેલું.' આથી 'પરિયાં' એટલે પછીની પેઢીના વંશજ—સંતાન. અને 'પરિયાંનાં પરિયાં' એટલે 'સંતતિની સંતતિ'—પછીની અનેક પેઢીઓ.

ઉપર ટાંકેલી જૂની કડીમાં 'ભાગ્યો તોહી વરાહ' એ કહેવત 'ભાંગ્યું તો યે ભરૂચ' એ કહેવતનું જૂનું રૂપ છે. જૂની ગુજરાતીમાં રૂઢ વર્ણનો 'વર્ણક' કહેવાતાં. આવા એક 'વર્ણક'માં નીચેના અર્થની ઉક્તિઓ એકઠી કરેલી છે:

સૂકી તો યે બોરસલ્લી, વીંધી તો યે મોતીસરી, ભાગ્યો તો યે વરાહ, થાક્યો તો યે સેરાહ (=એક પ્રકારનો અશ્વ), ખાંડો તો યે ચંદ્ર, બાળો તો યે દેવેંદ્ર, કાળી તો યે કસ્તૂરી, વાદળિયો તો યે દીહ(=દિવસ), નાનો તો યે સિંહ.

હરિવલ્લભ ભાયાણી

લેવી. 'આજનો લ્હાવો લીજિયે જી કાલ કોણે દીઠી છે?'

જિન્દગી એટલે નિરાધાર સોગઠાંઓની નિરર્થક રમત, ઐહિક આકાંક્ષાઓની રાખમાં પરિણતી. છેવટે તો અણચિંતવ્યા આવી પડતા અંત વેળાએ આ તત્ત્વજ્ઞાનીઓ કરતાં શરાબ જ વધારે દિલસોઝ મિત્ર બની રહે છે!

પણ આ કઠોર તત્ત્વજ્ઞાન ભાગ્યે જ કારગત બને છે. દોષદૃષ્ટિ ભલે જારી રહેતી. સહુ કોઈ વિચારવંત માનવીના અંતરતમમાં તો એક પ્રકારનો અવિચારી મરણિયો મિજાજ પ્રવર્તતો હોય છે. પણ એનો સૂર એવો તો મોજીલો છે કે નિરાશાવાદ પણ આનંદભર્યો લાગે.

નવાં પુસ્તકો

દી. બ. નર્મદાશંકર મહેતા: વેદાંતવિશારદ, પ્રતિભાશાળી અમલદાર, સમર્થ વિદ્વાન, કુશળ વહીવટદાર, તત્ત્વચિંતક, વિવેચક, વિદ્યાવ્યાસંગી ને ગોવર્ધન યુગના સ્મરણીય સારસ્વત સ્વ. દી. બ. નર્મદાશંકર મહેતાને સર્વશ્રી મોરારજી દેસાઈ, કનૈયાલાલ મુનશી, પંડિત સુખલાલજી, કાકાસાહેબ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈદ્ય, રવિશંકર રાવળ આદિ વિદ્યમાનોએ, ને ગાંધીજી, સરદાર પટેલ, આનંદશંકર ધ્રુવ, બ. ક. ઠાકોર, નરસિંહરાવ દિવેટિયા, અંબાલાલ પુરાણી આદિ વિદેહોએ આપેલી સ્મરણાંજલિઓનું સર્વશ્રી ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ ને યશોધર મહેતાએ કરેલું આ સંપાદન એમના બહુમુખી વ્યક્તિત્વનો સાદ્યંત પરિચય કરાવે છે. ડૉ. રાધાકૃષ્ણન્, જસ્ટીસ શેલત, ફિરોઝ દાવર, ગુલઝારીલાલ નંદા આદિની અંગ્રેજીમાં અપાએલી અંજલિઓ ચરિત્રનાયકની આંતરપ્રાંતીય ખ્યાતિની દ્યોતક છે, તો એમની લેખપ્રસાદી સ્વર્ગસ્થની અક્ષરોપાસનાની આહ્લાદક પ્રતીતિ કરાવે છે. ગયા યુગના બહુમુખી પ્રતિભા ધરાવતા અગ્રેસરોમાંના એક નર્મદાશંકરભાઈનો આ પરિચય સામાજિક સાહિત્યિક ને રાજકીય પ્રવાહો પર પણ સારો પ્રકાશ પાડે છે. પ્ર. ઈલાબેન પીયૂષ દીવાન, શાહીબાગ, અમદાવાદ. પૃ. ૩૪૪, પાકું પૂઠું.

વિમર્શ: શિક્ષણ, સમાજ તેમજ રાજકારણના કેટલાક પ્રશ્નોની ચર્ચા-વિચારણા કરતા, 'અભ્યાસ' (માસિક)માં પ્રકટ થએલા શ્રી પુરુષોત્તમ ગ. માવળંકરના લેખોનો સંગ્રહ. દેશના ભાવિનો ખયાલ રાખી વિદ્યાર્થીઓને ઉદ્દેશીને લખાએલા આ લેખોમાં એમની અનુભવી, સરળ, શિષ્ટ ને સ્વસ્થ શૈલીમાં રજૂ થએલા આ વિચારપ્રધાન લેખો આવકાર્ય અને મનનીય છે. કાચું પૂઠું, પૃ. ૧૩૪, કિં. ૩-૫૦. પ્રકાશક: સન્નિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧.

મરદ કસુંબલ રંગ ચડે: સ્વ. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્ય-સાગરમાંથી ચુનંદાં વાર્તારત્નો પ્રકટ કર્યા પછી એ દિશામાં બીજા કેટલાક વાર્તાકારોએ પણ ગતિ કરી. શ્રી જોરાવરસિંહ જાદવની આ લોકવાર્તાઓ પણ એક એવો જ પ્રયત્ન છે. સંગ્રહનું શિર્ષક સૂચવે છે તેમ તેમાં મર્દાનગીની, ન્યોછાવરીની વાર્તાઓ હોય તેમ સહેજે સમજાય. એવી વાર્તાઓ આ સંગ્રહમાં કેટલીક છે પણ ખરી, પરંતુ મનુષ્યનું શૌર્ય કોઈ ઊંચા ધ્યેય માટે ઝળકે તો તે ઉચિત લેખાય. 'ડેબલો કોળી' શૌર્યની વાર્તા ગણવી કે ક્રૌર્યની? 'જય ભીમનાથ'માં ભીમે અર્જુનની બનાવટ કરી તેમાં શૌર્ય ક્યાં? કેટલીક વાર્તાઓમાં વસ્તુ સામાન્ય અને ઓછું હોવા છતાં મલાવીમલાવીને વિસ્તાર્યું જણાય છે. કેટલેક સ્થળે દુહા-વર્ણનોનો અતિરેક પણ છે. અલબત્ત, 'જંતરડાનો ઘા', 'પ્રીત્યુંનાં પારખાં' વગેરે વાર્તાઓ રસપ્રદ અને ચાનક ચડાવે એવી છે. આ બધી વાર્તાઓ સાથે લોકશૈલીએ આલેખાએલાં સુશોભનો તથા ૧૮૦ પૃષ્ઠની પાકી બાંધણી ને ત્રિરંગી આવરણ વગેરેથી સંગ્રહને એક વિશિષ્ટ ઉઠાવ અપાયો છે. અને કદાચ એટલે જ એની કિંમત ૮/- રૂપિયા જેટલી રાખવી પડી હશે. પ્રકાશક: વિવેકાનંદ પ્રકાશનગૃહ, અમદાવાદ-૨૨.

બેવડાં બહુવચન: 'ઓ'નો અતિરેક

આ વિષય પર અગાઉ એક વાર 'જ્યોતિર્ધર'માંથી નોંધ લેવામાં આવી હતી. પણ હજી યે આપણે ત્યાં બેવડાં બહુવચનનો ખૂબ ઉપયોગ થતો જોવામાં આવે છે. હમણાં જ એક જાણીતા ગુજરાતી દૈનિકમાં મોટા અક્ષરે મથાળું હતું: 'પક્ષપલટા**ઓ** ઘટાડવા માટે સૂચવાએલાં પગલાં**ઓ**' આમાં કાળા અક્ષરે દર્શાવેલા 'ઓ' નિરર્થક છે. 'પલટો'નું 'પલટા' અને 'પગલું'નું 'પગલાં' બહુવચન થએલાં જ છે, પછી 'ઓ' ઉમેરીને બેવડું બહુવચન શાને? એ જ રીતે સાહિત્યના એક પ્રતિષ્ઠિત પાક્ષિકમાં હમણાં એક લેખનું મથાળું હતું: 'આગામી સંઘર્ષના ઓળાઓ'!

આજકાલ જેમ અનુસ્વારનો અતિરેક થાય છે તેમ આ બહુવચનસૂચક 'ઓ' નો પણ થાય છે. વસ્તુતઃ અમુક શબ્દોમાં જ્યાં તેને ઉમેરવાથી અર્થનો અનર્થ કે બીજો અર્થ થતો હોય (દા. ત. હાથ + ઓ = હાથો; ઝાડ + ઓ = ઝાડો) ત્યાં તે ન ઉમેરવો સારો. આપણે ત્યાં જૂની કહેવતમાં 'ઝાઝા હાથ રળિયામણા' જ છે; ત્યાં 'હાથો' નથી કર્યું.

દી. બ. કૃષ્ણલાલ ઝવેરી



તમે માર્ગસૂચક સીમાસ્તંભ નિરખ્યા,
ને સારસ્વતોની મજલને પિછાણી;
હજી રૂપ એનું ઊઘડતું હતું ત્યાં,
ગિરા ગુર્જરીમાં ગઝલને પિછાણી.
'અનિલ'

ગુજરાતનાં શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારનાં ક્ષેત્રોમાં એકધારું અને આગળપડતું પ્રદાન કરનાર ઝવેરી કુટુંબની ત્રણ પેઢી (રણછોડદાસ ગિરધરદાસ, મોહનલાલ રણછોડદાસ અને કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી) પૈકી ત્રીજા, અને આધુનિક પેઢીના સંસ્કારજગતના આદરણીય વડીલ સમ દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી—કૃષ્ણલાલ કાકા (જેમનું ચરિત્ર ૪૦૩મા અંકમાં આવી ગયું)નું આ જન્મશતાબ્દી વર્ષ ગઈ ૩૦મી ડિસેમ્બરથી શરૂ થયું. ૮૯ વર્ષની વયે અવસાન પામેલા, ને ત્રણત્રણ પેઢીની સંસ્કાર-પ્રવૃત્તિઓ સાથે સંકળાએલા આપણા એ વિદ્યાપુરુષ ફારસી ભાષાના પંડિત હોવા ઉપરાંત બંગાળી અને મરાઠી ભાષાના પણ સારા જાણકાર હતા. 'માઈલ સ્ટોન્સ ઈન ગુજરાતી લિટરેચર'ના એમણે લખેલા બે ભાગ, એ ગુજરાતી સાહિત્યનો પરિચય આપતું અંગ્રેજીમાં પ્રથમ પ્રસ્થાન હતું.

જન્મશતાબ્દી નિમિત્તે રૂ. ૩૦૦૦નું પારિતોષિક

એમના આ જન્મશતાબ્દી-વર્ષ નિમિત્તે ગઈ તા. ૨૦મી જાન્યુઆરીના રોજ સુરત ખાતે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી સી. એન. વકીલે સદ્ગતની પ્રતિમાના અનાવરણવિધિ પ્રસંગે રૂ. ૩૦૦૦)ના એક સંશોધન-પારિતોષિકની જાહેરાત કરી હતી, જે નવગુજરાતના નિર્માણમાં સહાયરૂપ થાય એવા સંશોધનકાર્ય અર્થે આપવામાં આવશે.

ચન્દ્રવદન મહેતાની અંતરગઠરી · ૧૪

પ્રીતની ગાંઠ ન તોડી શકે વિધિનાથ

પારી(સ)ને તરછોડયું, પણ લંડનને ન તરછોડાયું. પારી(સ)થી લંડનનો એક કલાકનો ઊડવાનો ગાળો, પણ એરપોર્ટ ઓરલીથી ઊપડયા. વિમાનમાં મારી બાજુમાં બેઠા બ્રિટિશ કાઉન્સિલના મુંબાઈના પ્રતિનિધિ મિ. કૂમ્સ. જરાક રહીને હળવેથી પૂછે છે કે 'તમે જ મિ. મહેતા, મુંબાઈ-વડોદરાના? તમે હમણાં પાસપોર્ટ કાઢ્યો એટલે નામ તો મેં વાંચી લીધું, પણ અમારે અમુક જ મહેતા જોઈએ છે, અને મુંબાઈમાં મહેતાજીઓની તો લગાતાર અલગાર...'

'આપ સ્કૉટલૅન્ડ યાર્ડના છાનાછપ્પા વતની છો?'

'ના, બ્રિટિશ કાઉન્સિલની ખુરશી શોભાવું છું.'

'આપની દાઢી જોઈ એવી અટકળ મારે કરવી જોઈતી હતી, કારણ આપની પહેલાં મિ. ગૅાટલી પણ આ જ ઘાટની, આ જ પ્રકારની આટલી જ દાઢી રાખતા હતા.'

'હજી રાખે છે. આ એર હોસ્ટેસોની માફક લગભગ અમારો બ્રિટિશ કાઉન્સિલના વડા હોદ્દેદારોનો પણ આ ગણવેશ છે.'

'મિ. ગૅાટલી હમણાં કયાં છે?'

'મલય-એશિયામાં. હવે મને ખાતરી થઈ ગઈ કે તમે જ અમારા મિ. મહેતા છો. હું મુંબાઈથી આવું છું. મારે જરા લંડનમાં કામ છે. તમે આમ અચાનક ભટકાશો એવો ખયાલ જ નહિ. મુંબાઈમાં મારા દફતરદારો તમારી તલાશ કરી રહ્યા છે. સારું થયું તમે આમ ભેટી ગયા.'

'ત્યારે લંડન પહોંચતાં તમે મને સીધા સ્કૉટલૅન્ડ યાર્ડ જ લઈ જશોને? બ્રિટિશ વૉરંટ હવાઈ માર્ગમાં પણ અમલી બની શકે, ખરું?'

'હા જી, અને આ બ્રિટિશ ઓવરસીઝ એર ક્રાફ્ટ છે, (બી.ઓ.એ.સી.) એ ધ્યાનમાં રાખજો. તમે હવે નહિ છટકી શકો.'

'વારુ સાહેબ! વૉરંટ તો બતાવો. ગુનો કઈ જાતનો છે એ તો કહો.'

'વૉરંટ મુંબાઈમાં પડયું છે. પણ લંડન ઊતરતાં તમને બીજું વૉરંટ બતાવીશ. અને ગુનો? તમે કોઈ વાર એક સારા નામની બાઈને મળ્યા હતા? અંગ્રેજ. ચિંતા ન કરો, જરા યાદદાસ્ત તાજી કરી જવાબ આપો. પરણેલી... એના પતિને મળ્યા હતા. હવે એ બાનુ વિધવા છે. તમે એના વરને ૧૯૬૦માં ફિનલૅન્ડમાં... હેલસિન્કી શહેરમાં...'

'હા, હા, સ્ટિફન ટૉમસ, મારા બહુ મોટા, ઘણા સારા દોસ્ત.'

'અને તમે એની સાથે ફિનલૅન્ડની ઈન્ટરનૅશનલ થીએટર કૉન્ફરન્સ બાદ લંડન આવેલા. એને ત્યાં જમેલા. મિ. ગૅાટલી પણ હતા.'

'હા, હા.'

'એની વહુએ એક પુસ્તક પ્રકટ કર્યું છે. બાઈએ અમને લખ્યું કે હિંદુસ્તાનમાં એક મિ. મહેતા છે તે મારા વરના મોટા દોસ્ત. એને આ નકલ મારા વરની યાદમાં ભેટ મોકલજો. અને અમે તમારી શોધમાં પડયા. અમારાં મુંબાઈનાં દફતરો જોતાં ઠીક મહેતાઓ નીકળ્યા, પણ અમારા એક કર્મચારીએ તમારો આખો પત્તો મેળવી આપ્યો. એ પુસ્તક તો મુંબાઈમાં પડયું છે, પરંતુ લંડનમાં તમને એની બીજી નકલ મેળવી આપવાનો મારો ધર્મ છે. અલબત્ત, મુંબાઈની નકલમાં સારાએ પોતાના હસ્તાક્ષરમાં તમારે માટે બે-પાંચ સુંદર લીટીઓ લખી છે. તે તો તમે મુંબાઈ જાઓ ત્યારે વાંચજો. હવે તમે કહો તમને પુસ્તક આપું ત્યાં સુધી તમે મારા કેદી ખરાને?'

શું બોલું? ૧૯૬૦માં ઉત્તર ધ્રુવ જોવા અમે ત્રણ-ચાર જણા ઊપડેલા. ફિનલૅન્ડનાં સાઠ હજાર તળાવોમાંથી કેટલાંક સાંકળેલાં. એમાં લૅાચમાં પ્રવાસે ચડેલા. ઇંગ્લંડના મશહૂર નટ કલેરન્સ ડરવેન્ટ પણ અમારી સાથે. એણે કાલિદાસના 'શાકુન્તલ'માં ૧૯૨૬માં દુષ્યંતનો પાઠ કરેલો. એક-બે સંસ્કૃત શ્લોક લૅાચમાં એણે લલકારેલા. લંડનમાં અમે ત્રણે સાથે જમેલા. ડરવેન્ટ તો બિચારા જેવા ન્યૂ યૉર્ક પહોંચ્યા કે તરત જ ગુજરી ગએલા. સ્ટીફને પોતાને ત્યાં મને બે-ચાર વાર જમવા બોલાવ્યો હતો. ત્યાં એની વહુ સારા જોડે મારી ઓળખાણ કરાવી હતી. એક જ વર્ષ બાદ સ્ટીફનનું પણ અવસાન થએલું. ૧૯૬૧ કે ૧૯૬૨માં હું ફરી લંડન ગયો ત્યારે સારાને મળવા ગયો હતો, ત્યારે એણે સુંદર કાવ્યો લખેલાં એ મને વંચાવ્યાં હતાં. હૅમ્પસ્ટેડમાં એનું નાનકડું બે માળનું ઘર. સાથે સંકળાએલો નાનો વંડો–બાગ: દશ બાર જણા ટેબલ પર જમી શકે અને આસપાસ થોડા છોડવા-ફૂલો હલાવી મનરંજન કરી શકે એવડો બાગ, પણ વ્યવસ્થિત, સ્વચ્છ, મનમોહક, આકર્ષક, ઝીણામાં ઝીણી વિગત ને કાળજીથી સુસજ્જ એવો. ત્યાં અમે જમીએ છીએ, ને હું સ્ટીફનને પૂછું છું: 'આ તમારું પોતીકું ઘર કે ભાડે? હૅમ્પસ્ટેડ તો જૂના જમાનાથી ઉમરાવોને રહેવાની જગ્યા.'

'સી. સી.! વો દિન કહાં—? આ તો મારી સારાનું બાપીકું ઘર. એ એની એકની એક દીકરી, અને પરણ્યા પછી અમે અહીં જ રહીએ છીએ. આ જગ્યાની દેખભાળ સારા પોતે જ કરે છે. આ એકેએક ફૂલછોડ એની કેળવણીના પરિણામ રૂપ છે.'

શું બોલું? બે મિત્રો ગુજરી ગયા, ત્રીજો જગમશહૂર 'કિંગ ઑફ કલાઉન્સ'નું બિરુદ પામેલો ગ્રોક પણ ગુજરી ગયો. એ ત્રણે યાદ આવ્યા. સારા સાથે વાંચેલી કવિતાઓ યાદ આવી. એ કાવ્યપુસ્તક છપાયું હશે તે જોવા જિજ્ઞાસા થઈ...મિ. કૂમ્સે મને લંડન એરપોર્ટ ઉપર ઉતરાણ શરૂ થયું ત્યારે નજર સામે ચાલી રહેલી સ્મૃતિપરંપરાની દર્શન-સમાધિમાંથી જાગ્રત કર્યો.

અમે ઊતરીને એમની ગાડીમાં સીધા જ ઑક્સફર્ડ સ્ટ્રીટ થઈ ડેવિસ સ્ટ્રીટમાં પહોંચ્યા. આ બ્રિટિશ કાઉન્સિલનું થાણું. સ્ટીફન ટૉમસ અહીં નાટક-પ્રોડયુસરના ખાતામાં કામ કરતા. નવી થોડી ઓળ-

ખાણો કરી, જૂના-જાણીતાઓને મળી જરા સ્વસ્થ થાઉં છું, ત્યાં મિ. ફ્રમ્સે મને ભૂરા પૂઠામાં બાંધેલું 'ડાર્ક વિથ નો સૉરો'નું પુસ્તક આપ્યું. મિ. ફ્રમ્સનો મેં આભાર માન્યો અને બોલ્યો: 'સારાને મળ્યા વિના તો હું હવે ન્યૂ યૉર્ક નહિ જ જાઉં.' અને અમે નીચે ઊતરી એ મકાનની સામેના જૂનવાણી રેસ્ટૉરાંમાં થોડો સમય ગાળી છૂટા પડયા. આ જ રેસ્ટૉરાંમાં સારા-સ્ટીફન સાથે મેં એક બપોરે ભોજન માણ્યું હતું.

'ડાર્ક વિથ નો સૉરો' મારા હાથમાં આવતાં જ વાંચવા બેઠો. જ્યાં ઊતર્યો હતો ત્યાંથી બીજા પાસે સારાને ટેલિફોન કરાવ્યો કે ઘરમાં કોઇને મળવા ક્યારે એને ફરાગત છે? મારું નામ ન દીધું. વખત નક્કી કર્યો અને પુસ્તક શરૂ કર્યું. બાકીના લંડનમાં મને રસ નહોતો. ભાગ્યે જ આવું બને છે. બાકી લંડન શહેરની અધવચ્ચ ખોળે બેસો અને લંડન ન માણો—જાણો? છટ્, તમે સાચા અર્થમાં પ્રવાસી નથી, યાત્રી નથી, 'હ્યૂમન'ના અર્થમાં માનવી નથી.

'ડાર્ક વિથ નો સૉરો'—કઈ રીતે એનું આપણે ગુજરાતી કરીશું? 'દુ:ખ વિહોણો અંધકાર', 'અંધકાર પણ દુ:ખ ન લગાર', અથવા જરા વધારે છૂટ લઇએ તો 'અંધારું પણ હૈયે અજવાળું' એવું કંઈક કરી શકાય. ના; એમાં સારાએ મને વંચાવેલાં, અને પછી બેત્રણ મહિને ત્રણચાર વાર હિન્દ મોકલેલાં કાવ્યો ન મળ્યાં. ત્યારે?

સિબિલ થૉર્નડાઈકનું નામ સાંભળ્યું છે? હવે તો ડેઈમ સિબિલ. ઇંગ્લંડના તખ્તા ઉપર વીશીત્રીશીની અંદર મશહૂર બનેલી નટી. બર્નાડ શૉએ ત્યારે 'સેંટ જોન' લખીને ફ્રાન્સની એ ધૂની, ચમત્કારો કરવાની શક્તિ ધરાવતી, ભલભલાની છાતી બેસાડી દે એવી, રણસંગ્રામમાં ઢાલસાટો લઈ લડનારી બાઈ ઉપર એક અનુપમ નાટક લખી, નાટકની સાહિત્યસૃષ્ટિમાં અનેરા આનંદનો જુવાળ પ્રગટાવી દીધો હતો. એમાં, કાંટાબાજ અંગ્રેજો ને ધર્મને નામે રાજરમત રમનારા દેવળના ગુરુમહારાજોએ ફ્રાન્સને ઉલ્લુ બનાવી, આ વીરરમણી પર ખાસ નીમેલી અદાલતમાં કામ ચલાવીને એનામાં તો માતા પ્રવેશે છે, જીન-ભૂત-ડાકણે એને ભરમાવી ભરખી ખાધી છે, એવા આરોપો ઘડી, એ નિર્દોષ બાઇને બુદ્ધિના આટાપાટામાં આડીઅવળી ગૂંચવી, એને મોઢે એ નાસ્તિક છે એવા શબ્દો બેસાડીને, અંતે એ દયાહીન અદાલતના મળતિયા મોવડીએ જીવતી બાળવાની સજા ફટકારી જીવતી બાળી, એનું શૉએ કરેલું નિરૂપણ તો નાટ્યસાહિત્યનો એક ઉત્કૃષ્ટ કોટિનો નમૂનો ગણાય એવી એમાં નાટ્યછટા, વાક્છટાની ગૂંથણી છે. એવું એ નાટક; એની ચારે કોર ચર્ચા; કિયો માડી જાયો એને રંગભૂમિ ઉપર સાકાર કરી આપે એવો પડકાર; ત્યાં એ જમાનામાં, સોહામણી મુલાયમ નમણી છતાં નક્કર બરછટ ગ્રામકન્યા સેંટ જોનનો પાઠ સિબિલે કરવા બીડું ઝડપ્યું, અને મહિનાઓ સુધી ચાલેલા એ નાટકમાં સિબિલ થૉર્નડાઇકે અપરંપારની અને દરિયાપારની કીર્તિ સંપાદન કરી. જેણે એ નાટક જોયું એ કદી એ સિબિલને ભૂલી શકે એમ નથી. પછી તો સિબિલે ઘણા પાઠ કર્યા. જુવાની કરમાવા માંડી ત્યારે એના મિત્ર લ્યુઈસ સાથે ભારતમાં થોડા પાઠટુકડા કરવા પણ આવી હતી. એણે આ પુસ્તકની બરાબર બાર લીટીમાં પ્રસ્તાવના લખી છે. ચૌદ લીટી હોત તો હું એને ભલે ગદ્યમાં હોવા છતાં સૉનેટ કહેત! અને સૉનેટ ન ગણો તો યે એને ઊર્મિકાવ્ય તો કહેવું જ પડે, એટલી નજાકતથી ભરેલી એ પ્રસ્તાવના છે.

'આ એક સુંદર સેન્સિટિવ પુસ્તક છે. વરવહુની પ્રેમગાથા. સ્ટીફન અને સારાની બેલડીની આવી પ્રીતગ્રન્થિની કથની આલેખવા માટે આપણે એમના આભારી છીએ.'

આ 'સેન્સિટિવ' એટલે શું? 'ધિસ ઈઝ એ બ્યૂટિફુલ સેન્સિટિવ બુક'—એમ વાક્ય છે. સુન્દર અને સચેતન? લાગણી ઊભરાઈ આવે એવું? હૃદયમાં લાગી આવે ને જાગ્રત કરે એવું? હા, એમ કહી શકાય—હું એને લજ્જામણીના છોડ જેવું કહું. શબ્દકોશના અર્થ આવા લખાણને સાર્થક ન જ કરી શકે.

કુમારી સારા જૅક્સનને સંગીત શીખવાડવામાં આવ્યું હતું, પણ કુમળી વયમાં જ નાટકનું અને રંગભૂમિનું આકર્ષણ થએલું. માબાપનો વાંધો: 'અમારી દીકરી નાટકમાં ઊતરે? હાય હાય!' જી; આ સદીમાં ભારતમાં જેમ સેંકડો માબાપો છે તેમ ત્યાં પણ ખરાં. છતાં નાટકના બનારસ શેક્સપિયરના ગામમાં રંગભૂમિ ઉપર ઊતરી તેણે નામ કાઢ્યું. ત્યાં કપડાં બદલવાના ગ્રીન રૂમમાં બેસી ઊર્મિકાવ્યો પણ લખ્યાં. બ્રિટિશ કાઉન્સિલના આશરા હેઠળ નાટકોની ભજવણી કરાવનાર સ્ટીફન ટૉમસનો એને એવામાં ભેટો થતાં બંનેનાં હૃદયમાં પ્રીતની ગાંઠ બંધાઈ. બંધાઈ તે એવી કે કાવ્યકથા કે કલ્પનાકથા કે રોમાંચક કથાઓમાં આવતી વાર્તાઓને પણ ભુલાવી દે. એવો અંતરેઅંતરનો મેળ સધાઈ ગયો; પ્રેમસભર સંજોગ સગોચર બની રહ્યો. સતતનો પ્રેમદીવડો જલતો રહ્યો, એકબીજાને પ્રકાશ આપતો રહ્યો. કરુણરસની પરાકોટિમાંથી આખરે તો શાંત રસનું આસ્વાદન કરી શકાય છે એવો કેટલાક ભારતીય આલંકારિકોનો મત છે. પણ એ તો નાટ્યશાસ્ત્રની વાત. વળી એ વાત અહીં ક્યાંથી આવી? સંસારનાં મનોમન્થન અને અનુભવોના નિચોડ સિવાય બીજે ક્યાંથી વળી? ના, કશું જ નાટકી નહિ, ધમપછાડા નહિ, શાંત સભર સંતોષી જીવનનો એકબીજાની અંતર સમજણનો અર્ક.

હા, હેલસિન્કીથી અમે સાથે જ લંડન પહોંચેલાં. ત્યાં મને કોઈએ કહ્યું કે સ્ટીફનને ગળામાં કંઈ રોગ છે. પોતે નટ, પણ હવે નાટકોની રજૂઆત જ કરાવે છે, રંગભૂમિ પર નથી ઊતરતા. બહુ મીઠો, ઉમદા સ્વભાવનો, તર્કબુદ્ધિવાળો, ફૂટડો અંગ્રેજ. ૩, માઉન્ટ વર્નન પર એ રહે હૅમ્પસ્ટેડના નામે ઓળખાતા લત્તામાં, ત્યાંથી સહેજ આગળ ચાલો તો અઢળક વનશ્રીથી સભર એવી હૅમ્પસ્ટેડ હીથની જગ્યા. ત્યાં રહેનારા, અને બહારના પણ જે એક વાર એ સ્થાનને જુએ તે, ફરીફરીને એની રમણીયતા માણવા ગયા વિના ન રહે. હીથ એટલે ન બાગ, ન ઉપવન, ન બગીચો, ન વાડી. હીથ એટલે નાનાં નાનાં વૃક્ષોનું કુદરતી રીતે ગોઠવાએલું, ટેકરાળ પગથી થકી સુશોભિત, લીલુંછમ, આંખને આહ્લાદક, હૃદયને સચેતન કરનાર, રમણીય તો ખરું, પણ લાવણ્યથી ભરપૂર એવું વનસ્થળ. જ્યારે જાઓ ત્યારે અવનવું રૂપ ધારણ કરે. ઉપર સૂરજ અને વાદળ જેવી રમત રમે, એવી અહીંઆ વનશ્રી પોતાના શણગાર સજે ઉતારે, અને લીલારંગમાં જેટલી ભાત જેટલા છાયા પડછાયા હોઈ શકે એ બધા પ્રકટ કરે. છતાં પ્રગલ્ભ નહિ, નખરાળ પણ નહિ; ગૌરવભરી, હૃદયને સાંત્વના દે એવી વનશ્રી. ૧૯૫૦માં ત્યાં ફર્યો. ત્યાર પછી ઘણી વાર ફર્યો છું. સ્ટીફન અને સારા સાથે ત્યાં ઘણી વાતો કરી છે. ૧૯૬૦માં હું ત્યાંથી નીકળ્યો ત્યાર પછી સ્ટીફનને ફુલહામ રોડ ઉપરની ઍસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં ગળામાંનું દર્દ બહાર કાઢવા વાઢકાપ કરવામાં આવતાં, કંઠસ્થાનની બંને નરડીઓ દૂર કરવામાં આવી. પરિણામે બોલાય નહિ, ખવાય પણ નહિ. ખાવા માટે નળીનો ઉપયોગ, ને બોલવા માટે હાથ ઉપરાંત કાગળ-પેન્સિલ. આ સ્થિતિ લાંબી ચાલી. સારા એને પડખે રોજ બેસતી. પછી ઘેર જઈ રોજ એને કાગળ લખતી, ને પોતે જ એ લઈ

જતી. સ્ટીફનને સારું હોય તો એનો જવાબ એ લખે તો એ ઘેર જઈ વાંચતી ને તુરત ઉત્તર લખવા બેસતી. આ એક નિત્યક્રમ થઈ ગયો.

પ્રેમ—પારાવારનો પ્રેમ! પણ શેતલ પ્રેમ નહિ; હિમ્મત, આશા અને ઉષ્માભર્યો પ્રેમ. ચોધાર આંસુનો, છ તીફાટ રુદનનો પ્રેમ નહિ. આ કાગળોમાં પ્રેમ તો તરવરે જ છે. હૉસ્પિટલમાં કામ કરનારાઓ પણ છતા થાય છે. કંટાળાભરેલા કામ બાદ એમની હૂંફ. એમની સેવાભાવના, એમની હમદર્દી, દિલસોજી પણ દુ:ખના સાગરમાં કેવી મીઠી વીરડી જેવાં થઈ રહે છે તેના પણ ચમકારા મારે તેવા ઈશારા છે. બંને ભાવિક, ભક્ત, ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવાવાળાં, ઉજિયારા જીવનને જીવનારાં, જીવનને હજુ વધારે મંગલમય બનાવવાની હોંસવાળાં. પ્રીતની ગાંઠ બાંધી ત્યારે પેલી હીથમાં બેસી જે કેટલા ય નિર્ણયો કરેલા એને સિદ્ધ કરવા મથનારાં. એવી પ્રીત-બેલડીની કથા.

'સ્ટીફન! વહાલા! આપણી બંનેની આ કસોટી છે. તારી કપરી દર્દ સામે ઝઝૂમવાની તારી હિમ્મત જોઈ મારામાં આશાનો સંચાર થાય છે. હું તો તને જ ચાહું છું, તને જ ચાહીશ. તારે માટે મારા હૃદયમાં અપરંપાર પ્રેમ છે.'

'ના, તું બોલી નથી શકતો એટલે તારે જરા પણ મૂંઝાવાની જરૂર નથી. હું તારા હૃદયનો પ્રત્યેક ધબકારો સમજી શકું છું. મૌનથી તું કહે છે. તારી હિમ્મત અજોડ છે. હિમ્મત રાખ, સાજો થઈ જા. પછી તને ફરીવાર નવી રીતે, શી રીતે બોલવું, એની આખી બારાખડી શીખવાડીશ. હું કાલે આવું ત્યાં સુધી સ્ટીફન, મારા વહાલા સ્ટીફન, તારા શ્રેયનો, તું જલ્દી સાજો થઈ જાય એવી દર્દભરી પ્રાર્થના સાથે તારો જ વિચાર કરીશ'.

'સ્ટીફન! હું જાણું છું કે રાત પડી અને હું ઘેર ગઈ તે તને નથી ગમ્યું. મને પણ નથી ગમ્યું. પણ શું થાય? એ લોકોએ મને ત્યાં રહેવાની ના પાડી. ઘેર આવી આપણા નાનકડા બગીચામાં તારા વિચાર કરતી બેસી રહી. મોડી રાતે સૂતી.'

'વહાલી મારી સારા! આજની ગૂંગળામણનો પાર નથી. બોલવું છે પણ નથી બોલાતું એનું ભાન થતાં જ અકળામણ વધે છે. પરંતુ મારે જે કહેવાનું છે તે તું મારા ચહેરા ઉપરથી કળી જાય છે, એ જ મારો સંતોષ છે. તું ધીરજ રાખજે. આ યાતનામાંથી આપણે જરૂર એક દિવસ છટકીશું જેવી ભગવાનની મરજી! તારી આપેલી માળાના મણકા મારા હાથમાં સરકયા જ કરે છે.'

જુલાઈથી જાન્યુઆરી સુધી આવો ક્રમ ચાલ્યો. રોજની અંતરવેદનાઓ, વચગાળે આવતી જન્મતિથિઓ, એ ઊજવવાની બંનેની હોંશ, હૉસ્પિટલમાંથી ઘેર જઈ ઘરમાં કયા પ્રકારની ગોઠવણો કરવી, કેવા ફેરફારો કરવા એની ચર્ચા-વિચારણા. પડોશીની નાની બિલાડી આવતી-જતી, બાગમાંનાં ફૂલ ખીલતાં-બીડાતાં, ઉપર ઝાકળનાં બિન્દુ ઉભરાતાં-ખરતાં, ઘરનો નિગ્રો નોકર બંનેની ચિંતામાં ભાગીદારી કરતો, પોતાના રજાના દિવસોનાં ઉજાણી-ઉત્સવો જતાં કરતો હમેશાં સચિંત રહેતો, મિત્રોના તાર ટપાલ આવતાં એની કાળજી રાખતો.

સ્ટીફનનું દુ:ખ વધતાં એ બંનેએ સ્વિટ્ઝરલૅન્ડમાં, ફ્રાન્સમાં, ઇટલીમાં શિયાળા-ઉનાળામાં ગાળેલા કિલ્લોલના દિવસોની યાદ પોતાના કાગળોમાં આપીને જીવલેણ દર્દભરી પળો હળવી કરવા સારા પ્રયત્ન કરતી. એનાં સૂચનો, ભર્યાભર્યા ઉમળકાઓ, સ્વપ્નોની તરંગલીલા અને જીવનની સંસારલીલામાં આવતાં આવાં પોતાનાં અને પોતાની આસપાસનાંઓની યાતનાઓ વગેરેના ઈશારા કરી આશ્વાસન લેવાની ક્રિયાપ્રક્રિયા ઉપર લખાણો લખતી. અને દર્દ ઓછું હોય ત્યારે સ્ટીફન એના જવાબો લખી પોતાના ખિસ્સામાં રાખી મૂકતો, જો તે ઘેનમાં હોય તો સારા તે હળવેથી કાઢી લઈ ઘેર જઈ વાંચતી.

ના, ના; ક્યાંય ટપકેલાં આંસુની નિશાની નહિ, કોઈથી એમનું કામ કરવામાં ક્યાંય અજાણતાં ભૂલ થઈ ગઈ હોય તો એની ફરિયાદ નહિ. એવા મીઠા, વહાલ-પ્રેમથી ઊભરાતા કાગળોની પરંપરા ચાલુ રહે છે. એકમાં આવે છે: 'સ્ટીફન! વહાલા સ્ટીફન! હવે તો લાગે છે કે તું મારા કાગળો વાંચી નહિ શકે. તારું દર્દ એટલું વધી રહ્યું છે કે દાક્તરો તને સતત ઘેનમાં જ રાખી મૂકે છે. પણ એક દિવસ તું એ બધાંમાંથી ઊગરશે ત્યારે વાંચી શકે એટલા માટે હું તો હમેશની માફક કાગળો લખ્યા જ કરીશ. તારીખ-વાર, સહી-સિક્કા સાથે; ઈશ્વર તારું દુ:ખ હળવું કરે, એવી પ્રાર્થનાઓ સાથે.'

શિયાળો બેઠો. રસ્તા બરફથી છવાઈ જાય છે, પણ સારા તો એ જ પ્રમાણે હૉસ્પિટલમાં જાય છે, કાગળ આપે છે, પાછી ફરે છે. આડોશીપાડોશી કોઈ એકની એક વાત પૂછતાં નથી, પણ બધાં સચિંત છે. કોઈનું કોઈ વિવિધ ફૂલોના ગુચ્છ મોકલી એનું, સ્ટીફનનું મન પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે. આ અંધારિયા જીવનની ઘટમાળમાં ક્યાંય દુ:ખની, અરેરાટીની, આહ-ઓરેની સીત્કારી નથી. રોજ નવીન ઉપમાઓ, એ જ સૂરજનાં અવનવાં દર્શનોનાં, ઘરના બાગમાંની ફૂલક્યારીઓનાં દિલચસ્પ વર્ણનો, અને એમાં કેવળ એક જ આશાનો લહેકો...'જરૂર તું સાજો થઈ ફરી પાછો હૅમ્પસ્ટેડ આવશે; આવશે જ. ભગવાન એટલું તો કરશે જ. ફરી વાર આપણે હાથમાં હાથ પકડી, એકબીજાની હૂંફમાં આપણી પડોશની 'હીથ'માં ફરીશું, વાતો કરીશું. ઈશ્વર આપણા ઉપર દયા બતાવશે જ.'

'ડેથ ઑવ એ મૅન' કરીને એક જર્મન પુસ્તક છે. અંગ્રેજીમાં એનો અનુવાદ થયો છે. એમાં દાક્તરે દર્દીની વહુને કહ્યું કે 'તમારા વરને કૅન્સર છે, અને હવે, ઑપરેશન કે નહિ ઑપરેશન, પણ બચે એમ નથી. તમે આ વાત તમારા પતિને કહેશો નહિ.' વહુએ કહ્યું અમારા બે વચ્ચે કશો જ ભેદ નથી, કશું ખાનગી નથી. આ ક્ષણે જ હું એને આ વાત કરીશ. અને દાક્તરની ખફગી વહોરીને પણ એણે પોતાના વરને એ વાત કરી! તરત વરવહુએ સમગ્ર જીવન ઉપર દૃષ્ટિપાત કરી લીધો, સંતાનોનું શ્રેય વિચારી લીધું, જીવવાના દિવસોનો તાગ કાઢી લીધો, ને હસતે મોંએ પોતાનું બાકી રહેલું જીવન કેમ ગુજારવું એનો રોજિંદો વ્યવહારુ નકશો દોરી કાઢ્યો, અને એમ જીવવું શરૂ કર્યું. તેમાં છેલ્લી સભાનાવસ્થા સુધી પુરુષે પોતાની યાતનાઓની કથની આલેખી છે. એમાં એક વાક્ય છે: 'હે ઈશ્વર! જો મને તારી સમ્મુખ ઊભા રહેવાની એક પળ પણ મળે, તો હું તને કહું કે કૅન્સરનું દુ:ખ એ કેવું છે!'

આ પુસ્તકનો ઘાટ જુદો છે. રોજબરોજની નોંધપોથી નહિ પણ અન્યોન્યને—મોટે ભાગે પ્રિયતમા વહુએ-વરને લખેલા પત્રો. એમાં વરને હિમ્મત આપવા ઉપરાંત વરના હૃદયમાં ઉભરાતી ભાવનાને શબ્દસ્વરૂપ આપવાની ક્રિયા. જાન્યુઆરી વીત્યો. ફેબ્રુઆરી પણ ઠંડીમાં પસાર થઈ ગયો. પુસ્તકના આખરના ભાગમાં આવી પહોંચ્યો:

'વહાલા સ્ટીફન! આજે તો હવે તારો શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યો છે. શરીર શાંત છે. મોં ઉપર સ્વસ્થ શાંતિ સવાર થઈને બેઠી છે. હું ઊભી હતી, અને સવારનું છાપું વેચવાવાળી છોકરીનો પગરવ સાંભળ્યો. મેં એની પાસેથી છાપાં લીધાં, પણ એ જાય નહિ. મારે બહારની દુનિયાની કશી વાત જાણવી નથી. આજે કયો દિવસ, કઈ તારીખ એનું પણ વિસ્મરણ થાય તો સારું. મને એ લોકોએ હવે ઘેર જવાની સૂચના આપી. હું તારા હોઠને હોઠ અડાડતી ત્યારે દર (અનુ. પૃ. ૭૯)

મચકોડ

'ડૉક્ટર આવતાં પહેલાં' આપવાની પ્રાથમિક સારવાર [૧૭

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી


અતિશય ખેંચાવાથી, પડવાથી કે અસાધારણ રીતે મરડાવાથી સાંધાની આસપાસનાં સંધિબંધનો (લિગામેન્ટ્સ) મચકોડાય છે. આમાં કેટલીક વાર સંધિબંધનો તૂટ્યા વગર ખેંચાય છે. કદીક સ્નાયુબંધનો (ટેન્ડન્સ) અને સ્નાયુઓ પણ ઈજા પામે છે.

હાથ કે પગના સાંધાઓમાં મચકોડ લાગે છે. ઘૂંટીના સાંધામાં તે વધારે લાગે છે. તેના પછી ઘૂંટણ કાંડું અને આંગળીઓનો ક્રમ છે. સંધિબંધનો ખેંચાય તો તરત જ લોહીસ્રાવ થાય છે, અને તેનાથી એ ભાગ સૂજી જાય છે તથા ત્યાં વેદના થાય છે. અહીં સ્રવીને જામેલું લોહી ધીમેધીમે શોષાય છે. આ જામેલા લોહીના દબાણથી સાંધો હલાવતાં પીડા વધે છે, સાંધાનો ભાગ બહેરો બને છે. જો આ સ્થિતિ એક દિવસ કરતાં વધારે સમય ચાલુ રહે તો તે સાંધાની નજીકના જ્ઞાનતંતુઓને ઈજા થયાની નિશાની છે. વખત વીતતાં આ જગ્યાની ચામડી કાળી પડી જાય છે. સાધારણ મચકોડમાં જલદી આરામ થાય છે, પણ સંધિબંધનોને ઈજા થઈ હોય તો વખત લાગે છે.


મચકોડની પ્રાથમિક સારવારમાં ઈજા પામેલા અંગને હાલવા ચાલવા ન દેવું અને બને તો ઊંચું અને સ્થિર રાખવું. સાંધા ઉપર પાટો બાંધવો, આ જેમ બને તેમ જલદી થાય તો લોહીસ્રાવ બંધ થવાથી વેદના તથા સોજો પણ અટકે છે અને જલદી આરામ થાય છે. પાટો બાંધ્યા પછી તેના ઉપર ઠંડું પાણી રેડી એને ભીંજવવો. પણ જો પાટો બાંધવો ન ફાવે કે ન આવડે તો મરડાએલા સાંધા ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકવાં કે બરફ ઘસવો. રોગી પાટાથી બેચેની અનુભવે તો પાટો ઢીલો કરી ફરી બાંધવો. રસ્તામાંથી રોગીને ઘેર કે દવાખાને ખસેડવો. પણ આ સમયે ઈજાવાળા ભાગનું હલનચલન ન થાય કે તેના ઉપર શરીરનું વજન ન આવે તે ખાસ જાળવવું.

ઇજા પછી તરત જ તે મચકોડ છે કે અસ્થિભંગ તે કહી શકાય છે. પીડા હાડકા કે સાંધા ઉપર છે તે જોવું. જો બાજુમાં આવેલા હાડકા ઉપર દુખે તો હાડકું ભાંગ્યું છે એમ સમજવું. જો હાડકાની નીચે પોલા ભાગમાં દુખતું હોય તો તે મચકોડના કારણે જાણવું. મચકોડમાં ઈજાવાળી બાજુએથી સામેની દિશામાં અંગ વાળતાં વેદના થાય છે. ઈજાવાળી દિશામાં પગ કે હાથ વાળતાં દુખે તે હાડકું ભાંગ્યાની નિશાની છે.

મચકોડવાળો ભાગ દાક્તરને બતાવવો જોઇએ* કારણ કે મચકોડ સાથે હાડકાંને પણ ઈજા પહોંચે છે. પોંચાના સાંધામાં આ ખસૂસ ધ્યાન રાખવું, કારણ કે ત્યાં અંગૂઠાવાળી બાજુએ પોંચાના છેડામાં આવેલું સ્કેફોઈડ નામનું હાડકું મોટે ભાગે ભાંગે છે.



મચકોડાએલા કે ભાંગેલા હાથને આમ પાટામાં રાખવો



કોણી અને આંગળીનાં ખસી ગએલાં હાડકાં

* કસાએલા હાડવૈદો પણ આવા કિસ્સામાં સારું કામ આપે છે. (તંત્રી)

સામાન્યતઃ ઘૂંટી-સાંધામાં મચકોડ વધારે લાગે છે. એમાં પગના હાડકા–ટિબિયાના છેડાની અણી પણ ભાંગે છે. વધારે સોજાને લીધે અસ્થિભંગની નિશાનીઓ દેખાતી નથી. મચકોડ કે અસ્થિભંગ વચ્ચે સંદેહ હોય તો ઈજાને અસ્થિભંગ તરીકે લેખી પ્રાથમિકસારવાર ઉપાડવી.

આ વખતે રોગીનો જોડો કાઢવો નહિ ઘરમાં ઈજા થઈ હોય તો પગને ઓશિકા ઉપર ગોઠવવો. ઈજાવાળા પગ ઉપર ઠંડા પાણીનાં પોતાં મૂકવાં કે બરફ ઘસવો. ઈજાના ચોવીસ કલાક વીત્યા બાદ કે સોજો ઓછો થવા માંડે ત્યારે પણ ગરમ પાણીનો શેક કરવાથી પેશીઓને આરામ પામવામાં સહાય થાય છે. જો આવડે તો હળવું માલિશ કરવું.

મચકોડ (સ્પ્રેઈન) કંઈ ગંભીર સ્થિતિ નથી, પણ મચકોડ જેવી લાગતી સ્થિતિ નાનું અસ્થિભંગ (ફ્રેક્ચર) પણ હોઈ શકે છે. ઘૂંટી મરડાતી વખતે સંધિબંધન ચીરાવાને બદલે પગના હાડકાની છેડાની અણી પણ ખેંચાઈને તૂટે છે. ઘૂંટીના મચકોડની વધારે પડતી વેદના એ અસ્થિભંગના કારણે હોઈ શકે છે. પેશીઓનો સોજો આવી ગયા બાદ મચકોડ કે અસ્થિભંગની સ્થિતિ એક્સ-રે વિના ચોક્કસ થઈ શકતી નથી.

માંસપેશીનો તનાવ

મચકોડના જેવી જ તનાવ (સ્ટ્રેઈન)ની સ્થિતિ છે. આમાં માંસપેશીઓને ઈજા થાય છે. ઓચિંતી અને અયોગ્ય રીતે ખેંચાતાં શરીરના કોઈ પણ ભાગમાં તનાવની સ્થિતિ આવી પડે છે. આ વખતે મંદ વેદના થાય છે પણ અમુક માંસપેશીના હલનચલન વખતે તીવ્ર વેદના થાય છે. છતાં ત્યાં સોજો કે રંગવિકૃતિ જવલ્લે જ હોય છે.

તનાવ પામેલી માંસપેશીને આરામમાં રાખવી એનું હલનચલન થવા ન દેવું. દુખતા ભાગ ઉપર ગરમ પાણી ભરેલી રબરની થેલી મૂકવી.

ઓચિંતાં ને અણધાર્યા હલનચલનથી, વધુકું વજન ઊંચકવા કે ખસેડવા વાંકા વળવાથી એકાએક કમરનો દુખાવો ઊપડે છે. કરોડના મણકા વચ્ચેની તકતી ખસવા(સ્લીપ્ડ ડિસ્ક)થી કમરનો આ દુખાવો થાય છે; પણ તે સાથે વખતે એક કે બંને (અનુસંધાન પૃષ્ઠ ૭૦)

રાગ યમન

સાધુરામ ન્યામતરાય યોધ

> **રાગ યમન**
>
> सबही तीवर सुर जहाँ वादि गन्धार सुहाय ।
> अरु सम्वादि निखाद तें ईमन राग कहाय ॥
>
> (ચંદ્રિકાસાર)
>
> કલ્યાણ થાટમાંથી આવેલો રાગ 'યમન' સંપૂર્ણ હોઈ એમાં તીવ્ર મધ્યમ લેવામાં આવે છે. ક્યારેક એમાં શુદ્ધ મધ્યમનો પ્રયોગ ઉમેરીને ગાયકો યમનને 'યમન-કલ્યાણ' નામે પણ ઓળખાવે છે. સરળ હોવાને કારણે આરંભમાં આ રાગ શીખવો સહેલો પડે છે.
>
> ગ, રે, નિ, રે સા, ગ, રેગ, પમંગ, રે, પ, રે સા
> આ સ્વરો લેવાતાં જ યમન સ્પષ્ટ થઈ જાય છે.
>
> રાગની જાતિ: સંપૂર્ણ
>
> ગાવાનો સમય: રાત્રિનો પ્રથમ પ્રહર
>
> આરોહ-અવરોહ
>
> સા રે ગ, મં પ, ધ, નિ સાં
> સાં નિ ધ, પ, મં ગ, રે સા
>
> પકડ
>
> નિ રે ગ રે, સા, પ મં ગ, રે, સા
>
> યમન પર આધારિત પ્રચલિત ફિલ્મી ગીતો
>
> 'ચંદન કા બદન, ચંચલ ચિતવન'
> ('સરસ્વતીચંદ્ર'માં લતા મંગેશકર અને મુકેશ)
> 'જિંદગી ભર નહિ ભુલેગી યહ બરસાત કી રાત'
> ('બરસાત કી રાત'માં લતા મંગેશકર અને મહમદ રફી)
> 'મન રે તું કાહે ન ધીર ધરે'
> ('ચિત્રલેખા'માં મહમદ રફી)

મું બાઇ રેડિયો પરથી ઉસ્તાદ વિલાયતહુસેનખાંને યમન ગાતા સાંભળેલા: 'મેરે આયાસો આયા, આનંદ મંગલ ગાયા બધાયા.' રૂપક તાલમાં વિલમ્બિત લયની આ ચીજ પછી એમણે દ્રુત લયમાં તિન તાલમાં 'મુકુટ પર વારિ જાઉં નાગર નંદ.' ગાયું. આશરે પાંત્રીસેક વર્ષ પહેલાંનો ઉસ્તાદ વિલાયતહુસેનખાંનો એ કંઠ-સ્વર તો જેણે સાંભળ્યો હોય તે જ એનો રસ જાણે. પોતાના લાક્ષણિક સ્પષ્ટ મધુર અવાજે 'આ'કારમાં સ્વરદેવતાને શોભે એવો જ ષડ્જ લગાવી, એકાદ મિનિટમાં જ મીંડમાં નિષાદ લઈ, 'નિરેસા'ની તાન દ્વારા ષડ્જ પર મુકામ કરવાની એમની ખૂબી તો એમને સાંભળવાથી જ સમજાય. જોકે તેઓ તો ઉસ્તાદ ગાયક હતા, પણ યમન રાગ લગભગ બધા જ ગાયકો સારી રીતે ગાઈ શકે છે. સંગીતના વિદ્યાર્થીઓ પણ આરંભમાં આ રાગ શીખે છે.

પણ 'યમન' વિષે આગળ વધતાં પહેલાં થોડી પૂર્વપીઠિકા સમજી લઇએ. 'પરજ' રાગ વિષેના ગયા લેખમાં આપણે જોયું કે ઉત્તર ભારતીય સંગીત પદ્ધતિના રાગોમાં એ રાગ પૂર્વ પ્રાતર્ગેય છે. પ્રાતઃકાલીન રાગોમાં ચમકતો શુદ્ધ મધ્યમ એમાં ઝાંખોઝાંખો દેખાય છે; જેમ કે 'પ, ધ પ, મં ધ પ, પ, ગ મ ગ' આ તાન 'પરજ'ની લાક્ષણિક તાન છે. પરજમાં મહત્ત્વનો સ્વર તો 'તીવ્ર મધ્યમ' છે. એમાં એ જે રીતે લેવાય છે તે 'પરજ'નું રાત્રિગેયત્વ સૂચવવા સાથે બીજી એક વાત એ પણ પ્રત્યક્ષ કરે છે કે હવે પછીના સમયના રાગમાં 'તીવ્ર મધ્યમ' દેખાશે નહિ, કારણ પ્રભાત થવા આવ્યું છે. પરજમાં 'ગમગ' રૂપમાં દેખાતો શુદ્ધ મધ્યમ હવે પછીના ભૈરવાદિ રાગોમાં જોરદાર રૂપમાં દેખાશે.

ભારતીય સંગીતમાં કેટલાક 'પરમેલપ્રવેશક' રાગો છે. 'પરજ'ની જેમ 'કાલિંગડા' પણ આ જ સમયનો રાગ છે. તેમાં ભૈરવાંગ વિશેષ છે, છતાં 'પધપ ગમગ' એ તાન 'પરજ' પેઠે જ 'શુદ્ધ મધ્યમ' ચમકાવી તેનું હવે પછીના રાગોમાં પ્રગટ થનાર બહુલત્વ સૂચવે છે. આ કરતાં પણ મહત્ત્વનો અને સાચા અર્થમાં 'પરમેલપ્રવેશક' ગણાતો રાગ 'લલિત' છે. એ મળસ્કું થતાં પૂર્વે જ ગવાય છે. મનોહર અને હૃદયંગમ લાગે એવા સ્વરૂપમાં પ્રાતઃકાલીન 'શુદ્ધ મધ્યમ' એમાં ઝળકે છે. સાથેસાથે બેઉ મધ્યમ એક પછી એક લેવાનો કોઈ રાગમાં ન થતો નવીનતમ પ્રયોગ કરી ગાયક 'તીવ્ર મધ્યમ'ની વિદાય સૂચવે છે. હવે 'ભૈરવ', 'રામકલી', 'બિલાસ' તેમજ 'બિલાવલ' વગેરે રાગોમાં પણ 'શુદ્ધ મધ્યમ'ની પ્રતિભા જ પ્રગટ થશે. 'લલિત'નું આ 'ધ મ મ ગ' સ્વરાંગ એટલું વિલક્ષણ ને વૈચિત્ર્યપૂર્ણ છે કે 'વસંત', 'લલિતા ગૌરી', 'હેમંત' જેવા રાગોમાં એ દાખલ કરી ગાયકો નવા રાગો ઉપજાવી તેમને નજીકના અન્ય રાગોથી અલગ કરી બતાવે છે.

'યમન' માટે આટલો પ્રસ્તાવ એટલા સારુ જરૂરી છે કે એ રાગમાં 'ગમગ'ની તાનને સમય અર્થે કે નૂતન રાગ ઉત્પન્ન કરવા માટે ગાયકો વાપરે છે તેવું નથી, પરંતુ તેના પ્રયોગવાળા રાગને ગાયકો 'યમન કલ્યાણ' કહી ઓળખાવે છે, 'યમન'માં તે અંગ લેતા નથી. બાકી 'યમન'માં 'તીવ્ર મધ્યમ' મુખ્ય સ્વર રૂપે જ લેવામાં આવે છે.

'યમન'ને 'યમન કલ્યાણ' કે 'કલ્યાણ' પણ કહેવામાં આવે છે. પ્રાચીન ગ્રંથોમાં 'યમુના કલ્યાણ' નામ છે. તેમાંથી આ રાગ ઉત્પન્ન થયો છે તેવી માન્યતા હિંદુ પંડિતો ધરાવે છે. જ્યારે મુસલમાન ગાયકો એમ માને છે કે અમીર ખુશરૂએ કલ્યાણ રાગમાં ફેરફાર કરી, 'યમન' કે 'ઈમન' નામે ઈરાની થાટ પદ્ધતિનો આ રાગ પ્રચલિત કર્યો. રાગગાયન પદ્ધતિ માટે પ્રચલિત ગ્રંથો આપણા કામમાં આવે તેમ નથી. આચાર્ય બૃહસ્પતિની પ્રતિપાદન કરેલી ભરતમત પ્રમાણેની જાતિગાન પદ્ધતિ જ્યાં સુધી સારી રીતે પ્રચારમાં ન આવે તથા રત્નાકરના ગ્રામરાગ જ્યાં સુધી ગ્રંથોક્ત રીતે ન સાંભળીએ ત્યાં સુધી તો હાલ જે 'યમન' ગવાય છે તે રીતે જ આપણે તેનું વર્ણન કરીશું.

'યમન' રાગ એક સંપૂર્ણ રાગ છે. અને રાગવાચક સ્વર તરીકે તેમાં 'તીવ્ર મધ્યમ'નું મહત્ત્વનું સ્થાન છે. અગાઉ લખ્યું છે તે પ્રમાણે તેમાં 'શુદ્ધ મધ્યમ'નો પ્રયોગ જ્યારે જ્યારે કરવામાં આવે છે ત્યારે આરોહ કે અવરોહમાં તે નિયમિત રૂપમાં લેવાતો નથી. જેમ કે 'ગ મ પ' અથવા તો 'પ મ ગ' તાન યમનમાં લેવાતી નથી. ગાયકો શુદ્ધ મધ્યમનો એક જ પ્રયોગ ફક્ત અવરોહની તાનમાં કરે છે. તે સમયે તેઓ 'નિ ધ પ મં ગ મ ગ' એ સ્વરાવલિમાં જ 'ગ મ ગ' દ્વારા આરોહમાં ગાંધાર સાથે શુદ્ધ મધ્યમ લે છે. આ તો કેવળ મધ્યમનો એક વિશિષ્ટ પ્રયોગ છે અને તેને રાગના અંગ, સમય કે બીજા કોઈ ખાસ નિયમ જોડે લેવાદેવા નથી. ગાયકોએ એ પ્રયોગને રંજકત્વ ઉપજાવતો માની આ પ્રથા સ્વીકારી હશે એમ લાગે છે.

'યમન' સાંજે દીવાબત્તી વેળાએ એટલે કે સાંજના છ થી રાત્રિના નવ સુધીના પ્રથમ પ્રહરમાં ગવાતો રાગ છે. તેની પૂર્વેના 'મુલતાની'

જેવા રાગમાં, 'તીવ્ર મધ્યમે' દેખા દીધી છે તેમજ 'પૂર્વી' 'પૂરિયાધનાશ્રી' 'શ્રી' તથા 'ગૌરી' જેવા સાયંકાલીન સંધિપ્રકાશ રાગોમાં 'તીવ્ર મધ્યમ' રોમાંચકારી અદાથી ચમકી ચૂક્યો છે. હવે 'યમન' તીવ્ર મધ્યમને એક મહત્ત્વના સ્વર તરીકે સમાવી ધીરેથી પોતાનું આસન જમાવે છે. અહીં આમાં હવે ઋષભ અને ધૈવત બંને શુદ્ધ બની જાય છે. યમનનો આરોહ તથા અવરોહ સંપૂર્ણ છે:

સા રે ગ મ પ ધ નિ સાં

સાં નિ ધ પ મં ગ રે સા

એ સ્વરો ફક્ત એક જ વખત સાવકાશ ગાતાં પણ 'યમન' પ્રગટ થાય છે. તેના સ્વરો ગાયનની દૃષ્ટિએ એટલા અનુકૂળ અને સરળ છે કે તમામ પ્રકારના ગીતોમાં એ રાગની સ્વરરચનાનો પ્રયોગ થાય છે. કથાકાર માણભટ્ટો પણ ઘણા કથાપ્રસંગો યમન કલ્યાણમાં એવી તો ચમત્કારિક ઢબે ગાઈ સંભળાવતા કે એ રાગ ફરી સાંભળવાની આશાએ શ્રોતાઓ રોજ કથા સાંભળવા આવતા. 'યમન'ની લોકપ્રિયતા કદી ઓછી થઈ નથી. ઉચ્ચ સંગીત સમજતો કે ન સમજતો શ્રોતા પણ 'યમન'ની મધુર સ્વરે ગવાએલી ગીતરચનાઓથી મુગ્ધ થઈ જાય છે.

'પ્રથમ ગુરુકે ચરન વંદો, વ્યાસ જ્ઞાન પ્રકાશકમ્

આદિ વિષ્ણુ યુગાદિ બ્રહ્મા, દેવ તે શિવશંકરમ્'

સ્વ. પંડિત નાથુલાલને કંઠે 'યમન'માં ગવાએલું આ ભાવવાહી પરમ મધુર ભજન નાનપણમાં સાંભળ્યું હતું. (એચ. એમ. વી. રેકૉર્ડ નં. પી. ૬૩૫૭.)

એ ભજન એવું તો ભાવવાહી છે કે હજી યે મને તે 'યમન'ના ખયાલ ગાયન જેટલું જ એ મધુર લાગે છે.

યમન રાગનો વાદી સ્વર 'ગાંધાર' તેમજ સંવાદી સ્વર 'નિષાદ' છે. ગાયક 'નિરેગ, રેગરે, નિરેસા' એ સ્વરો લે કે તરત આપણને 'યમન'નો ભાસ થાય છે.

'યમન'ને આશ્રય રાગ પણ માનવામાં આવે છે. રાગનો સ્વરસમુદાય આરોહ કે અવરોહમાં ઇચ્છાનુસાર ગાવા છતાં તેમાં કોઈ નિયમભંગ થતો ન લાગે, તથા રાગ કાયમ રહે તેને આશ્રય રાગ કહે છે, યમનના સ્વરો એટલા સરળ છે કે તેમને આરોહાવરોહમાં ગમે તેમ ઉલટાવી પલટાવીને ગાશો તો પણ રાગહાનિ થશે નહિ. તદુપરાંત યમનમાંથી ઉત્પન્ન થએલા 'ભુપાલી' 'શુદ્ધ કલ્યાણ' 'હમીર' વગેરે રાગોમાં તે તે રાગનિયમન સાચવી શકો તો તરત જ તેમાં યમનની છાયા પ્રગટ થશે. આથી જ યમન જનક કે આશ્રય રાગ ગણાય છે. આ રીતે દસ થાટના દસ આશ્રય રાગ માનવાની પ્રથા પ્રચારમાં છે.

'યમન' ગાયકો આલાપયોગ્ય (આલાપી) ગણે છે. આલાપ વિષે લાંબી ચર્ચાની જરૂર નથી. ગીતના શબ્દોની સહાય વિના જ 'આ'-કારમાં સ્વરોની સહાયથી રાગરૂપ ખડું કરવું તેને રાગાલાપ કહે છે. આલાપમાં તાલની આવશ્યકતા નથી. જ્યારે ધ્રુપદ, ખયાલ, ઠુમરી, ટપ્પા કે ગઝલ ગાવા માટે તે તે ગાનપદ્ધતિને અનુરૂપ તાલની આવશ્યકતા છે. તે સિવાય તે ગવાય નહિ. આલાપ કરતી વખતે ગાયકો 'તોમ, તનનન, તનનતન રે' જેવા ઉચ્ચારો કરે છે. આ શબ્દો 'ૐ અનંત હરિ નારાયણ' શબ્દોનું અપભ્રંશ થએલું રૂપ છે તેમ મનાય છે. ધ્રુપદ ગાન ઈશ્વરસ્તુતિ અર્થે ખૂબ ગવાતું તેથી આવા શબ્દોથી શરૂઆતમાં પરમેશ્વરનું આવાહન થતું હોય એ સ્વાભાવિક છે. પરંતુ આ માન્યતાને કોઈ શાસ્ત્રીય આધાર પ્રાપ્ત નથી.

'યમન', 'ભૈરવ', 'કેદાર,' 'દરબારી' વગેરે રાગો આલાપી રાગો કહેવાય છે. જ્યારે 'ખમાજ', 'દેશ', 'પિલુ' કે તેવા બીજા ક્ષુદ્ર ગીતાઉ રાગોમાં આલાપ થતા નથી. આનો કોઈ સાર્વત્રિક નિયમ નથી. છતાં અમુકઅમુક સરળ જનપ્રિય રાગો સિવાય બધા જ રાગોમાં આલાપ કરવા એ સુસંગત પણ દેખાતું નથી.

ટૂંકમાં 'યમન' પં ભાતખંડેજીના મત પ્રમાણે કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થએલો સંપૂર્ણ રાગ છે. તેનો આરોહ-અવરોહ તદ્દન સરળ છે ને તેના સ્વરોનો સમુદાય ઇચ્છાનુસાર હોવા છતાં તેમાં વિસંગતતા લાગતી નથી. 'યમન'માં 'ગાંધાર' સ્વર યથેચ્છ રૂપમાં અને તેના પછી 'નિષાદ' સ્વરનું બહુલત્વ જણાશે. આમ, 'યમન'માં વાદી સ્વર 'ગાંધાર' હોવાથી તેને પૂર્વાગમાદિ રાગ પણ કહે છે. 'યમન'માં 'ગમગ' એવી સ્વરસંગતિ લઇને ગાયકો તેને 'યમન કલ્યાણ'નું નામ આપે છે, પરંતુ આ એક વિશિષ્ટ રંજક પ્રયોગ માત્ર છે. તે સિવાય બીજી રીતે 'શુદ્ધ મધ્યમ'નો પ્રયોગ 'યમન'માં કરવામાં આવતો નથી.

'યમન' સાંજના સંધિપ્રકાશ રાગો ગવાયા બાદ રાત્રિના પ્રથમ પ્રહરમાં ગવાય છે અને તે એક આલાપી રાગ હોઈ બધા જ ગાયકોને આવડે છે. યમન કલ્યાણની તો અનેક ચીજો પ્રસિદ્ધ છે અને એની ઘણી રેકૉર્ડ મળે છે. ફિલ્મી સંગીતમાં પણ આ રાગમાં સંખ્યાબંધ ગીતો રચાયાં છે, તેમાંથી છેલ્લે છેલ્લે સાથેના ચોકઠામાં દર્શાવેલાં ત્રણ સારી પેઠે જાણીતાં થએલાં છે. આ ઉપરાંત, 'આયેગા આનેવાલા આયેગા' (ફિલ્મ: મહલ); 'જિયા લે ગયો જી મોરા સાંવરિયા' (અનપઢ); 'જીઓ તો ઐસે જીઓ સબ તુમ્હારા હય' (બહુબેટી); 'યે આંસુ મેરે દિલકી ઝુબાન હય' (હમરાહી); 'આપ જબસે કરીબ આયે' (નૂરજહાન), અને 'સતી સાવિત્રી'નાં 'જિવન ડોર તુમ્હી સંગ બાંધી' તથા 'તુમ ગગન કે ચંદ્રમા હો, મૈં ધરા કી ધૂલ હું' વગેરે ગીતો આ રાગ પર જ આધારિત હોઈ એનો અચ્છો ખયાલ આપી રહે છે.

'યમન'ની બે જાણીતી ચીજો નીચે આપી છે:

ત્રિતાલ-વિલંબિત

હારવા મોરા દેહો મંગાઈ,
નાતર મૈં ગારી દુંગી ના બોલુંગી, તુમસોં બલમા

અન્તરા

જબ તુમ દેહોં મોતિયન હારવા
તબ લાગોગી તુમ્હરે ગરવા

મધ્યલય-ત્રિતાલ

લંગર જિન કરોં ન છૂઓ મોરી
ગગરિયાં ભારી અબ દેહું ગારી હોં બ્રિજનારી
નિરખ નિરખ સબ હસ હસ દે મોહે તારી

અંતરા

તુમ તો મહા ધીટ પિ અત તન લાગો હિ આવત
અત બારબાર મંય સબ હેરાન
ઘેરત લાજન મરિ જાત હોં બ્રિજનારી
(ડી. વી. પલુસ્કર–'કૉલંબિયા' રેકૉર્ડ)

(ચાલુ)

મચકોડ (અનુસંધાન પૃષ્ઠ ૬૯થી) પગમાં પણ વેદના થાય છે.

આવે વખતે રોગીને પોચી નહિ પણ કઠણ સપાટીવાળી પથારીમાં સુવાડવો. થાપા અને ઘૂંટી ઊંચાં રાખવાથી રોગીને રાહત અનુભવાય છે. વેદનાવાળી જગ્યા ઉપર ઇલેક્ટ્રિક હીટિંગ-પૅડ કે ગરમ પાણી ભરેલી રબરની થેલી રાખવી. આ કિસ્સામાં દાક્તરની સલાહ લેવી જ.

પગની પિંડીના ભાગમાં માંસપેશી ચીરાઈ ગએલી લાગે તો ગરમ પાણીના બદલે ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. આથી લોહીસ્રાવ ઓછો થવાથી સોજો અને વેદના મટશે.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે

૧૭ • પારી(સ)થી વિદાય અને સ્વિટ્ઝર્લૅન્ડનું દર્શન

જમીને બહાર આવ્યાં ત્યાં ત્રણેક વાગવા આવ્યા હતા. લાઉંજમાં એક વૃદ્ધ નારી બેઠાં હતાં. તેમને બતાવી પોર્ટરે કહ્યું: 'તમને મળવા આવ્યાં છે, મિ. બ્રોકર.' તરત જ મેં ઘડિયાળમાં જોયું. ત્રણમાં દસ હતી. નિરાંત થઈ. મોડા પડવાનો અવિવેક મારાથી ન-હોતો થઈ ગયો. તરત જ એમની પાસે ગયો: 'માદામ દ બેર?'

તે ઊભાં થઈ ગયાં: 'મોં. બ્રોકર?'

'હા, જી; આવી ગયાં?' કહી તેમની જોડે હાથ મિલાવ્યા. મિશેલ સૅમ્પલની ને તેમની પરસ્પર ઓળખાણ કરાવી: 'આ માદામ દ બેર છે. એમના પતિ મોં. દ બેર અહીંની પી.ઈ.એન.ના સેક્રેટરી છે.'

'આનંદ થયો માદામ.' મિશેલે કહ્યું: 'પણ હવે હું દોડું. હું આજે જ અમેરિકા જાઉં છું.' બે પળ 'આવજો, આવજો' થઈ રહ્યું, ને બે કલાકની મુલાકાતમાં પણ વર્ષો સુધી ચાલે એવી છાપ મારા ચિત્ત ઉપર મૂકી જનાર એ નિગ્રો યુવતી અદૃશ્ય થઈ ગઈ.

માદામ મારી જોડે વાતે વળગ્યાં: 'હમણાં રજાઓ છે. કોઈ નથી ગામમાં. મોં. દ બેર પણ બહારગામ છે. માદામ વાડિયાનો તમારે વિષેનો પત્ર મળ્યો હતો. હું જ આવી. મારા પતિ હોત તો એમને આનંદ આવત. હું પણ તમને બધાં લેખક-લેખિકાઓને મળવા લઈ જાત, પણ કમભાગ્યે બધાં જ...'

'મને ખબર છે.' મેં કહ્યું: 'મોં. બોન્નેફુવા મને મળ્યા હતા.'

'ઓહો, ઘણું સરસ! એ તો બહુ જ સારા લેખક છે.'

'અને એવા જ સારા માણસ પણ.' મેં કહ્યું. એમણે સસ્મિત સંમતિ દર્શાવી. પછી કહે: 'ચાલો, ક્યાંક ચા પીએ.'

'હમણાં જ જમ્યો છું. પણ ચાલો જઈએ.'

એક સરસ રેસ્ટોરાંમાં મને લઈ ગયાં. 'હું પણ બહારગામ હતી. કાલે જ આવી. વહેલી આવી હોત તો તમને બધે ફેરવત.' પછી પળ રહીને 'હજી ય ક્યાં ય જવું હોય તો કહો.'

મેં કહ્યું: 'તમને ખાસ અગવડ પડે તેમ ન હોય તો 'યુનેસ્કો' જવું છે. થોડી ખરીદી કરવી છે, ને એ જોવું પણ છે. એ છેટું છે ને આડુંઅવળું પણ છે એટલે તમારા જેવાં સાથે હોય તો...'

'હું સાથે જ છું ને? સાથે રહેવા તો આવી છું. ચાલો જઈએ.'

બહાર નીકળ્યાં. અન્ડર ગ્રાઉન્ડ રેલવેના સ્ટેશન પાસે લઈ ગયાં. મને કહે: 'અહીંની અન્ડર ગ્રાઉન્ડમાં બેઠા છો?' મેં કહ્યું: 'ના જી.'

તો પૂછે: 'લંડનની ટ્યૂબમાં?' 'હા, ઘણી યે વાર.'

'તો તો અહીંની અન્ડર-ગ્રાઉન્ડમાં જ જઈએ. કેટલી ભદ્દી છે એ તો તમને જોવા મળશે!' અને ખરેખર ભદ્દી હતી. લંડન સાથે તો સરખાવી પણ ન શકાય. ને મૉસ્કો સાથે? 'મૉસ્કોનો તો વિચાર પણ ન કરાય.' માદામે કહ્યું: 'દુનિયાની એ ઉત્તમ અન્ડર ગ્રાઉન્ડ રેલવે ગણાય છે.'

'મેં એવું સાંભળ્યું છે.' 'પણ આપણે તો કામથી કામ છે ને!'

થોડી વારમાં ઊતરી ગયાં. ત્યાંથી યુનેસ્કોનું મકાન નજીક હતું. ચાલીને પહોંચી ગયાં. ભવ્ય મકાન. અર્વાચીન સ્થાપત્ય-પદ્ધતિ. નજરને પડતાંવેંત રોકી રાખે. નીચે એક મોટું ચિત્ર હતું—પિકાસોનું. માદામે બતાવ્યું. કહે: 'આ પિકાસો મને ગમતો નથી. 'આ' એટલે આ ચિત્રમાંનો કલાકાર. પિકાસો આખો નહિ.'

ઉપર ગયાં. ભાવનગરીને મળ્યાં. તેણે સૌ પહેલી અમારી ખરીદી પતાવી દીધી. ખરેખર સસ્તું મળતું હતું બધું; ને ભાવનગરી સાથે હતા એટલે વિશેષ સસ્તું પડ્યું હતું, કદાચ. પછી ઝર્યાં કહે: 'ચાલો, તમને આ મકાન બતાવું. એનું સ્થાપત્ય અદ્ભુત છે.'

આખી ઈમારત ફરી વળ્યાં. એનું સ્થાપત્ય ઝર્યાંને ગમતું હતું; માદામ દ બેરને નહિ. બન્નેએ વિનમ્રતાપૂર્વક એકબીજાના અભિપ્રાયો-નો વિરોધ કર્યો. પણ એમાં ક્યાં ય ઉગ્રતા ન આવી. વિનય ને મક્કમ-તાનું એ મિશ્રણ જોવાની મઝા આવતી હતી. પિકાસોના પેલા વિશાળ ચિત્ર પાસે પહોંચ્યાં ત્યારે તો અભિપ્રાયોનો એ સંઘર્ષ પરાકાષ્ઠાએ પહોંચ્યો. ઝર્યાંને એ ખૂબ ગમતું હતું. પણ હસીને એ વિરોધ વિરા-મી દીધો. છૂટાં પડ્યાં ત્યારે એ બન્ને પણ મિત્રો જેવાં બની ગયાં હતાં. બહાર નીકળ્યાં પાછાં જવાને, ત્યાં માદામ દ બેરે કહ્યું: 'તમારા આ મિત્ર સરસ માણસ છે' પછી ધીરેકથી ઉમેર્યું: 'ને સમજદાર પણ.'

'તમારાથી બધી વાતોમાં જુદા પડતા હતા.'

'પણ કલા સમજતા હતા.'

હું રાજીરાજી થઈ ગયો. આપણે ત્યાંના મિત્રો પણ એ રીતે મત-ભેદ સ્વીકારી લેતા હોય તો? કલાની સમજણનો સ્વીકાર કરીને?

પાછા વળતાં બસમાં ગયાં. પારી(સ)નાં જોવાલાયક સ્થળો તરફ એ આંગળી ચીંધતાં જાય અને એમની કાચીપાકી અંગ્રેજીમાં વાત કરતાં જાય. મને એમણે પૂછ્યું: 'શું શું જોયું?' મેં બધું ય કહ્યું. મુલાં રુજ વગેરે નાઈટ ક્લબોની પણ વાત કરી. એટલે એ કહે: 'એટલું તમે ફ્રાંસનાં ઘણાંખરાં માણસોથી વિશેષ જોયું.' 'કેમ?' મેં સાશ્ચર્ય પૂછ્યું.

'એ પરદેશીઓ માટે છે. અહીંના સારા માણસો એ જોતા નથી.'

'ખરેખર?' 'હા, ખરેખર. પૈસા મેળવવાનો એ એક ઉદ્યોગ માત્ર છે. કલા એ જુદી વસ્તુ છે. આ કલા નથી. આ તો સ્ત્રીઓનાં ઉઘાડાં અંગોનું પ્રદર્શન છે. ને અમે ફ્રેન્ચ લોકો તો "કલા"ના શોખીન છીએ.'

હું એમની સામે જોઈ રહ્યો. એમણે ચાલુ રાખ્યું: 'તમે ત્યાં ફ્રેન્ચ લોકોને ભાગ્યે જ જોયાં હશે.'

મારી આંખ હજી એ રીતે પરદેશીઓને ઓળખી કાઢવાને ટેવાઈ ગઈ નહોતી. પણ એમની એ વાત મને બહુ જ આશ્વાસક લાગી. અ-મુક સ્થળે એમણે પૂછ્યું: 'સાંજ થવા આવી છે; થોડું ચાલવું છે?'

'તમને તકલીફ નહિ પડે?' 'મને ગમશે.'

બસમાંથી ઊતરી ગયાં. સંધ્યાકાળની પ્રસન્ન છાયામાં ચાલવાનો આનંદ આવતો હતો. તુઇલેયના બગીચા સુધી આવ્યાં ત્યાં મેં પૂછ્યું: 'આ તુઈલેય ગાર્ડન્સ, નહિ?' 'એ જ.'

'તો અહીં થોડું બેસીએ. પછી તમે જાઓ. અહીંથી રસ્તો જાણું છું.'

બેઠાં. પીચ ખાધાં. વાતો કરી. એ લેખક નહોતાં, પણ સાહિત્ય અને કલાઓ વિષે કેટલું બધું જાણતાં હતાં!

છેવટે એ સંધ્યાકાળની સુવાસમાં પોતાના હેતાળ વ્યક્તિત્વની સુવાસ મૂકીને એ ચાલ્યાં ગયાં ત્યારે સાચા 'પારી(સ)'ને જોવાનો સંતોષ મારા હૃદયના ખૂણેખૂણામાં વ્યાપી ગયો. ધન્યતાના ભાવ સહિત પારી(સ)ના મારા જ રહેવાસની એ છેલ્લી સંધ્યા માણતો, એ પૂરેપૂરી રાત્રિમાં પલટાઈ ગઈ ત્યાં સુધી હું ત્યાં જ બેસી રહ્યો.

ઘેર ગયો. પથારીમાં પડ્યો, પણ મોડે સુધી ઊંઘ ન આવી. આ

મોહક નગરી કેટલું કેટલું પોતામાં ભરીને બેઠી છે! આંખ મીંચાય કે એક પછી એક દશ્યો એની આગળથી પસાર થવા માંડે, ને આંખ ઊઘડી જાય. ફરી મીંચાય; ફરી એનું એ જ. જાણે જાગૃત અને અજાગૃત બન્ને આ નગરને બને તેટલું પોતાનું કરી લેવા ન મથી રહ્યાં હોય?

સવારના પહોરમાં પૂરેપૂરો જાગૃત બની ગયો ત્યારે એ મથામણ શમી ગઈ લાગી. છૂટકો યે નહોતો. નવ વાગ્યે વિમાન ઊપડતું હતું—સ્વિટ્ઝર્લૅન્ડ જવા. એ રમણીય દેશની દસ દિવસની મુસાફરી ગોઠવી હતી. ગોઠવણીની વિગતો વિષે અજાણ હતો, પણ નિશ્ચિત હતો. વિલેપાર્લેવાળા મારા યુવાન મિત્ર ભાઈ દેવુ પારેખ જીનીવામાં હતા. મારા એ આખા પ્રવાસની યોજના એમણે માથે લઈ લીધી હતી. એમના અનુભવી હાથમાં એ બધું સોંપ્યું હતું, પછી મારે ચિંતા શાની કરવાની હોય? મારે તો એ... ને નિરાંતે બેઠા બેઠા પારી(સ)થી જીનીવા જતા વિમાનમાંથી ત્યાંની આહ્લાદક સૃષ્ટિનું સૌન્દર્ય માણવાનું હોય.

એ માણ્યું. આકાશ પણ જાણે એ સૌન્દર્યપ્રદેશ નજદીક આવતો ગયો તેમ પોતાનો રંગ બદલતું જતું હોય તેમ લાગ્યું. વાહ! અદ્ભુત! એવું કૈં મોંમાંથી નીકળી પડે એટલામાં તો જીનીવા આવી પણ ગયું.

લંડન-પારી(સ)ની સરખામણીમાં રમકડા જેવા લાગતા એના વિમાનઘરનાં દર્શન કરતાં પહેલી છાપ એની અસાધારણ ચોખ્ખાઈની પડી. હવે તો આટલો વખત યુરોપમાં ફર્યો હતો એટલે એ પ્રદેશોમાંની ચોખ્ખાઇનો ખયાલ આવ્યો જ હતો; પણ આ તો એ ચોખ્ખાઈમાં યે પોતાની ચોખ્ખાઈની વિશેષ ભાત પાડે એવું હતું. પણ એને પોતામાં ભરી લેતી મારી નજર જરા વ્યાકુળ પણ હતી. અહીં પણ મારા સામાનની સ્થિતિ પારી(સ)માં થઈ હતી એવી જ થાય તો?

એટલે તો કસ્ટમમાંથી બહાર નીકળીને શહેરના ટર્મિનલ પર લઈ જતા કોચમાં બેસવા ગયો ત્યારે અંદર ન બેઠો; સામાન ભરાતો હતો ત્યાં જ ઊભો રહ્યો. ત્યાંની વ્યવસ્થા કરતા અમલદારે મને અંદર બેસી જવા સૂચવ્યું. જરા એ બાજુ ગયો, પણ પાછો આવીને ત્યાંનો ત્યાં જ ઊભો રહ્યો. પેલાને રમૂજ થઈ લાગી. પણ એ માત્ર તેની આંખમાં જ દેખાઈ. ફરી તેણે મને બસમાં સ્થાન લેવા વિનતિ કરી. મેં નરમાશથી કહ્યું: 'આ સામાન ભરાઈ જાય એટલે બેસી જાઉં છું.'

સાશ્ચર્ય તેણે પૂછયું: 'કેમ? સામાન તો ભરાશે એની મેળે. તમે તમારે આરામ કરોને.' 'ચેન નહિ પડે.' મેં કહ્યું.

એણે મારી સામે જોયું, એટલે પારી(સ)ના ઍરપોર્ટથી આવતી વખતે મારી એક બૅગ ઍરપોર્ટ પર જ વિસામો ખાવા રહી ગઈ હતી તેની એને વાત કરી. એ હસી પડયો. પછી મારી સામે જોયું. તેની આંખમાં ગૌરવની એક ચમક આવી ગઈ. તેણે ખુમારીથી કહ્યું: 'આ સ્વિટ્ઝર્લૅન્ડ છે, ફ્રાંસ નથી. અહીં કદી એવું નહિ બને.'

ન જ બન્યું. ઍર ટર્મિનલ પર ઊતર્યો ત્યારે મારો બધો યે સામાન હેમખેમ ત્યાં આવી પહોંચ્યો હતો.

એથી આનંદ થયો, તેથી યે વિશેષ આનંદ તો ત્યાં પહોંચતાંવેંત સામે ભાઈ દેવુ પારેખને ઊભેલા જોયા તેથી થયો. એનો એ જ હસમુખો તંદુરસ્ત ચહેરો! શરીર યુરોપની હવાથી વિશેષ સુપુષ્ટ બન્યું હતું! પણ જાડું નહોતું લાગતું. આંખમાં એની એ ચમક હતી: 'આવી પહોંચ્યા?' ગુજરાતી ભાષામાં પુછાએલો એ પ્રશ્ન ખૂબ મીઠો લાગ્યો.

યુરોપિયન વ્યવસ્થિતતાપૂર્વક તેમણે મારો કબજો લઈ લીધો. સામાનને થોડો સમય ત્યાં જ સાચવવાની સગવડ કરી દીધી અને પછી મને કહે: 'ચાલો.' 'કયાં જઇશું?'

'અહીં અમેરિકન એક્સપ્રેસની ઑફિસમાં પહેલાં જઈ આવીએ. આ દેશનો તમારો પ્રવાસ એમની દ્વારા મેં ગોઠવ્યો છે. તમે એ બરોબર સમજી લો. પછી તમારી હોટેલ પર જઈશું.' 'ચાલો.'

'ચાલવા' માટે તેમનું સ્કૂટર તૈયાર હતું. મને પાછળ બેસી જવા કહ્યું, ભય લાગ્યો: 'પડી તો નહિ જવાય ને?'—પુછાઈ ગયું.

'અહીં યુરોપમાં ન પડી જવાય. એ બધું ત્યાં દેશમાં થાય!' કહી તેમણે હસીને પાછળ જોયું. પડી જવાશે તો યે આ માણસનું હાસ્ય ઘા રુઝાવી દેશે એ શ્રદ્ધાએ તેની પાછળ બેસી ગયો. જીનીવા શહેરના સુંદર રસ્તા એના સ્કૂટરનાં પૈડાં નીચેથી પસાર થવા લાગ્યા.

થોડી વારમાં તો અમેરિકન એક્સપ્રેસની ઑફિસ પાસે આવી પહોંચ્યા. આવડા નાના શહેરમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં વાર કેટલી લાગે?

કાઉન્ટર પર ઊભેલી છોકરી દેવુની દોસ્ત લાગી. (પછી તો ખબર પડી કે આ જીનીવા શહેરની દરેકેદરેક વ્યક્તિ દેવુની દોસ્ત હતી!) દેવુએ પરિચય કરાવ્યો. પછી મારો પ્રવાસક્રમ સમજાવવાનું તેને કહ્યું. તેણે વિગતવાર સમજાવ્યું. સ્વિટ્ઝર્લૅન્ડનો સુંદર અને સમગ્ર પરિચય થઈ જાય એ રીતે પ્રવાસ ગોઠવાયો હતો. બોટ અને ટ્રેઈનની રાઉન્ડ ટ્રિપ લીધી હતી. દરેક જગ્યાએ હોટેલની પણ વ્યવસ્થા થઈ ગઈ હતી. એ છોકરીનો મેં આભાર માન્યો. 'યુ આર વેલકમ' કહીને એ મીઠું હસી. દેવુ કહે: 'અમારા દેશમાં એમ ખાલી હસ્યે ન ચાલે. સાથે ચા પીવી જોઇએ.' તે તૈયાર જ હતી.

સાથે બેઠાં. મળતાવડાપણાની પણ એક કળા હોય છે. આ બંને જણાંએ તે કેવી સિદ્ધ કરી હતી એ જ હું તો જોઈ રહ્યો હતો. છૂટાં પડયાં ત્યારે અમે ત્રણે મિત્રો બની ગયાં હતાં.

બપોરના ભાગમાં હું જીનીવા જોઈ શકું તે માટેની ટૂરમાં દેવુએ મારે માટે ગોઠવણ કરી લીધી હતી. એટલે એ પહેલાં મને જમાડી લેવો જરૂરી હતો. એક સરસ રેસ્ટોરાંમાં લઈ ગયા. મેં આશ્ચર્યપૂર્વક કહ્યું: 'આ શહેરમાં બધું ચોખ્ખું બહુ છે, હોં.'

'શહેરમાં નહિ, દેશમાં. યુરોપનો આ ચોખ્ખામાં ચોખ્ખો દેશ છે.'

'ને આ હોટેલ પણ સારામાં સારી હોટેલ છે.' મેં હસીને કહ્યું. કેમ કે એના આશ્રય નીચે ઘણા વખતે મનગમતું ખાણું પામતો હતો.

ખાઈપીને સામાન લઈ લીધો. મારે રહેવાની હોટેલે પહોંચ્યા. નાની એવી હોટેલ હતી. વિધવા ડોશીમા એ ચલાવે. લગભગ ત્રણખૂણિયો કહી શકાય એવો મારો ઓરડો હતો. પણ સરસ...એવો!

દેવુ કહે: 'અહીં તો માત્ર સૂવાનું જ છે ને? આખો દિવસ તો આપણે રખડીશું. એટલે ઝાઝા પૈસા ન ખર્ચ્યા.'

'સારું કર્યું; બહુ પૈસા ખરચી નાખવાનો હું પણ શોખીન નથી.'

'કારણ ખબર છે?' 'શું?'

'આપણે બંને વાણિયા છીએ ને?'

બંને હસ્યા. પછી એણે જ ચાલુ રાખ્યું: 'પણ બધા એવા નથી હોતા હોં. અહીં વચ્ચે રાજકપૂર આવ્યા હતા.' 'ફિલ્મ સ્ટાર?'

'હા, આખો દિવસ હું એમની સાથે રહેતો હતો. બહુ સરસ માણસ. પણ મને એક વાત ખૂંચતી હતી.' 'શી?'

'એમની હોટેલનો ઓરડો. લેઈક ઉપર હોટેલ હતી. અતિશય ખર્ચાળ. અહીંની સર્વોત્તમ. એનો મને વાંધો નહોતો. એમના જેવા એવી હોટેલમાં ન રહે તો બીજું રહે કોણ? પણ...' 'પણ?'

'પણ એ એકલા માણસ હતા. ને ઓરડો જબરદસ્ત ડબલ બેડરૂમ હતો. ત્યાં જાઉં ત્યારે એના ચૂકવવાના પૈસા જ મારી આંખમાં ખૂંચ્યા કરે. આખરે મારાથી ન રહેવાયું. મેં એમને કહ્યું: 'રાજ,

ફિલ્મોમાં તમે જાદુગર છો, પણ અહીં હું તમને જાદુ કરી બતાવું તો?'

'શો જાદુ કરવો છે?' તે હસ્યા.

'આટલી ને આટલી સગવડ, આથી અર્ધા ખર્ચમાં, આ ને આ જ હોટેલમાં તમને અપાવી દઉં તો?' એ ચમકયા: 'એટલે?'

'એ તો મારો જાદુ.' મેં કહ્યું.

'એટલે શું, બદમાશો મારી પાસેથી ડબલ ભાવ લે છે?'

'એમ તો યુરોપમાં કોઈ ન કરે.' 'તો?' એ જરા રિલૅક્સ થયા.

'તમે ડબલ જગ્યા વાપરો છો.' 'હમ્...'

'એકલા માણસ છો. સિંગલ બેડરૂમ લઈએ. આવો જ હશે. સગવડો પણ આટલી જ. થોડો નાનો. ખર્ચ અર્ધો.'

હસીને હું તેમની સામે જોઈ રહ્યો. તે પણ મારી સામે જોઈ રહ્યા હતા. હસતા પણ હતા. જરા મૂંઝાતા પણ હતા. આખરે કહે: 'દેવુ, તારો જાદુ કબૂલ; પણ આપણને તો આ જ ઠીક છે દોસ્ત!' 'કેમ?'

જરા અચકાયા. જરા મૂંઝાયા. પછી મારી નજીક આવ્યા. મારે ખભે હાથ મૂકી કહે: 'જો દેવુ, મળે છે ત્યારે એટલા બધા પૈસા મળે છે કે એ ક્યાં વાપરવા એ પણ સૂઝતું નથી. તો પછી આ ભલે રહ્યુ ને દોસ્ત! જરા જીવ આનંદમાં રહે છે.'

'બોલો ગુલાબદાસભાઈ, એને શું કહેવું મારે?'

'કશું જ નહિ, દોસ્ત!' મેં કહ્યું પછી એની પાસે જઈ એને ખભે હાથ મૂકી ઉમેર્યું: 'પણ આપણને આ તમારો જાદુ પસંદ છે. માત્ર એક વાંધો છે.' 'એ શો વળી?'

'આનાથી પણ નાનો...' ને અમે બંને હસતાહસતા નીચે ઊતરી ગયા. જીનીવાના સરોવરકિનારે પહોંચ્યા. જે ટૂરમાં મારે જોડાવાનું હતું તેની ઑફિસ ત્યાં હતી. હું તો સરોવર અને તેને શોભા અર્પતી ટેકરીઓ સામે જ જોઈ રહ્યો. આ કાંઠેનાં મકાનો સામે પણ. બધું જાણે એક ચિત્રમાં ગોઠવાતું જતું હતું—અદ્‌ભુત સુંદર ચિત્રમાં. એના ફોટોગ્રાફ તો ખૂબ જોયા હતા, પણ આ ગજબ હતું. તેના રંગો. તેની પળેપળે નવાંનવાં રૂપ ધરતી સૌંદર્યશ્રી. ખરે જ સ્વર્ગલોકનો આભાસ મળી રહે! પણ દેવુએ પૃથ્વી ઉપર ઉતાર્યો: 'હમણાં ટૂરિંગ કોચ ઊપડશે. સાંજે પાછો અહીં આવશે. એ વખતે હું અહીં રાહ જોતો ઊભો રહીશ. આવજો.'

'તમારે આમાં નથી આવવું?' મેં પૂછ્યું.

'મેં તો એ બધું અનેકવાર જોયું છે; આવજો.'

કોચમાં બારી આગળની એક સીટ પર બેસતાં મેં કહ્યું: 'આવજો. સાંજે...' 'આ જ સ્થળે.' તેણે પૂરું કર્યું.

બસ ઊપડી. જીનીવા નાનું શહેર હતું. ચોખ્ખું ચણક અને નિસર્ગનાં સૌંદર્યથી ભરપૂર. બાકી બીજું જોવાનું ખાસ કશું ન મળે. દેખાડવા ખાતર ઘણુંબધું દેખાડે, પણ જોવાનું ઝાઝું નહિ. માત્ર કૅલ્વિનનાં પૂતળાં સરસ હતાં. ને બીજું જોવાનું કુતૂહલ થાય એવું યુનાઇટેડ નેશન્સનું મકાન હતું. પહેલાં પણ 'લીગ ઑવ નેશન્સ'નું આ શહેર મિલન-સ્થળ હતું. એ બધું જોયું. પતાવીને બસ તેની કચેરી પાસે આવી પહોંચી કે તરત જ દેવુનું સ્કૂટર દેખાયું.

'જોઈ આવ્યા?' તેમણે પૂછ્યું. 'હા.'

'કેવુંક લાગ્યું?' 'ઠીક.'

'તો હવે ચાલો. હું કંઈક સરસ બતાવું.'

સ્કૂટરની પાછલી સીટ પર મને બેસાડી દીધો. ચડઊતર રસ્તાઓ ઉપર અમે દૂર ને દૂર જતા ગયા. શહેરથી બારપંદર માઈલ પહોંચ્યા ત્યારે એક અત્યંત સુંદર જગ્યાએ થોભ્યા. હસીને એણે કહ્યું: 'જોયું?'

નૈનીતાલ જોઈ લ્યો!—એના સુંદરતમ સ્થળમાં, એના સકળ વૈભવ સાથે! 'થાકું છું, ત્યારે અહીં આવીને બેસું છું.' તેમણે કહ્યું.

'બેસવા જેવું જ છે. બધો યે થાક ઊતરી જાય.'

સામે પર્વતો સૂતા હતા. આજુબાજુ વનશ્રી ઝૂલતી હતી. હવામાં ઠંડીનો ચમકારો હતો, પણ સ્ફૂર્તિદાયક આહ્લાદકતા પણ હતી. અને શાંતિ તો ચોમેર પોતાનું સામ્રાજ્ય પાથરીને મહાલતી હતી. ત્યાંથી ઊઠયા ત્યારે દેવુએ કહ્યુ: 'આખો દિવસ તમને વ્યવસ્થા જ બતાવ્યા કરી છે. હવે થોડી અવ્યવસ્થા બતાવું?'

'ક્યાં?' 'મારા નિવાસસ્થાનમાં?'

ત્યાં ગયા. સરસ ઓરડો હતો. વિદ્યાનાં સાધનોથી ચિક્કાર ભર્યો હતો. ઈન્ટરનૅશનલ અફેર્સના વિદ્યાર્થીને લાયક અનેક પુસ્તકો તેમાં પડ્યાં હતાં. તેની લૅન્ડ લેડી પણ મઝાની હતી. એની જોડે ફ્રેન્ચમાં વાત કરતી હતી. એમાં તો હું કશું સમજતો નહોતો, પણ ટીખળી દીકરાને પોતાની વિનોદવૃત્તિથી વશ કરી લેવા માગતી હોય એવી મા જેવી લાગતી હતી. આપણે અંગ્રેજી વાપરીએ એટલી જ આસાનીથી દેવુ ફ્રેન્ચ વાપરતા હતા. ઓરડામાં થોડી ચીજો આડીઅવળી પડી હતી. એને અંગે જ એ એને અવ્યવસ્થા કહેતા હતા. પણ એમણે મારું ટેબલ જોયું નહિ હોય, એટલે જ એમ કહેવું એમને સૂઝતું હશે.

'ગુલાબદાસભાઈ, મઝા ઘણી કરું છું; પણ થોડું ભણું પણ છું હોં.' પોતે લખેલાં, ટાઈપ કરેલાં પાનાંનો થોકડો બતાવતાં તેમણે કહ્યું.

'તમારી માને હું એ કહીશ.'

'રાજી થશે બિચારાં.' પછી પૂછ્યું: 'ભૂખ નથી લાગી હજી?'


'લાગી જ છે ને?' 'તો ચાલો.'

અત્યારે વળી નવી જ કોઈ રેસ્ટોરાંમાં ગયા. એ સાથે હતા એટલે ચિંતા નહોતી. મારે વિષે સૂચના તો એમણે જ આપવાની હતી. ત્યાં રહેનારા આપણા માણસો તો ભાગ્યે જ શાકાહારી રહેતા હોય છે, કેમ કે દેવુના શબ્દોમાં તો ત્યાં રહેનારો,—'બાવો બેઠો જપે, ને જે આવે તે ખપે.' પણ તેથી શાકાહારીને મુશ્કેલી પડે એવું કશું યે નહિ. કદાચ, શાકાહારીઓ માટેનો ઉત્તમ ખોરાક પીરસનારી રેસ્ટોરાંઓ જીનીવા અને ઝ્યૂરિચમાં જ હશે.

પેટ ભરીને ખાધું. પણ વાતોથી પેટ ભરાયું નહોતું. મારી હોટેલ પર ગયા. મોડે સુધી ગપ્પાં માર્યાં. કાલે સવારના પહોરમાં મોં બ્લાં (Mount Blanc) જવાનું હતું એટલે વહેલા સૂવું જોઈએ. પણ વાતો બંધ કરવાનું મન જ ન થાય. મારી વાતોમાંથી દેવુ પોતાની બાને, કાકાને, ભાઈઓને, મિત્રોને જોયા કરે. એમની વાતોમાંથી હું યુરોપને તેની જુવાનીને, ધીંગામસ્તીને, જુવાનોનાં જાતજાતનાં ટીખળને માણ્યા કરું. આખરે મોડા મોડા છૂટા પડયા. (ચાલુ)

પચ્ચીસ વર્ષ પહેલાં

ફેબ્રુઆરી ૧૯૪૪ અંક ૨૪૨



'કુમાર'ની માહિતીસભર ને પ્રબોધક લેખમાળાઓ પૈકી 'સંસારનાં શહેરો'માં પચ્ચીસ વર્ષ પર આવેલો 'દિલ્હી'નો પરિચય આજે–જ્યારે એની વસતિ ૩ લાખથી વધીને ૪૦ લાખની થઈ છે ત્યારે–પણ એટલો જ રસ સમય લાગશે.

સૈકાઓથી હિંદનાં શહેરોની મહારાણી સમ રહેલી આ નગરી એના સાડાત્રણ હજાર વરસના ઇતિહાસમાં અનેક વાર ધ્વસ્ત થઈ છે, અનેક વાર તજી દેવાઈ છે, અનેક વાર લૂંટાઈ ને ઉજ્જડ બનાવાઈ છે, પણ એક મહાન સામ્રાજ્યના પાટનગર તરીકેના પદથી તેને તદ્દન ચ્યુત તો કદી કરી શકાઈ નથી.

એક ઉપર એક દટાએલાં તેર શહેરોની જાહોજલાલ સંસ્કૃતિઓ ૪૫ માઈલના ઘેરાવાના મેદાનમાં કાળનિદ્રા લેતી ત્યાં પોઢી છે.

સંસારનાં અતિ પ્રાચીન શહેરો કૅન્ટન–કંતાન–(ચીન) અને કૈરો–કાહિરા–(ઇજિપ્ત)ના જ અક્ષાંશ પર આવેલું આ શહેર, એક બાજુ ટેકરીઓ ને બીજી બાજુ જળપ્રવાહથી રક્ષાઈને વિશિષ્ટ ભૂસીમાઓ ધરાવતું હોઈ તેમજ પંજાબથી બંગદેશ સુધીના સરિતાપ્રદેશના વેપાર-વણજના રાજમાર્ગ પર આવેલું હોઈ રાજદ્વારી તેમજ ભૌગોલિક દૃષ્ટિએ અતિ અગત્યનું સ્થળ મનાતું આવ્યું છે.

યુરોપમાં લૅટિનમ ને કૅપિનાનાં મેદાનો ઉપર લાટિન લોકોએ હજી પગ પણ નહોતો મૂક્યો તેની આઠ સૈકા પહેલાં આર્ય દળોનાં જૂથોએ આવીને અહીં વસતા આદિવાસી દ્રવિડોને હાંકી કાઢી, યમુના નદીના દક્ષિણ કિનારે ઈન્દ્રપ્રસ્થ નામનું નગર વસાવ્યું, જે ફાલીને એક મહાન હિંદુ સામ્રાજ્યમાં પરિણમ્યું. પછી ઈસ્લામીઓએ આવીને હિંદુ સંસ્કૃતિને આગ અને નાશમાં જમીનદોસ્ત કરી,—એવી કે રાજા ધવ (દેવરાજ?) નામના એક રાજાએ ઉભા કરેલા લોહસ્તંભ સિવાય આજે તેનું કશું નામનિશાન નથી રહ્યું. એક જૂની દંતકથા હતી કે એ સ્તંભ ઊભો હશે ત્યાં સુધી હિંદુ સામ્રાજ્ય નામશેષ થવાનું નથી. ઈ. ૧૨૦૬માં કુતબુદ્દીને મુસ્લિમ સામ્રાજ્યનો પાયો નાખ્યો ત્યારે તેને આ દંતકથા કહેવામાં આવતાં તેણે તિરસ્કારથી તેની ઉપેક્ષા કરીને કહ્યું કે તો તો એ સ્તંભને રહેવા દો!

કુવ્વત-અલ-ઈસ્લામના આંગણામાં ઊભેલા હિંદુ કાળના એ વિખ્યાત લોહસ્તંભ પર ગુપ્ત લિપિમાં ચન્દ્ર નામક કોઈ રાજવીના વીરત્વનો પ્રશંસાલેખ છે. તે ઘણુંખરું ગુપ્ત વંશના ચન્દ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય) વિષેનો હોવાનું મનાય છે. આજ હજારો વર્ષથી હવામાન સામે ખુલ્લો ખડો રહેલો હોવા છતાં હજી તેના પર કાટ કે ઘસારાની લેશમાત્ર અસર નથી એ તેની અદ્ભુતતા આજના ધાતુશાસ્ત્રીઓને મન આશ્ચર્યનો વિષય છે.

શેરશાહે ઈન્દ્રપ્રસ્થની જે મૂળ જગ્યા પર દિલ્હી વસાવેલું તે ટેકરો હજી બતાવાય છે. ત્યાં મયદાનવે પાંડવોની એ મહાનગરી (ઈ. પૂર્વે ૧૪૦૦માં?) બાંધી કહેવાય છે. જોકે તેના કોઈ અવશેષ હજી મળ્યા નથી. ઈન્દ્રપ્રસ્થની જાહોજલાલી કેટલો સમય રહી અને તે કઈ રીતે અંધકારમાં લુપ્ત થયું તેની હકીકત કોઈ જાણતું નથી. પણ પહેલા અને બીજા સૈકાની બૌદ્ધ દંતકથાઓમાં કુરુના વંશજો ઇન્દ્રપ્રસ્થમાં રાજ્ય કરતા હોવાની વાતો આવે છે

પણ ઈન્દ્રપ્રસ્થની કીર્તિનું વારસ દિલ્હી ક્યારે થયું? તેનો પાયો ક્યારે નંખાયો? ઉત્તર ભારતના ગુર્જર પ્રતિહાર સમ્રાટ ભોજ પહેલાના સમય (ઈ ૮૩૬ થી ૮૯૯)નો એક લેખ નજીકમાંથી મળી આવે છે. તે પરથી સમજાય છે કે તુંવાર વંશના અનંગપાળે ઈ સ. ૯૫૦માં હાલ જ્યાં કુતુબમિનાર ઊભો છે ત્યાં 'લાલ કોટ' બાંધી દિલ્હી વસાવ્યું હતું. આજે ઊભેલો લોહસ્તંભ પણ તેણે જ (ઘણું કરીને મથુરાથી) અહીં લાવી રોપ્યો હતો અને તેની આસપાસ શિલ્પસમૃદ્ધ મંદિરો બંધાવ્યાં હતાં, જેના અવશેષો આજે કુવ્વત અલ ઈસ્લામની મસ્જિદમાં વપરાએલા જણાય છે.

અનંગપાળ પછી અજમેરના ચૌહાણ રાજા વિગ્રહરાજે તુંવાર વંશને ઉથલાવી પાડ્યો અને તેના ભત્રીજા પૃથ્વીરાજ (જેને મુસ્લિમ ઇતિહાસકારો રાય પિથોરા કહે છે)ના હાથમાંથી ઈ. સ. ૧૦૯૩માં મહમ્મદ ઘોરીએ તે જીતી લીધું. ત્યાર બાદ દિલ્હી અનેક વખત વસાવાયું છે ને તેનાં સ્થળ એ જ જગ્યાની સહેજ ઉત્તરે કે પૂર્વે જ રખાયાં છે. માત્ર તઘલખોએ એકવાર દક્ષિણ દિશાનો ખડકાળ ભાગ પસંદ કરેલો, ને છેલ્લે બ્રિટિશોએ નવું દિલ્હી પણ પુરાણા શહેરની દક્ષિણે વસાવ્યું છે.

પૃથ્વીરાજને હરાવીને રાજપૂત સત્તા ઉથલાવી નાખ્યા બાદ તુર્કોએ દિલ્હીને જ રાજધાની તરીકે સ્થાપ્યું અને 'કિલ્લા રાય પિથોરા' (લાલ કોટ)ને મજબૂત કરી અંદર રૂપસુંદર બાંધકામો કરાવ્યાં. કુતબુદ્દીને ગાદીએ આવીને સ્થિર થયા પછી સૌથી પહેલું કામ એક મસ્જિદ બંધવાનું આરંભ્યું. હિન્દુસ્તાનમાં ઈસ્લામ ધર્મ દાખલ થયાના પ્રથમ પ્રતીક રૂપ એ 'કુતુબ મસ્જિદ' કુવ્વત અલ-ઈસ્લામના નામે પણ ઓળખાય છે. એ ઉપરાંત વિખ્યાત કુતુબમિનાર એ તે સમયનો એવો જ બીજો અવશેષ


સુલતાન અલ્તમશ, નાસિરૂદ્દીન ને બલબન પછી (૧૮૮૭) દિલ્હીની કળા ઝાંખી પડી ને બલબનના પૌત્ર કૈકોબાદે ઓખલા નજીક કિલોખોરીમાં રાજધાની બદલી. પણ તેમની પછી આવેલા ખિલજી વંશમાંના અલાઉદ્દીને (૧૨૯૬ થી ૧૩૧૬) સીરી પાસે નવું ખિલજી દિલ્હી બંધાવ્યું, જ્યાંનો હજાર સ્તંભનો મહેલ (જેનો આજે એકે અવશેષ નથી) ખ્યાત છે. તે પછી ગ્યાસુદ્દીન તઘલખે (૧૩૨૦-૧૩૩૫) તઘલખાબાદ વસાવ્યું, ને તેના પુત્ર મહમ્મદ તઘલખે તેની સામે આદિલાબાદ બંધાવ્યું; પણ અંતે તેણે એ બંને છોડીને ફરીથી રાજધાની જૂના દિલ્હી અને સીરીમાં ખસેડીને એ બંનેને આવરી લેતી નવી કિલ્લેબંધીથી શહેરને

શતરંજ...... સુરેશ મોદી

સ્ટેનિટ્ઝ પછી બીજા વિશ્વવિજેતા (૧૮૯૪-૧૯૨૧) ઈમેન્યુઅલ લાસ્કર હતા. શતરંજ ઉપરાંત બીજી ઘણી રમતોમાં પણ નહિ, પરંતુ ગણિત તેમજ માનસશાસ્ત્રના પણ તેઓ નિષ્ણાત હતા. માનસશાસ્ત્રનો ઉપયોગ એમની શતરંજની રમતમાં પણ જોવા મળતો. રમતમાં લડાયક જુસ્સો દાખવવા માટે તેઓ સૌથી વધુ જાણીતા છે. જ્યારે પરિસ્થિતિ સામા પક્ષના ફાયદામાં હોય ત્યારે તેમની રમત વધુ જામતી.

૧૯૧૪માં સેન્ટ પીટર્સબર્ગમાં રમાએલ ટૂર્નામેન્ટના છેલ્લા રાઉન્ડમાં તેમને કાપાબ્લાન્કા સામે જીત મેળવવી પડે તેમ હતું જ્યારે કાપાબ્લાન્કાને માત્ર ડ્રૉની જ જરૂર હતી લાસ્કરે કેમ જીત મેળવી તે જોઈએ.

CAPABLANCA



LASKER

સફેદની ચાલ છે. 1 P–K5! ઘોડા માટે K4 ખાનું ખાલી કરવા માટે આપેલ પ્યાદાનો ભોગ (ક્લીઅરન્સ સૅક્રિફાઈસ') 1..., QP×P; 2N–K4, N–Q4.

3 N×BPch થી એક્સચેન્જ જીતવા-ધમકી સામે આ સિવાયની બીજી ચાલ નબળી છે. દા.ત. 2..., R–B2; 3N–Q6 ch. અને 2..., K–K2; 3 R–R7ch, K–K1; 4 N×BP mate.

3 N/6–B5, B–B1;

અહીં હાથીને બીજી પંક્તિ ઉપર ક્યાંય ખસેડે તો વધુ નુકસાન થાય તેમ છે. દા.ત. 3..., R–K2; 4 N×B, R×N, 5 N–Q6ch અને હાથી મફતમાં જ જાય.

4 N×R, B×N; 5 R–R7, K–B1; 6 R–R1, K–Q1; 7 R–R8ch; B–B1 8 N–B5 Resigns. અહીં સફેદની ત્રણ ધમકી 9 N–Q6ch કે N–N7ch કે R–Q7ch પછી 10 R×B મ્હાત સામે કાળાના એક માત્ર બચાવ 8..., N–N3 પછી પણ 9 R–N8થી સફેદ તરત જીતે છે.

તેજસ્વી કર્યું તથા 'જહાંપનાહ' નામનો હજાર સ્તંભનો બીજો મહેલ બાંધ્યો.

મહમદ તઘલખના ભત્રીજા ફિરોઝશાહે વળી પડોશમાં નવું ફિરોઝાબાદ બંધાવ્યું ને સીરી તથા જૂની દિલ્હીનાં મકાનોની સામગ્રી વાપરીને યમુના કિનારાથી તે છેક ઈન્દ્રપ્રસ્થ સુધી વિસ્તરતું મોટું નગર બંધાવ્યું, જે તઘલખોના અમલ દરમ્યાન જાહોજલાલ રહ્યું. પણ થોડા વખત પછી તાતાર વંશનો તૈમુર લંગ ચડી આવ્યો, મહમદ ગુજરાતમાં ભાગી ગયો અને તૈમુર દિલ્હી લૂટીને ચાલ્યો ગયો.

તઘલખો પછી આવેલા નબળા સૈયદ વંશના ખિઝરખાંએ ખિઝરાબાદ અને તેના પુત્ર મુબારકે મુબારકાબાદ નામનાં વળી નવાં બે શહેરો ઊભાં કરવાની ચેષ્ટા કરી, પણ તે ક્ષણજીવી નીવડી. તે પછીના લોદી વંશનો સિકંદર લોદી દિલ્હી તજી આગ્રામાં રાજધાની લઈ ગયો અને દિલ્હીનું નૂર ઘટી ગયું.

ઈ. ૧૫૨૬માં તૈમુરના છઠ્ઠા વંશજ બાબરે હિંદ પર ચડાઈ કરી, ઇબ્રાહીમ લોદીને પાણીપતના મેદાન ઉપર હરાવી મુગલ સત્તા સ્થાપી, છતાં તેણે પણ રાજધાની આગ્રામાં જ રાખી. પરંતુ તેનો પુત્ર હુમાયૂં તે દિલ્હી લઈ ગયો ને નિસ્તેજ થઈ ગએલા શહેરને સજીવન કર્યું.

૧૫૪૦માં હુમાયૂંને હરાવીને પઠાણ વંશનો શેરશાહ ગાદીએ આવ્યો તેણે ત્યાં નવી જ નગરી નિર્માણ કરી અને જૂના ઈન્દ્રપ્રસ્થની જગ્યા ઉપર આજે 'પુરાણા કિલ્લા' નામથી ઊભી છે તે કિલ્લેબંધી બાંધીને નવું શહેર સર્જાવ્યું. ફિરોઝશાહ તઘલખે જેમ સીરી અને જહાંપનાહને તોડીને તેના પથ્થરો વડે ફિરોઝાબાદ બંધાવ્યું, તેમ શેરશાહે ફિરોઝાબાદનો નાશ કરીને તેની સામગ્રી વડે આ નવું શહેર સર્જ્યું. પંદર વરસ બાદ ઈ. ૧૫૫૫માં હુમાયૂંએ ફરી પાછા આવીને ઈરાનની મદદથી પોતાનું રાજ્ય જીતી લીધું ત્યાર પછી તેણે શેરશાહના બાંધેલા નગરમાં ઉમેરો કરી તેને વધુ સમૃદ્ધ કર્યું ને તેને 'દીન પનાહ' (ગરીબનું આશ્રયસ્થાન) નામ આપ્યું. અકબરે તેના વિસ્તાર અને રોનકમાં થોડો વધારો કર્યો. જોકે રાજધાની તો તે પાછી આગ્રામાં જ લઇ ગયો હતો, અને તેના તખ્ત જહાંગીરના સમયમાં એ ત્યાં જ રહી હતી.

પણ નવાં શહેરો બાંધવાની એ કાળની મહત્ત્વાકાંક્ષામાંથી અકબર જેવો મહાન સમ્રાટ તો શાનો જ બચી જઈ શકે? તેણે આગ્રાથી થોડે જ દૂર, એક સુંદર મેદાન પર, ઇતિહાસમાં બેનમૂન ગણાએલી એવી ફતેહપુર સિક્રી નામે નગરી સરજાવી, પણ અત્યંત શોખથી સર્જાવેલી એ નગરી દુર્ભાગ્યે વસી જ નહિ ને અકબરનું એ સ્વપ્ન ખરી પડ્યું તેની પછી જહાંગીર તો આગ્રામાં જ વસ્યો; માત્ર કાશ્મીર જતાં એક વાર દિલ્હીમાંથી પસાર થએલો એટલું જ. પરંતુ બાંધકામનો શૉખીન, અનેક ઈમારતોનો સર્જક ને તાજમહાલની સ્વપ્નસૃષ્ટિને સજીવ કરનાર શાહજહાં તેના પિતાની માફક શાન્ત ન બેસી શક્યો.

દિલ્હી જોકે હજી યે ઉપ-રાજધાની તરીકે ધીકતું અને આગેવાન નગર હતું, પણ પાટનગરની ભવ્ય જાહોજલાલીની તેજસ્વિતા ઓછી થઈ હતી. તે પાછી લાવવા શાહજહાં પ્રવૃત્ત થયો. પરંતુ હુમાયૂંની કમનસીબી સાથે સંકળાએલું 'દીન પનાહ' તેને ગમતું ન હતું, એટલે દક્ષિણે નવી વિશાળ જગ્યા પર અને આગ્રાને ટક્કર મારે તેવું રોનકદાર તથા ભવ્ય નગર નિર્માણ કરવાનો તેણે નિરધાર કર્યો. તેણે પોતે જ તેના નકશા યોજ્યા અને ઊંચામાં ઊંચી સાધનસામગ્રી વાપરીને ઉન્નત કિલ્લેબંધી, આલીશાં દરવાજા, રૂપસુંદર મહેલાતો ને મનોહર મસ્જિદો તથા બીજાં મકાનો વડે પોતાના નામને કાયમ કરતું શાહજહાનાબાદ સર્જ્યું. આજે હયાત છે તે એના અવશેષો.

કિલ્લાની અંદર શાહી કચેરીઓ, ખાસ એ કિલ્લાની જ બજારો, અમલદારોના આવાસો અને ભવ્ય-મનોહર સમૃદ્ધ સુંદર બાદશાહી મહેલો ઊભા હતા અને બગીચા વિનાના કદી મુઘલ મહેલો વળી સાંભળ્યા છે? 'માહતાબ' (ચન્દ્ર) અને 'હયાત-બક્ષ' (અમૃત દાતા) નામનાં બે મોટા દિલચસ્પ બાગ મહેલોની સામે રચવામાં આવ્યા હતા અને યમુનાનાં પાણી એ બગીચાઓની વચ્ચે જ નહિ પણ ખુદ શાહી મહેલોના ઓરડાઓમાં પણ રાત દિવસ વહેતાં. એ માટે 'નહરે બિહિસ્ત' (સ્વર્ગીય ઝરણ) એ નામથી, પડખેની યમુના નદીમાંથી પાણી લાવવાની આરસપહાણની મોટી નહેર યોજવામાં આવી હતી, જેમાંથી નાની નહેરો, હોજો, ફુવારાઓ અને રંગમહેલોમાંના ફૂલે બિછાતની કારીગરીવાળા સંગેમરમરના છબછબિયા જલપટ પર સદોદિત શીતલ નિર્મલ જલ ખળખળ વહ્યાં કરતાં. આજે લાલ કિલ્લાને નામે ઓળખાતું એ સ્થળ એ કાળે કેટલું જાહોજલાલ હશે તેની તો માત્ર કલ્પના જ કરવાની રહી. સમય અને

માનવીના ક્રૂર હાથે વર્તાવેલા કેરનો ભોગ થઈ પડેલા એના અવશેષ જ આજે કરુણ ઉજ્જડતા પોકારતા ઊભા છે. એક બગીચો તો નામશેષ થઈ ગયો છે. બેગમ–મહાલની જગ્યાએ આજે બેડોળ બરાકો ઊભી છે, અને શાહજહાંએ જ્યાં સંગેમરમરમાં કાવ્ય સર્જેલાં ત્યાં આધુનિક ઢબનાં બેહૂદાં બાંધકામ ડોકાઈ રહ્યાં છે. દીવાને-આમ અને દીવાને-ખાસ, તસ્બીખાના, રંગમહાલ, ખ્વાબગાહ (સ્વપ્નમંદિર), શહેનશાહને પોતાને નમાજ પડવા માટેની નમણી મોતી મસ્જિદ, અને વહેતા પાણી નીચેની રોશની વડે બારે માસ ચોમાસાનો ખયાલ ઊભો કરતાં 'શ્રાવણ-ભાદરવો' નામનાં આરામગૃહ, આ બધાં કાળ અને માનવીની નિષ્ઠુરતા સામે તોહમતનામું પોકારતાં ઊભાં છે. મુઘલ સલ્તનતના અસ્ત પછીના તેના કપરા દિવસોમાં ઈરાનીઓ, અફઘાનો, મરાઠાઓ ને જાટો, જે આવ્યા તે, આ શાહી મહેલોની છતોમાંનાં સોનારૂપાનાં જડતર, અને સંગેમરમરના સ્તંભો પર જડેલા બહુમૂલ રત્નાદિ ઊખેડી-ઊઝરડીને લૂંટી ગયા. અને એમની પછી આવેલાઓ, જાણે હજી બાકી રહ્યું હોય તેમ, સંગેમરમરના સ્નાનાગાર વગેરે જે કાંઈ રહીસહી કલાકારીગરીની ચીજો હતી તે દરિયાપાર ખેંચી ગયા.

અને આજનો ચાંદની ચોક જોઈને રખે શાહાંજહાનાબાદના વખતના ચાંદની ચોકની તમે કલ્પના કરતા! લાહોરી દરવાજાથી તે લાલ કિલ્લા સુધી વૃક્ષછાયો એક વિશાળ રાજમાર્ગ ત્યાં વિસ્તરી રહ્યો હતો, જેને પડખે પડખે પાણીની એક નહેર સદોદિત વહ્યા કરતી. વૃક્ષરાજિ અને જલલહરીથી શીતળ થએલો એ રાજમાર્ગ વ્યાપારઉદ્યોગ ને દેશ-પરદેશના સોદાગરો-વણઝારાઓ આદિથી ધમધમી રહેતો, અને તેમની વચ્ચે ઘોડા થનગનાવતા યુદ્ધવીરો, હાથી પર મલપતા અમીર ઉમેરાવો અને પડદા ઢાળેલી પાલખીઓ તથા સુખાસનોમાં બિરાજતી મોટા ઘરની સ્ત્રીઓ અને તેમનાં દાસદાસીઓના રસાલા આવજા કરતા.

ફુવારાની સામે આજે આવેલી એ સુનહરી મસ્જિદની અગાસીમાંથી જ ઈ. ૧૭૩૯માં નાદિરશાહે દિલ્હીની કતલ ફરમાવી હતી અને ચાંદની ચોકના એ વિશાળ રાજમાર્ગ પર પાણીની માફક લોહીનાં પૂર વહ્યાં હતાં.

અઠ્ઠાવન દિવસ સુધી દિલ્હીને લૂંટીને નાદિરશાહ પાછો ગયો ત્યાર પછી મુઘલ વંશના અવશેષ સમા શાહઆલમને ૧૭૭૧-માં મરાઠાઓએ ગાદીએ બેસાડયો તો ખરો, પણ ખરી સત્તા તેમના સિંધિયાના જ હાથમાં હતી. પરંતુ આ દરમ્યાન અંગ્રેજોનો પગપેસારો શરૂ થઈ ગયો હતો. ઈ. ૧૮૦૩માં લૉર્ડ લેઇકે મરાઠાઓને હરાવી દિલ્હીનો કબજો લીધો. ફરી ૧૮૦૪માં હોળકરે દિલ્હી પર આક્રમણ કર્યું, પણ જનરલ ઑક્ટર્લોનીએ તેને ટકાવી રાખ્યું, ને લૉર્ડ લેઇકે ફરીથી આવી ત્યાં મજબૂત સત્તા સ્થાપી દીધી. ત્યાર બાદ સત્તાવનના બળવા વખતે ફરી એ શહેરે છેલ્લી આફત અનુભવી. તેનું નૂર તદ્દન હણાઈ ગયું.

ત્યાર બાદ અંગ્રેજ સત્તા સ્થિર થઈ, પણ તેનું પાટનગર તો લગભગ અરધી સદી સુધી કલકત્તા જ રહ્યું. અંતે ઈ. ૧૯૧૧માં પાંચમા જ્યૉર્જે દિલ્હીમાં દરબાર ભરી તેને ફરી હિંદની રાજધાની તરીકે સ્થાપ્યું; ને ૧૯૧૨માં ત્યાં નવું દિલ્હી બાંધવાની શરૂઆત કરવામાં આવી.

આમ, આપણે જોયું કે જૂના કાળથી જ આ શહેરની જગ્યાએ સદાકાળ બે દિલ્હી રહેતાં આવ્યાં છે: નવું દિલ્હી ને જૂનું દિલ્હી. ઇન્દ્રપ્રસ્થ, કિલ્લા રાયપિથોરા, કિલોખેરી, સીરી, તઘલખાબાદ, ફિરોઝાબાદ, દીનપનાહ—સૌના વારાફેરા આવી ગયા. ને એકને જૂનું ઠરાવી બીજાએ નવા શહેરની જાહોજલાલી માણી. આજે એક કાળનું માતબર શાહજહાનાબાદ 'પુરાણા શહર' તરીકે ઓળખાય છે, ને તેની દક્ષિણે પાંચ માઈલ પથરાળ ખડક પર સરકારી મકાનો નિર્મીને તેને મધ્યબિંદુમાં રાખી, તેની ચોમેર પાંચ ચોરસ માઈલના ઘેરાવામાં અંગ્રેજ સ્થપતિ સર એડવિન લટિયન્સે અંગ્રેજી હકૂમતના હિંદી સામ્રાજ્યનું જે 'નવું દિલ્હી' ખડું કર્યું છે તે સ્વતંત્ર ભારતની પણ રાજધાની બન્યું છે. ∅

અનુસંધાન] **પ્રીતની ગાંઠ, ન તોડી શકે વિધિનાથ** [પૃષ્ઠ ૬૭થી

વખત કુદરતી રીતે પ્રત્યુત્તરમાં તારા હોઠ હાલે એમ હાલ્યા. હું બહાર જઈ ત્યાંના બાંકડા પર બેસી રહી. કેટલો સમય એની મને ખબર નથી.'

અને આ છેલ્લો કાગળ:

'શું લખું? આજ ૨૪ ફેબ્રુઆરી. આપણા બાગમાં હું ગઈ. ત્યાં તું છાંયડામાં સૂતો છે. કેટલો શાંત છે! તારી રખેવાળી કરતો આપણો જિમ નિચો ઊભો છે. એણે મને ડોકું નમાવી આવકારી, અને એ દૂર હઠી ગયો. તારું, જાણે બાળક જેવો થઈ રહ્યો હોય એવું મોં, મેં જોયા જ કર્યું—જોયા જ કર્યું. એક પણ દુ:ખની રેખા નથી જણાતી. કેટલો શાંત! કેટલી શાંતિથી તું અનંત નિદ્રામાં પોઢી ગયો છે! બાગની ચારેકોર તારું વ્યક્તિત્વ પથરાએલું દેદીપ્યમાન છે. હું રડું? શા માટે? આ તો વિધિનો સંકેત છે, ઈશ્વરની મરજી છે. વિધિ પ્રીતની ગ્રંથિ તોડવા મથે છે, પણ એમ તે શેં તૂટશે? આટલાં આ તારા જ વાવેલા છોડનાં ફૂલ તને ધરું છું. જ્યાં હો ત્યાં તું સુખી થા એમ પ્રાર્થું છું. હું પાછી ફરું છું ત્યાં જિમ આવીને ગંભીર મુખે કહે છે: 'મૃત્યુ એ કોઈ વિચિત્ર ઘટના છે, નહિ?' મેં કહ્યું: 'હા જિમ! વિચિત્ર, પણ સામાન્ય; કારણ એ પણ જીવનની જ એક પ્રક્રિયા છે.' એનો હાથ પકડી મેં એને અંતરથી 'થૅંક્યૂ' કહ્યું. અને હું ત્યાંથી પાછી ફરી—જાગ્રતિમાંથી સ્વપ્નમાં સરી. હવે તો એ સ્વપ્નું સત્ય ન થાય ત્યાં સુધી વળી જાગ્રતિ કેવી?'

હું પણ સારાએ આલેખેલી લેખનકળાની જાળમાં સપડાઈ ગયો હતો. હૅમ્પસ્ટેડ પહોંચવા હવે અન્ડર ગ્રાઉન્ડ ગાડી લઉં તો મોડો પડું. બહારના લંડનનું મને ભાન નહોતું; અટાણે એની મને પડી પણ નહોતી. સ્વસ્થ થઈ, તૈયાર થઈ, ટૅક્સી કરી હૅમ્પસ્ટેડ પર માઉન્ટ વર્નન જવા ઊપડ્યો. રસ્તે સ્ટીફન લગભગ દશ વર્ષે મારાં સંસ્મરણોમાં ડોકાયા કરે. દશ વર્ષનો ગાળો ઓગળી જઈ ગઈ કાલે જ સ્ટીફનને મળ્યો હોઉં એવું લાગ્યા કરે. ઢળાવ નીચેથી ટૅક્સી છોડી, નાનકડી ડુંગરી ચડી બારણે ઊભો છું ત્યાં સારાએ હસીને આવકાર આપ્યો. મેં કહ્યું: 'સારા! તું તો બહાદુર નારી છે, પણ મારી હિમ્મત ડગી ગઈ છે. પહેલાં મને તારા ઘરની પાછળના વંડામાં, પેલી છાંયડી હેઠળ લઈ જા.' અમે ગયાં. દસેક મિનિટ ઊભાં અને પાછાં વળ્યાં. છેલ્લા ત્રણ કલાકથી વાંચેલા પુસ્તકના આખરના ભાગનો ઈશારો કરી, આટલી સ્વસ્થતા અને ભર્યાભર્યા પ્રણયના ઉમળકાથી આ પુસ્તક લખવા માટે અભિનંદન આપી અમે વાતે ચડ્યાં. કાલે તો હું જવાનો. મારે બીજા કોઇને મળવું નથી. પ્રીતની ગાંઠ મૃત્યુ પણ તોડી શકતો નથી. એકધારી પતિની સંસ્મૃતિની ભક્તિ કરતી આ સતી નારીના સત્સંગમાં પાંચ છ કલાક ગાળી હું છૂટો પડ્યો. ડુંગરી નીચે એ મને વળાવવા આવી. ત્યાં એ જ મૌન, એક જ વિચાર. ફરી દશે વર્ષે પણ મળ્યાં છીએ તો ઠીક છે, નહિ તો સારા અને એના સ્ટીફન સાથે, મારા મિત્ર સાથે કાળના પગથારમાં ક્યાંક તો ભેળા થઈશું જ, એવી આશા સાથે અમે છૂટાં પડ્યાં.


સ્ટીફનના અવસાન બાદ હૉસ્પિટલમાંથી એનું શબ એ સ્થાનમાં કોણે ને ક્યારે લાવી દીધું એ હું પૂછી જ શક્યો નહિ. (ચાલુ)



પંદરમી સદીની આખરમાં ભૂમધ્ય સાગરમાં ઈટાલીના, બાલ્ટિક સમુદ્રમાં ઉત્તર જર્મનીના અને પશ્ચિમ યુરોપની કંઠારો પર સ્પેઈનના વહાણવટાની બોલબાલ હતી ત્યારે ઇંગ્લંડનાં વહાણો મુખ્યત્વે ઉત્તર સમુદ્રમાં આઈસલૅન્ડ સુધી માછલાં પકડતાં હતાં.

પણ સાતમા અને આઠમા હેન્રીએ ખાસ કાયદા ઘડીને, મચ્છીમારીને અને મોટાં વહાણોની બાંધણીને ઉત્તેજન આપવા માંડીને વહાણવટાને વિકસાવવા માંડયું. આઠમા હેન્રીએ એક કાયમી નૌકાસૈન્ય પણ રચ્યું. આરંભના એ દળમાં ઈ.૧૫૧૪માં 'હેન્રી ગ્રેઈસ આ ડ્યુ' નામે એક જંગી જહાજ બાંધ્યું. ૧૦૦૦ ટન માલ ભરાય એવડા એ ચાર થંભવાળા વહાણમાં ત્યાર સુધીનાં વહાણોમાં રખાતા એ કરતાં વધુમાં વધુ સઢ હતા (જુઓ ચિત્ર). એના ચારે થંભ સળંગ નહિ પણ સાંધાવાળા હતા, એટલે કોઈ પણ થંભ ઉપરથી ભાંગી પડે તો આખા થંભને બદલે એટલો ભાગ જ બદલવો પડે. આ એક નવો વિચાર હતો. કિંમતી સોનેરી કાપડના સઢ, ધજાપતાકા અને લાલ ને સોનેરી રંગથી શોભતા એ વહાણમાં જો ૬૦ રતલી ગોળા ફેંકે એવી ભારે તોપો, પિત્તળની બીજી ૧૭ મોટી તોપો અને ૭૦ જેટલી બીજી નાની તોપો તથા ૧૦૦ હાથ-તોપો તેમજ એના દારૂ ગોળાનું વજન ન હોય તો એ પડખાભેર ઢળી જ પડે એવી એની સાંકડી અને ઊંચી અવહેવારુ બાંધણી હતી.

હેન્રીના નૌકાદળના ગૌરવ જેવું એ જહાજ હકીકતે નૌકાયુદ્ધમાં તો ક્યારે યે કામમાં આવ્યું નહિ, ને ઈ. ૧૫૫૩માં આખરે આગમાં એ તારાજ થઈ ગયું. એ કાળમાં બહુ રૂપકડું પણ અયોગ્ય બાંધણીવાળું એ મોટામાં મોટું વહાણ હતું. ભવિષ્યમાં 'સાગરની રાણી' બનનાર ઇંગ્લંડના નૌકાદળનો એ આરંભ હતો.



શિખરું ઊંચાં ને મારગ આકરા,
નહિ કોઈ સાથ કે સંગાથ, નહિ ત્યાં કેડી કે ના વાટ,
ચડવાં ચડાણો તસુતસુ એકલાં.
લિયે એ મારગ નર કોઈ બંકડા,
છોડી આળ ને પંપાળ, રાખી રામૈયો રખવાળ,
કાચી રે છાતીનાં બેસે પાટિયાં.


—મનસુખલાલ ઝવેરી

સ્વ. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગુજરાતના જાણીતા ગાંધીવાદી વિચારક અને કેળવણીકાર, ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ મહામાત્ર (રજિસ્ટ્રાર), ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ (ઉપ) કુલપતિ અને 'સત્યાગ્રહ'ના તંત્રી શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈનું. ૭૦ વર્ષની વયે, તા. ૧લી ફેબ્રુઆરીના રોજ હૃદયરોગના હુમલાથી એકાએક અવસાન થઈ ગયું. ગાંધીજીના નિધન પછી એમનાં 'હરિજન' પત્રોનું તંત્રીપદ સંભાળી લેવા જેટલી યોગ્યતા ધરાવનાર આ સન્નિષ્ઠ ગાંધીવાદીના દેહાંતથી ગુજરાતે ગાંધી સિદ્ધાંતોના દૃઢ સમર્થક તથા ભાષ્યકાર, ગીતા-ઉપનિષદના ઊંડા અભ્યાસી, વિદ્યાપીઠ નવજીવન આદિ જેવી ગાંધીજીની પ્રિય સંસ્થાઓના નિઃસ્પૃહ સેવક, ગાંધીશૈલીના પીઢ સાહિત્યકાર તથા શિક્ષણકાર, સામાજિક કાર્યકર અને બગશવાળા પત્રકાર ગુમાવ્યા છે.

ઈ. ૧૮૯૯ની ૧૧મી ઑક્ટોબરે, ચરોતરમાં પોતાના મોસાળના ધર્મજ ગામે, બંને હાથે છ છ આંગળી સાથે જન્મેલા મગનભાઈ ૧૭મે વર્ષે નડિયાદમાં બીજા નંબરે અને આખી મુંબાઈ યુનિવર્સિટીમાં ત્રીજા નંબરે મૅટ્રિક પાસ થયા હતા. નાનપણથી જ નિર્ભીક સ્પષ્ટવક્તા મગનભાઈએ મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજના અભ્યાસ દરમ્યાન એક વખત નિબંધની નીચે લખેલું કે, 'અમારા અંગ્રેજ પ્રોફેસરો અને તેમનું અનુકરણ કરનારા કેટલાક હિન્દી પ્રોફેસરો એવું અંગ્રેજી બોલે છે કે જે સમજાતું નથી'; અને અંગ્રેજ પ્રો. સીસને 'આ મારી બાબતમાં પણ સાચું છે?' એમ જ્યારે એમને પૂછ્યું ત્યારે એમણે બેધડક હા કહેલી.

ઈન્ટરમાં પણ પ્રથમ વર્ગમાં પાસ થઈને બી.એ.ની છેલ્લી પરીક્ષા આપવાના થોડા સમય પહેલાં જ ૧૯૨૦માં ગાંધીજીની હાકલથી પ્રેરાઈ કૉલેજનો અભ્યાસ છોડી રાષ્ટ્રકાર્યમાં ઝંપલાવેલું; અને વિદ્યાપીઠ થતાં એમાં સ્નાતકનો અભ્યાસ પૂરો કર્યા બાદ ત્યાં ફેલો તરીકે રહીને 'સત્યાગ્રહમીમાંસા' પર મહાનિબંધ લખીને એ ત્યાંના પ્રથમ પારંગત (એમ. એ.) થયા ત્યારે એમને એકલાને ડિગ્રી આપવા માટે ગાંધીજીએ ખાસ પદવીદાન-સમારંભ યોજ્યો હતો. ત્યાર પછી ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં જોડાયા; જ્યાં સત્ય-અહિંસા-બ્રહ્મચર્ય-અપરિગ્રહ-અસ્તેય એ પાંચ વ્રતોમાં ગોઠવાતા જતા હતા, એવામાં જ આશ્રમ બંધ થતાં તેઓ વિદ્યાપીઠમાં જોડાયા અને ત્યાંથી આજીવન શિક્ષણ અને સાહિત્ય દ્વારા રાષ્ટ્રસેવાનું કાર્ય કર્યું. ૧૯૩૨ અને ૧૯૪૨માં એમણે જેલવાસ પણ ભોગવેલો. સ્વાતંત્ર્યોત્તર સમયમાં 'મહાદેવ સમાજસેવા વિદ્યાલય'ની પ્રવૃત્તિ શરૂ કરીને એ સંસ્થાને ફરી જીવતી કરવાનું મહદ્કાર્ય કર્યાનો યશ એમને છે; એ જ રીતે વિદ્યાપીઠના 'જોડણીકોશ' પ્રવૃત્તિને ખંતપૂર્વક પાર પાડવા તથા વિકસાવવામાં પણ એમનો મોટો ફાળો છે. ગાંધીજી પછી 'હરિજન'નું સંપાદન સંભાળનાર



કિશોરલાલભાઈના અવસાન બાદ એમણે જ એ કાર્ય આગળ ધપાવેલું.

વસ્તુના હાર્દ સુધી પહોંચી ઉત્કટતાથી પોતાનાં મંતવ્યો રજૂ કરવાની અને મતાગ્રહી લાગે એટલી દઢતાથી તેને રજૂ કરવાની ટેવ કૉલેજજીવનથી જ ઘડાઈ હતી. ગણિત એમનો મુખ્ય વિષય હોઈ તેમનામાં ચોકસાઈ અને સ્પષ્ટતા ખૂબ હતાં. વળી નાનપણથી જ યોગમાર્ગી સાધકોના સહવાસમાં ઘડાયા હોવાથી શારીરિક સ્વસ્થતા, ઇંદ્રિયનિગ્રહ અને ધ્યાનશીલતાને કારણે એમની બુદ્ધિ તીક્ષ્ણ બની હતી.

એક સારા શિક્ષક, સારા લેખક, સારા વ્યાખ્યાતા ને સારા વહીવટકર્તા મગનભાઈના વ્યક્તિત્વનાં અનેકવિધ પાસાં હતાં. રાષ્ટ્રસેવક, કેળવણીકાર, પત્રકાર, વિચારક, વિવેચક, ઇતિહાસકાર, અધ્યાપક, તત્ત્વ-સંશોધક, સાધક, ભાષાશાસ્ત્રી ને સૌથી વિશેષ તો મુમુક્ષુ મગનભાઈ, સત્યાગ્રહની મીમાંસા હોય કે જૅકિલ અને હાઈડ કે રૉબિન્સન ક્રુઝો જેવાં કથાપાત્રો હોય, ઉપનિષદોના સિદ્ધાંત હોય કે 'જપજી' જેવું ભક્તિકાવ્ય હોય, શરીરયંત્રની રચના હોય કે સ્વરાજ્યનું બંધારણ હોય, કલાનું સ્વરૂપ હોય, અંગ્રેજોની વેપારશાહીનો ઇતિહાસ હોય, કે અર્થશાસ્ત્ર સમાજશાસ્ત્ર આદિના અનેક જાતના અટપટા પ્રશ્નો હોય, મુદ્દાનું સ્પષ્ટ સચોટ નિરૂપણ કરવાની એમની શક્તિ એમનાં લખાણોમાં જોઈ શકાય છે. સ્વાતંત્ર્ય પછી નિયુક્ત થએલી ૩૫ જેટલી વિવિધ સમિતિઓમાં એમણે સભ્ય તરીકે કામ કર્યું હતું, જેમાં 'ઑફિશિયલ લૅંગ્વેજ કમિશન' મુખ્ય હતું. દ્વિભાષી મુંબાઈરાજ્યની વિધાન પરિષદમાં પણ એ સભ્ય હતા. અંગ્રેજી ભાષા ઉપર પણ એમનો સારો કાબૂ હતો. Our Language Problem, Planning for Basic National Recovery, Language Study in Indian Constitution, અને Population Control જેવાં અંગ્રેજી પુસ્તકો પણ એમણે લખ્યાં છે. અંગ્રેજી સામે એમને વિરોધ ન હતો, શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી રાખવા સામે એમનો વિરોધ હતો.

ગઈ સદીના ઉત્તરાર્ધમાં જે જોશ અને જોમથી મણિલાલ નભુભાઈએ સુધારાનો અને પાશ્ચાત્ય રીતરિવાજોના મિથ્યા મોહનો પ્રતિકાર કર્યો તેવા જ જોશ-જોમથી ચાલુ સદીના આ ઉત્તરાર્ધમાં મગનભાઈએ આપણી અંગ્રેજિયતનો તથા આપણા નેહરુપંથી વ્યામોહનો પ્રતિકાર કર્યો. મણિલાલ નભુભાઈની કલમ કરતાં તેજસ્વિતામાં લેશ પણ ઊણી ન ઊતરે એવી એમની કલમે ગુજરાતી સાહિત્યને યાદ રહી જાય એવું ગદ્ય આપ્યું છે, એટલું જ નહિ પરંતુ તર્કશુદ્ધ વિચારસરણીવાળા લેખોનું એમનું પ્રદાન પણ વિપુલ છે.

ગુજરાતી ગદ્યને એમણે વિવિધ પેરે રમાડયું છે અને સૂક્ષ્મ તથા જટિલ વિચારોની એ ગદ્ય દ્વારા એમણે માવજત કરી છે. ઉપનિષદો ને ભગવદ્‌ગીતાની મીમાંસામાં, કેળવણીના નીતિના અને રચનાત્મક કાર્યના પ્રશ્નોમાં તેમજ પોતાના સાહિત્યિક પત્રકારત્વમાં એમણે વહાવેલું ગદ્ય શૈલીગુણવાળું વ્યક્તિત્વદ્યોતક ગદ્ય છે.

કોઈની પણ શેહ કે શરમમાં તણાયા વિના સ્પષ્ટ મંતવ્યો વ્યક્ત કરવાની એમની નીડરતા 'સત્યાગ્રહ'માં દેખાઈ આવતી. માધ્યમની ભાષા, દ્વિભાષી રાજ્યરચના, દારૂબંધી, સંતતિનિયમન, રાષ્ટ્રભાષા, સાહેબશાહી રાજવહીવટ વગેરે અનેક વિષયો પર એમણે પોતાનાં મંતવ્યો સ્પષ્ટ અને નીડરતાથી રજૂ કર્યા છે. પોતાનાં મંતવ્યોની બાબતમાં કદી પણ બાંધછોડ નહિ કરવાના, હઠાગ્રહ કહી શકાય એટલી હદે જતા એમના મતાગ્રહને કારણે જ અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના ચૅરમૅનપદેથી (૧૯૪૯ થી ૧૯૫૩), ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરપદેથી (૧૯૫૭ થી ૧૯૬૦) અને છેલ્લે ગુજરાત વિદ્યાપીઠના પચ્ચીસ વર્ષના મહામાત્રપદેથી (૧૯૩૭ થી ૧૯૬૧) રાજીનામું આપતાં એ અચકાયા ન હતા. ગાંધી વિચારધારાને શ્રદ્ધાથી વળગેલા મગનભાઈની પોતાની આ વૈચારિક નિર્ભયતા અને મૌલિકતા એ પ્રકારની હતી કે પ્રસંગ આવે તો ગાંધીવિચાર વડે એ ખુદ ગાંધીજી સુધ્ધાંને પડકાર્યા વિના રહે નહિ!

આવા નિર્ભય વિચારકોનું બોલવું-લખવું હમેશાં સાચું જ પડવા નિર્માએલું છે એમ રખે કોઈ માની લે, પણ આવા વિચારકો જે દષ્ટિકોણ ધરે છે તેનાથી અને પોતાના વિચારોના આઘાતથી અન્યના વિચારનાં નીરને તે વહેતાં કરે છે. 'સત્યાગ્રહ'ના એ ખંતીલા એટલા જ તંતીલા તંત્રીએ આ પ્રકારની સેવા આયુષ્યભર બજાવીને વારંવાર અળખામણા થવાનું જોખમ પણ વહોર્યું હતું; પણ ખુશામત તથા સલામતી બંનેથી તેઓ હમેશાં વેગળા રહ્યા હતા.

સંયમી, સિદ્ધાંતનિષ્ઠ, સાદા, વ્રતકઠોર અને સાધક પ્રકૃતિના આગ્રહી મગનભાઈ બહારથી આક્રમક અને ઉદ્ધત લાગે, પણ જેમને એમના વ્યક્તિત્વનો પરિચય હશે તે સૌ જાણે છે કે એમનું માનવ્ય કોઈનાથી ઊતરે એવું ન હતું અને અંદરથી તેઓ કૂણા હતા. એમની નિછાવરી, ગાંધીજીપ્રેર્યા વિવિધ રચનાત્મક કાર્યક્રમો અંગે એમણે આપેલી સુદીર્ઘ સેવાઓ, સિદ્ધાન્ત ખાતર ગમે તેવો સંબંધ ને ગમે તેવો સ્વાર્થ જતો કરવાની તત્પરતા, આ સર્વની સાથે એમનો પ્રબળ લોકભાવ ભળતાં એમના વિચારો ત્વરાથી આંદોલનનું રૂપ ધરતા, ને પ્રતિ આંદોલનો પણ એટલી જ ત્વરાથી પ્રેરતા. એમની કુશાગ્ર બુદ્ધિ, વિવિધ વિષયોનું એમનું વાચન અને મનન, કેન્દ્રીય શ્રદ્ધાથી ઝટ નિર્ણય પર આવવાની ને પછી કોઈની સાડાબારી નહિ રાખવાની એમની ખાસિયત ગુજરાતના બૌદ્ધિકોમાં એમને માટે અનોખું સ્થાન નિર્મે છે. એ બૌદ્ધિક યોગીને આપણી અંજલિ હો. (વિવિધ દૈનિકો તથા શ્રી યશવંત શુક્લ યશોધર મહેતા આદિના લેખોમાંથી સંકલિત)

માણભટ્ટ

માણ એટલે ગાગર, પેટાળવે પહોળી ને મોઢે સાંકડી. મોં ખુલ્લું, એટલે તેના પર થાપ વાગતાં ઊંડો ઘેરો અવાજ નીકળે. પહેલાં માટીની વપરાતી, પછી તાંબાની થઈ. આવી માણ સાથે મહિનાઓ લગી કથા કરનાર, લોકોમાં માનવંતુંસ્થાન ધરાવનાર વ્યાસ, એ માણભટ્ટ. માણભટ્ટની પ્રથા કદાચ ગુજરાતની એક વિશિષ્ટ પરંપરા છે. આ પ્રથા ક્યારથી શરૂ થઈ હશે એ કદાચ સંશોધનનો વિષય ગણાય; પણ એટલું ખરું કે એ ઘણી પ્રાચીન હોવી જોઈએ. સાંભળવા પ્રમાણે પહેલાં માણને બદલે સિતાર



અને હાથમાં કરતાલ લઈને વ્યાસજી કથા કરતા. આ પ્રમાણે કથા કરવાની પ્રથા લુપ્તપ્રાય: થતી જાય છે.

માણભટ્ટ કેવા હોય? જ્ઞાતિએ બ્રાહ્મણ હોય. માથું ખુલ્લું હોય

તો પહેલાં ધારી રાખવાનો રિવાજ હતો. માથે પાઘડી, તેમાં વચ્ચે અને પાછળ સોનાના તોરાવાળી પટી, શરીરે ધોળું લાંબું અંગરખું, ચારે છેડે ધોતી, ગળામાં માળા, ખભા પર ખેસ, પગ ખુલ્લા: સામાન્યતઃ આ માણભટ્ટનો ચિતાર. આવાં વસ્ત્રોમાં સજ્જ માણભટ્ટ કે વ્યાસ પાટ પર આવીને બેસે. ઘણે ભાગે વીરાસનની ઢબે બેસે. પોતાની સમક્ષ માણને બરાબર ગોઠવે. આંગળીમાં વેઢ પહેરીને માણ પર તાલ મારે. મોટેથી અવાજ થાય. મંજિરાંવાળો સાથ આપે અને કથા શરૂ થાય. આવા માણભટ્ટ શેરીએ શેરીએ, લત્તે લત્તે બેસતા.

એમાં વલ્લભ વ્યાસ પ્રખ્યાત થઈ ગયા. તેમણે પોતે મહાભારતની કથા પદ્યમાં રચી છે. તેમને સાંભળવા હજારોની મેદની જામતી. એવાં બીજા થઈ ગયા લલ્લુભાઈ બાપુરામ ઓઝા. તેમના શિષ્ય ચૂનીલાલ ગોવિંદરામ પંડ્યા, ને તેમના પુત્ર પ્રખ્યાત માણભટ્ટ ધાર્મિકલાલ પંડયા.

માણભટ્ટની પાટ પર અનાજનો ઢગ રચાય. ચોખા, દાળ, લોટનાં સીધાં આવે. વ્યાસજીને દરરોજ ક્યાંક ને ક્યાંક જમણનું નોતરું હોય જ. પ્રસંગે કાપડ ને કપડાં, શાલ, અબોટિયું કે પાઘડી, એમ ભાત-ભાતનાં વસ્ત્રો આવે. વળી રોકડ નાણું પણ શ્રોતાઓ મૂકે, અને વાર-તહેવારે તો ખાસ એવી ટહેલ થાય. ખાવાનું, પહેરવાનું અને રહેવાનું સહેલાઈથી પતી જાય. માણભટ્ટને માટે જે આવે તેથી અધધધ થઈ જાય! વચ્ચે વચ્ચે કોઈ મોટી રકમ આવે કે સીધું આવે કે વસ્ત્રો આવે તો તેનું નામ દઈને 'જય'કાર પણ માણભટ્ટ પોકારે.

માણભટ્ટની પ્રતિષ્ઠા સમાજમાં મોટી. દેશની તળપદી સંસ્કૃતિની સર્વજનમાન્ય પ્રાણપોષક ધારાને આમ જે વહેતી રાખે તેના ભરણ-પોષણની જવાબદારી આખો સમાજ આપમેળે જ સ્વીકારી લેતો.

આવો માણભટ્ટ મહાભારતની કથાને નિમિત્તે જીવનના ઘણાખરા રસોનું આકંઠ પાન કરાવતો અને સમાજના સઘળા વર્ગોને એકતાંતણે સાંકળી રાખતો. જીવન તે વખતે પ્રાણથી ધબકતું, અને વિવિધતામાં એકતાનાં ભાષણો ત્યારે આપવાં પડતાં નહોતાં. (શ્રેયસ્ '૬૮)

જગતનું સૌથી મોટું પ્રકાશન

'નૅચરલ યૂનિયન કૅટલૉગ ઑવ ધ લાયબ્રેરી ઑવ કૉંગ્રેસ' નામની એક મહાકાય ગ્રંથસૂચિનું પૂર્વ ઇંગ્લંડમાં વિસ્બેક મુકામે હમણાં મુદ્રણ શરૂ થયું છે. એનું છાપકામ કરનાર સંસ્થા 'બાલ્ડિંગ ઍન્ડ મૅન્સેલ'ના મૅનેજિંગ ડિરેક્ટર મિ. ડેરેક હેન્ડ્રક્સે બી. બી. સી. પરની મુલાકાતમાં જણાવ્યા પ્રમાણે દરેક ૭૦૪ પાનાંના એવા કુલ ૬૧૦ ગ્રંથોમાં સંપૂર્ણ થનાર આ સૂચિ જ્યારે પૂરી થશે ત્યારે સોએક ફૂટ લાંબી અભરાઈ એને રાખવા જોઇશે અને આ બધા ભાગનું વજન સહેજે દોઢ ટન જેટલું થશે! તીવ્ર આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ઊભા રહીને અમેરિકા પાસેથી લગભગ ૫૦ લાખ પાઉન્ડનું આ મુદ્રણકામ મેળવીને આ બ્રિટિશ છાપ-ખાનાએ એક ગજબનું વ્યાપારી સાહસ સિદ્ધ કર્યું છે. દુનિયાભરનાં ગ્રંથાલયો અને અભ્યાસ કેન્દ્રો માટે જ આ ગ્રંથમાળાની ૧૫૦૦ થી ૨૦૦૦ નકલો જોઈશે. એટલે સતત દસ વર્ષ સુધી તો આ મુદ્રણસંસ્થા માત્ર આ મહાકાય ગ્રંથ જ છાપ્યા કરશે ત્યારે એ કામ પૂરું થશે.

સહેજે પ્રશ્ન થાય કે આ સૂચિગ્રંથ આટલો બધો વિસ્તૃત કેમ થયો હશે. પણ વૉશિંગ્ટનના આ એક જ ગ્રંથાલયનાં પુસ્તકોની યાદી માત્ર એમાં નથી. સમગ્ર યુનાઇટેડ સ્ટેટ્સ, કૅનેડા અને મેક્સિકોનાં મળી લગભગ ૨૦૦૦ પુસ્તકાલયોના ગ્રંથસંગ્રહની આ ગ્રંથાલય યાદી રાખે છે. માત્ર ઈ. ૧૯૫૬ સુધીનાં પ્રકાશનોની નોંધ માટે જ ૧૬૦ લાખ કાર્ડ વપરાયાં છે. વૉશિંગ્ટનમાં આ કાર્ડની પ્રાથમિક તારવણી કરી એ બધાં આ પેઢીને મોકલાતાં. અહીં એ ફરી ચીવટથી તપાસી એક ખાસ પ્રકારની ફોટોગ્રાફી અને યાંત્રિક તારવણી વડે એનું મુદ્રણ માટે જરૂરી એવું સંપાદન કરાતું. આ રીતે જો યાંત્રિક સહાય કે કૅમ્બ્રિજ કંસલ્ટન્ટે વિકસાવેલી ફોટોગ્રાફીની ખાસ પદ્ધતિ અજમાવવાને બદલે બધી મહેનત માણસોના હાથે જ કરાવી હોય તો કદાચ આ મહાકાર્ય પૂરું કરતાં સહેજે બસો વર્ષ લાગી જાયા બાલ્ડિંગ ઍન્ડ મૅન્સેલને અગાઉ આ રીતે જ બ્રિટિશ મ્યૂઝિયમનું કૅટલૉગ પણ છાપ્યાનો અનુભવ છે.

અનુસંધાન] પં. વિષ્ણુ દિગંબર પલુસકર [પૃષ્ઠ ૪૪થી

ઉપયોગી પુસ્તકોની પણ શરૂઆત કરીને સિતાર તથા મૃદંગ-વાદનના પ્રારંભિક શિક્ષણનાં બે પુસ્તકો પ્રગટ કર્યાં. તદુપરાંત સંગીતમાં આવતી લયબદ્ધતા ને વ્યાયામમાં આવતી લયબદ્ધતાનું સામ્ય યોજીને યુવાનો વ્યાયામ પ્રત્યે સંગીત દ્વારા રુચિ કેળવે તે માટે 'વ્યાયામ કે સાથ સંગીત' નામનું પુસ્તક પણ બે ભાગમાં પ્રગટ કર્યું, જેમાં 'માર્ચ' તથા 'ડબલ માર્ચ' માટે લયબદ્ધ સંગીત આપ્યું છે. વળી પ્રચારકાર્યમાં ઉપયોગી નીવડે તે માટે 'સંગીતામૃત પ્રવાહ' નામનું માસિક પણ ઘણો સમય ચલાવેલું. સંસ્કૃત ભાષામાં રહેલા સંગીતવિષયક સાહિત્યના વિપુલ વારસાને સુલભ કરવા 'નારદીય શિક્ષા' રૂપે હિંદીમાં પ્રગટ કર્યું.

આ લગભગ પચાસેક નાનાં મોટાં પુસ્તકોથી પણ એમનું કાર્ય મહાન ને મહત્ત્વનું લેખી શકાય તેવું છે, પરંતુ કદાચ એથી પણ મોટું કાર્ય તો સંગીતશિક્ષણનાં ક્ષેત્રોમાં ધગશથી પ્રગતિ થયા કરે એવા શિષ્યો તૈયાર કરવાનું એમણે કર્યું. એમની શિક્ષણપ્રણાલીનાં પરંપરાગત ઉચ્ચ રાગદારી તત્ત્વો પ્રત્યે વફાદારી ઉપરાંત વિદ્યાર્થી-ગાયક સ્વ-પરાયણ બનીને સ્વતંત્ર સાધના કરતો થઈ જાય એવી કેળવણી તેમણે આપી. આથી એમના દરેક મુખ્ય શિષ્યે સ્વયં પ્રતિભા અને જાત-મહેનતથી સ્વતંત્ર ઢંગ ઉપજાવવાનો સભાન પ્રયત્ન કરેલો જણાઈ આવે છે.

પં. વિષ્ણુ દિગંબરજીને વિખ્યાત ગ્વાલિયર ઘરાણાની સંગીત-પરંપરાનો વારસો એમના ગુરુ પં. બાલકૃષ્ણબુવા પાસેથી મળેલો. હદ્દુ-હસ્સુખાંની આ પરંપરામાં ખયાલ ગાયનનાં સર્વ અંગોનો યથોચિત પ્રયોગ ને સુવ્યવસ્થા આગળ તરી આવે એવાં છે. પહેલાં વિલંબિત ચીજ વ્યવસ્થિત રીતે પૂરી ગવાઈ જવી, તે પછી સ્થાયીનો આલાપ, તે પછી અંતરાનું અંગ ને તેનો વિસ્તાર, તે પછી નાની તાનો ને બોલ-તાનો, તે પછી મધ્ય લય યા દ્રુતલયની ચીજ ને વૈવિધ્ય સાચવીને આ-લાપ-તાનો: ગ્વાલિયર ઘરાણાનો આ આદર્શ. પરંતુ વિષ્ણુ દિગંબરજીએ તે ઉપરાંત એ શૈલીના પરંપરાગત ગુણોની સાચવણીની સાથોસાથ સ્વતંત્ર તત્ત્વો ઉપજાવવાની પણ પોતાના શિષ્યોને છૂટ આપેલી. પરિ-ણામે એમના પ્રમુખ શિષ્યોએ સ્વતંત્ર રીતે યા બીજા ઉચ્ચ કક્ષાના ઉસ્તાદોના સંગીતમાંથી ઉત્તમ અંશો આત્મસાત્ કરીને નવી નવી છટાઓ બતાવી છે. દાખલા તરીકે, પં. વિનાયકરાવ પટવર્ધને ગાએલા ભૂપ રાગનો 'ધિર કિટ તક ધિન્ ધિન્ના' ત્રિવટ લો, કે રાગ જયંત-મલ્હારનો 'ઋત આઈ સાવન કી'નો ખયાલ લો; પ્રો. નારાયણરાવ વ્યાસે ગાએલો રાગ અડાણાનો 'એરી મોહે જાને દે'નો ખયાલ કે દુર્ગાની સરળ ચીજ 'સખી મોરી રુમઝુમ' લો, કે પં. ઓમકારનાથ ઠાકુરે ગાએલો માલ-કંસ કે સુઘરાઇ રાગનો ઢંગ સાંભળો; કે પં. વામનરાવ પાધ્યે, પં. કશાલ-કર, પ્રો. દેવધર કે ખુદ પંડિતજીના પુત્ર પંડિત ડી. વી. પલુસકરને સાં-ભળો—આ સૌ, સ્વરોની સજાવટમાં, અલંકારોની પસંદગીમાં, મીંડ-લહકની ભાતમાં, તાનોની રવાનીમાં, અવાજના લગાવમાં, બોલ-બાંટની તરકીબમાં અને અદાયગીના ઢંગમાં એકબીજાથી નિરાળા છે. (આમાં ઘણાખરા દાખલા બહાર ઉપલબ્ધ થતી ગ્રામોફોન રેકોર્ડ્ઝના

જ લીધા છે, જેથી જિજ્ઞાસુ ઇચ્છે તો તે મેળવી સાંભળી શકે.)


પંડિતજી 'ચીજ'ની કવિતા અને શબ્દોની ભાવવ્યંજના પ્રત્યે પણ ખૂબ સજાગ હતા; આવું જ સજાગપણું એમના એક પ્રસિદ્ધ શિષ્ય પં. ઓમકારનાથમાં પણ હતું. એમની શૈલીમાં શબ્દો પ્રત્યે, તેના ઉચ્ચાર પ્રત્યે લાપરવાહી નથી, ઊલટું અત્યંત આદરથી શબ્દોની માવજત કરી એમાં રહેલી અનેક વ્યંજનાઓ સ્વરના સહારાથી ઊભી કરવાનું સામર્થ્ય દેખાય છે. એમની નીલાંબરી રાગની રજૂઆતમાં (જેમાં એમણે 'મિતવા બાલમવા, જાય બસે બિદેસવા'ની ચીજ ગાઈ છે) શબ્દધ્વનિ, અર્થધ્વનિ ને ભ વધ્વનિથી સ્વરો પૂરા રંગાઈ ગએલા લાગશે.

અનેક શિષ્યો દ્વારા અને પોતે સ્થાપેલા અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલયની અનેક શાખાઓ દ્વારા અભિજાત સંગીતનો પ્રચાર-વિસ્તાર કરનાર આ મહાન ઉપાસક વિષ્ણુ દિગંબરનું અંતઃકરણ ભક્તિ-રંગે રંગાએલું હતું, અને ઉત્તરાવસ્થામાં એમને તુલસીકૃત રામાયણ પ્રત્યે અત્યંત અનુરાગ થયો હતો. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં રામનામ ને રામધૂનમાં જ એમણે પોતાનું સંગીત વહાવેલું.


વિદ્વત્તા, પ્રચારકુશળતા, સર્જકતા, સંગીતમયતા અને સાત્ત્વિકતાનો વિરલ સંયોગ જેમનામાં હતો એ પંડિત વિષ્ણુ દિગંબરજીને આપણાં અનેક પ્રણામ હો. (આકાશવાણીના સૌજન્યથી)

અર્ધશિક્ષિત માટેનાં પુસ્તકોની ઈનામી-હરીફાઈ


ભારત સરકાર, શિક્ષણ મંત્રાલય, દિલ્હી તરફથી અર્ધશિક્ષિત (નીઓ લીટરેટ) માટેનાં પુસ્તકોની ૧૪મી ઈનામી-હરીફાઈ યોજવામાં આવી છે. આ અંગેનાં અરજી-ફૉર્મ મીનીસ્ટ્રી ઑફ એજ્યુકેશન (સેકશન એસ. ઈ.-૨) ગવર્નમેન્ટ ઑફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી-૧ને તા. ૩૧-૫-૬૯ સુધી મોકલી શકાશે. ફૉર્મ તથા વિગતો માટે પત્રવ્યવહાર કરવો.











દિલ્હીનાં દશ્યો : ફોટો · બલવન્ત ભટ્ટ

ડાબી બાજુ-મથાળેથી : ૧) પૃથ્વીરાજને હરાવીને ગાદીએ આવનાર પ્રથમ તુર્ક સુલતાન કુતબુદ્દીને બંધાવેલી, સૌપ્રથમ મસ્જિદ (કુતુબમિનાર પાસે આવેલી) 'કુવ્વત અલ ઈસ્લામ'ના અવશેષો, જેના જમણા ભાગમાં, અનંગપાળે બંધાવેલાં શિલ્પ-સમૃદ્ધ હિંદુ મંદિરોના અવશેષ રૂપ થાંભલા વગેરે સ્પષ્ટ જણાય છે; ૨) પાંડવોની મહાનગરી ઈન્દ્રપ્રસ્થ જે સ્થળે હતું ત્યાં શેરશાહે વસાવેલા દિલ્હીના અવશેષો, જે આજે 'પુરાણા કિલ્લા' નામથી ઓળખાય છે; ૩) ઈ. ૧૯૧૨માં બ્રિટિશ રાજધાની તરીકે બંધાવા શરૂ થએલા આજના 'ન્યૂ દિલ્હી'નું સૅક્રેટરીએટ. જમણી બાજુ મથાળેથી : ૧) 'પુરાણા કિલ્લા'માં આવેલી કિલા-ઈ-કુના' મસ્જિદ—જેની અગાશીમાં હુમાયૂંની લાયબ્રેરી છે; ૨) હુમાયૂંનો મકબરો. (જુઓ આ અંકમાં 'પચ્ચીસ વર્ષ પહેલાં')



ડાબી બાજુ: માતા (કલાકાર • ઇન્દ્ર દુગડ); નીચે: માછણો (કલાકાર • સુબ્રહ્મણ્યમ્)—આ બે તથા પૂઠા પરનું મળીને ત્રણે આલેખનો શાહી ભરેલી પીછીથી સીધા કાગળ ઉપર મુક્ત હાથે ઉતારેલાં છે; પણ ત્રણેમાં જે તફાવત છે તેમાં, રેખાનું લાવણ્ય જતું કરીને, સ્વસ્થ-પ્રસન્ન નહિ પણ ઊર્મિ ઉછાળ અભિવ્યક્તિના પ્રાધાન્યવાળી આધુનિક આવેગશૈલીનું પ્રભુત્વ પ્રતીત થશે.



વ્યક્તિવિશેષ : ચાર્લ્સ ડાર્વિન

માણસનો આદિ વડવો વાનર હોવાની શક્યતા રજૂ કરીને ગઈ સદીમાં ખળભળાટ મચાવી મૂકનાર ને



વિજ્ઞાન ઉપરાંત પણ અનેક ક્ષેત્રમાં એક નવી જ વિચારક્રાંતિ પેદા કરનાર ચાર્લ્સ ડાર્વિનનું નામ તો જગવિખ્યાત છે.

અલબત્ત, એ પહેલાં યે સર્જન વિષે કેટલાક નવા વિચારો પ્રકટ થએલા. બિશપ ઉશરે એવી કલ્પના કરેલી કે ઈ. સ. પૂર્વે ૪૦૦૪માં દુનિયાનું સર્જન થએલું. અકસ્માત મળી આવતાં 'ફૉસિલ્સ' એ પ્રલયકાળે નોઆની હોડીમાં ન લેવાએલાં પ્રાણીઓના અવશેષો છે એમ પણ મનાતું, ને સામાન્ય જનસમાજ તો બાઈબલમાં આપેલી સર્જનની વાતમાં જ શ્રદ્ધા ધરાવતો હતો.

ચાર્લ્સ ડાર્વિનનો જન્મ ૧૨ ફેબ્રુઆરી ૧૮૦૯માં ઈંગ્લંડમાં શ્રુઝબરી મુકામે. બચપણથી જ નમાયા બનેલા નાના ચાર્લ્સને ભણતર કરતાં ઘરઆંગણે જુદાજુદા વાયુઓ પર પ્રયોગ કરવામાં વધુ રસ હતો. એ પછી વૈદકના અભ્યાસમાં પણ એને ન ફાવતાં અંતે કમને કૅમ્બ્રિજમાં ધાર્મિક શિક્ષણ લેવા માંડયું. દરમિયાન એને ત્યારના વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી હેન્સ્લોનો પરિચય થયો. ડાર્વિનની આંતરિક શક્તિને પણ આ હેન્સ્લોએ જ પ્રથમ પિછાની હતી, અને એટલે જ એણે અભ્યાસ પછી ડાર્વિનને 'બીગલ' નામના સંશોધનાર્થે જતા એક જહાજમાં પ્રકૃતિવિદ્ તરીકે સાથે રાખવાની ભલામણ કરેલી. લાંબા સમયના આ કામમાં સંશોધનો કે અવલોકનોના વળતરમાં રોકડ કંઈ મળવાની આશા નહોતી; છતાં પિતાની અનિચ્છા વહોરીને પણ ચાર્લ્સ ઊપડયો. પાંચ વર્ષ સુધી એણે દ. અમેરિકાના ગૅલેપૅગૉસ નામના ટાપુઓમાં તથા પૅસિફિક ઓળંગી ઑસ્ટ્રેલિયા જતાં તે તે પ્રદેશની જીવસૃષ્ટિ, વનસ્પતિ ને ભૂસ્તરનાં જે સંખ્યાબંધ અવલોકનો કર્યાં તેના પરથી સર્જન વિષે બાઈબલમાં કરાએલા વર્ણનની સત્યતામાં એની શંકા દૃઢ થવા લાગી

એણે જોયું કે એક જ જાતિમાં યે કોઈ પણ બે જીવ કે બે બીજ એકસરખાં હોતાં નથી. વળી, આસપાસના સંજોગો ને વાતાવરણને અનુકૂળ થવાને જે શક્તિશાળી થઈ શકે એ જ વનસ્પતિ કે જીવ વિકાસ પામી શકે છે, બીજાં નહિ. પણ પોતાનું આ તારણ જાહેરમાં રજૂ કરતાં પહેલાં એ હજી વધુ પુરાવાઓ એકઠા કરવા ઇચ્છતો હતો.

દરમિયાન એણે ઇમા વેજવૂડ સાથે લગ્ન કર્યું, જેનાથી એની આર્થિક મુશ્કેલી ટળી ગઈ. પણ અનિદ્રા અને અવારનવાર નાનીમોટી માંદગીથી તો એ સદા પીડાતો રહેલો.


આખરે ૧૮૫૯માં એણે 'જાતિઓની ઉત્પત્તિ' વિષે લખવા માંડયું. જ્યારે ડાર્વિનનું આ પુસ્તક પ્રકટ થયું ત્યારે એમાં રજૂ થએલા તદ્દન નવા વિચારથી લોકો ડઘાઈ ગયા. એ મત પ્રમાણે તો માણસ વાનરનો વંશજ ગણાય એ કેમ સહન થાય? ડાર્વિનના સિદ્ધાંતથી ખ્રિસ્તી ધર્મની સર્જન વિષેની જૂની માન્યતા-

ના મૂળમાં જે ઘા પડ્યો એ એન
મુખ્ય કારણ હતું પણ એનાથી વિ:
તો એક નવો જ વળાંક આવ્યો. અ
નામે ફ્રાંસમાં પ્રચલિત નૈતિક ઘો
છાંડવા લાગ્યા. તો જર્મનો પોતાન
સર્વોત્તમ ગણવા લાગ્યા. પણ એ:
ન શાળાઓમાં નવાં સંશોધનોને:

ડાર્વિને આ ઉપરાંત પોતાની
વાળાના ખડકો, જીવડાં દ્વારા
રક્ષિત છોડ અને પ્રાણીઓમાં લાગ
જીવડાં ખાતા છોડ વગેરે બીજા ચ
પર પણ લખેલું.

ધીરેધીરે એના વિચારોનો સ
ગયો અને ૧૯ એપ્રિલ ૧૮૮૨માં
અવસાન થયું ત્યારે એને માન
મિન્સ્ટર ઍબીમાં સ્થાન આપવા

પ્રસંગવિશેષ : રુસો-જાપાન યુદ્ધ, ૧૦ ફેબ્રુઆરી ૧૯૦૪



કોરિયાને માર્ગે જાપાન, અને મંચૂરિયાને માર્ગે રશિયા ચીન પર પોતાની સત્તા સ્થાપ
હતા. ટ્રાન્સ-સાઇબિરીઅન રેલમાર્ગ નાખવાના અને બૅાક્સર વિગ્રહમાં મદદ કરવ
રશિયાએ ચીન પર પોતાની વગ વધારીને બારમાસી બંદર તરીકે પોર્ટ આર્થર હા
પોતાને માટે કોરિયા અને રશિયા માટે મંચૂરિયા રહે એવી કોઈ સંધિ માટે જાપ
સાથે વાટાઘાટો કરી પણ રશિયાની દાનતમાં શ્રદ્ધા ન રહી. સલામતી ખાતર ્
બ્રિટન સાથે મૈત્રિની સંધિ કરી, રશિયાથી પોતાના રાજદૂતો પાછા બોલાવી લઈ ્
૧૯૦૪)એ પોર્ટ આર્થર પર હુમલો કર્યો, અને ૧૦ ફેબ્રુઆરીએ રશિયા સામે સ
જાહેર કર્યું. યુરોપને આ 'પીળી આફતથી બચાવવાના પવિત્ર કાર્ય માટે'ઝાર નિકોલસે
જૂનાં નવાં યુદ્ધજહાજોનો એક જંગી કાફલો જાપાન પર ચડાઈ કરવા મોકલ્યો.
તદ્દન બિનઅનુભવી અમલદારો અને સૈનિકો માર્ગમાં અનેક છબરડા કરતા બાલ્ટિ
૧૬૦૦૦ માઈલની સફર ખેડી જ્યારે જાપાનની હદમાં આવ્યા ત્યારે જાસૂસો દ્વા:
રજેરજ વિગતોથી માહિતગાર જાપાનના નાનકડા પણ સુસજ્જ નૌકાદળે માત્ર પોણ
એને છિન્નભિન્ન કરી નાખ્યો. પોતાની વિશાળતાથી સમગ્ર યુરોપ અને અમેરિકા પ:
રાખતા રશિયાની અવ્યવહારુ યુદ્ધનીતિ, અણઘડ આવડત અને આંતરિક નબળાઈ
ગયાં. પૂર્વનો એક નાનો ગણાતો દેશ યુરોપના એક મહારાજ્યને હરાવી ગયો. પ
તટસ્થ—કોરિયા અને ચીનની ભૂમિ—પર ખેલાએલા અને આ સદીમાં પ્રથમ લ:
પ્રથમ યુદ્ધની ભવિષ્યના ઈતિહાસ ઉપર ઘણી અસર પડી.

---દોહરો---

આભ નહિ નિર્મલ સદા, જીવન નહિ વણક્લેશ;
પણ તેનો ધરીએ નહિ, વિષાદ ઉરમાં લેશ.


---'શેષ'---

બ્રિટિશ અમલમાં સમ્રાટ પાંચમા જ્યૉર્જ-ની ભારતની મુલાકાત વેળા સંગીતજ્ઞ પંડિત વિષ્ણુ દિગંબરજીને આમંત્રણ આપવામાં આવેલું, ત્યારે એમણે ઉત્તર આપેલો કે 'મારા હિંદુસ્તાનના રાજા (લોકમાન્ય તિલક) માંડલે (બ્રહ્મદેશ)ની જેલમાં બંદીવાન હોય ત્યાં સુધી હું આ રાજાનું મોં જોવા ઇચ્છતો નથી.'

અનેકાર્થી શબ્દ: ટંક=એક વખતનું કાર્ય (ઉ૦ એક ટંકનું ભોજન); આંબાની તેમજ કોઠાના ઝાડની એક જાત; સિક્કો; હાથીની એક જાત; કાંઠો તૂટેલું તળાવ; કુહાડો; કોપ કે ક્રોધ; ખજાનો કે કોષ; ટંકણખાર; તલવારનું મ્યાન; અભિમાન; મોતીના વજનમાં ૨૨૨ રતીનું માપ; પર્વતનું શિખર; શ્રી, ભૈરવ અને કાન્હડાના યોગથી થતો સંગીતનો એક રાગ; કાશ્મીરમાં થતું એક જાતનું શાક.

કાવ્યબદ્ધ કહેવતો:


સૂમ, શેળો ને કાચબો
પર ઘર પહોળા થાય;
સમય આવ્યે આપ ઘરે
સૌ સંકેલાઈ જાય.



ઊંચી બનાવટની કરવતોને મથાળે આ ઉપરના ચિત્રમાં બતાવી છે તેવી એક ટેશી આપેલી હોય છે; પણ ઘણાખરા તેનો ઉપયોગ જાણતા નથી હોતા. વહેરતી વખતે કાપમાં કાંકરી કે વહેર ભરાઈ જાય તો તે કાઢી નાખવા માટે તે રાખેલી હોય છે. કરવતને ઉલટાવી કાપમાં નાખીને ખેંચવાથી ટેશી કાપમાંના કચરાને બહાર કાઢી નાખે છે.

મારા નેવ્યાસી વરસના જીવનમાં જાતજાતના પ્રસંગો જોઈ, અનુભવો મેળવી હું એક પાઠ શીખ્યો છું, અને તે એ કે સાચે રસ્તે ચાલવું, હસીને બોલવું, નમ્રતા રાખવી, દંભ કે અહંભાવ રાખવો નહિ, અને સંસારમાં રહેવું હોય તો આ છેડે પણ નહિ, પેલે છેડે પણ નહિ, વચલે રસ્તે જવું.


દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી
(જેમનું આ જન્મશતાબ્દી વર્ષ છે)





ગાંધીજીએ આપેલાં સૂત્રો સાથેની રદ્દીકરણની આ બે ખાસ છાપ, ગત ગાંધીનિર્વાણદિન (૩૦ જાન્યુઆરી)થી એક પખવાડિયા માટે પોસ્ટઑફિસોમાં વાપરવામાં આવી હતી.

'મૅલેરિયા' શબ્દ ઈટાલિયન ભાષાના મૅલ-એરિયા=ખરાબ હવા, શબ્દ પરથી બન્યો છે. એ રોગ ગંદા હવાપાણીમાં ઊછરે છે.



કલાકણિકા: ભવનો અને મંદિરોમાં ઠંડો પ્રકાશ આણવા માટેની બારીઓને આપણા સ્થાપત્યમાં નાનાવિધ આકૃતિઓથી ખચિત જાળીઓ વડે મંડિત કરી છે. પણ કપરી ઠંડીવાળા પશ્ચિમમાં હવાને રોકીને પ્રકાશ આણવા સારુ કાચ અનિવાર્ય બન્યો. એ કાચબારીને કલાલક્ષ્મીની પગલીથી શુકનવંતી કરવા એમણે વિવિધ-રંગના કાચ-ટુકડાઓ જોડીને રચેલી કિસમ કિસમની આકૃતિઓ તેમાં યોજી. એવી, કોઈ સરદારના ઘરાણાના કુલચિહ્નથી શણગારેલી ઈંગ્લંડની ૧૪મી સદીની એક રંગીન કાચબારી (સ્ટેઈન ગ્લાસ વિન્ડો).